©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette

**[PUBLISHED BY AUTHORITY]**

**Vol. LXVII ]** **THURSDAY, JULY 30, 2026 / SRAVANA 08, 1948** **[ No. 31**

**Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation**


# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

### CONTENT

### Part I, Part I-A, Part I-B and Part I-L


| | | Pages | | | Pages |
|---|---|---|---|---|---|
| Part-I | Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette. | 1837-1892 | Part-I-B | Government Notifications, Published under Land Acquisition Act only. | 61 |
| Part-I-A | Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette. | 31 | Part-I-L | Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act. | 797-812 |


**પોલીસ કમિશનર દ્વારા**

**:: જાહેરનામું ::**

**-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે. -:**

ક્રમાંક: એસ.બી/ ઉત્તરાયણ તહેવાર/ ૦૧/૨૦૨૬.-આગામી તા.૧૪/૦૧/૨૦૨૬ ના રોજ સુરત શહેરમાં મકરસંક્રાતિ (ઉતરાયણ) પર્વની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને (૧) સુરત શહેર વિસ્તારમાં જાહેર માર્ગો/રસ્તાઓ કે મકાનના ભયજનક ધાબા ઉપર ચડીને લોકો પતંગ ઉડાડતા હોય છે. જેને લઇને વ્યકિતઓની જાનનું જોખમ ઉભુ થવાની સંભાવના રહેલી છે. (૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડતા હોય છે. (૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડતા હોય છે. (૪) કેટલાક લોકો જાહેર માર્ગ રસ્તા ઉપર પતંગ ઉડાડતા હોય છે. (૫) તેમજ કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઇપણ ધાતુના તારના લંગર બનાવી લઇને આમતેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરતા હોય છે. જેના કારણે ટ્રાફકી અવરોધ ઉભો કરતા હોય છે. તેમજ રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલીફોન/ઇલેક્ટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઇપણ ધાતુના તારના લંગર નાખી ટેલીફોન/ઇલેક્ટ્રીક તારમાં ભરાયેલા પતંગ કાઢવાના પ્રયત્ન કરે, જેના કારણે ટેલીફોન/ઇલેક્ટ્રીકના બે તાર (વાયરો) ભેગા થવાથી શોર્ટસર્કિટના કારણે અકસ્માતો સર્જાય ગંભીર બનાવો બનતા હોય છે. તેમજ આ પર્વના દિવસે શહેર

વિસ્તારમાં જાહેર માર્ગો ઉપર ગૌપાલકો દ્વારા જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરતા હોય છે અને આમ જનતા દ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયોને નાંખતા હોય છે. જેને અનુલક્ષીને જાહેરમાર્ગો(રસ્તાઓ) ઉપર ગાયો તથા બીજા પશુઓ દ્વારા ટ્રાફીક અવરોધ પેદા થતો હોય છે. (૬) ઘણાં લોકો પતંગ ઉડાડવા માટે ચાઈનીઝ દોરાનો ઉપયોગ કરતા હોય છે. આ ચાઈનીઝ દોરાઓ એકદમ ધારદાર હોવાને કારણે કોઇ વ્યકિતના શરીરના કોઇ ભાગમાં ઘસાવાથી શરીર ઉપર તિક્ષણ કાપાઓ પડે છે. જેના કારણે શારીરીક ગંભીર ઈજાઓ થવાના અને કયારેક અંગો કપાય જવાના બનાવો પણ બનતા હોય છે. તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને તેના મોતના બનાવો પણ બને છે. (૭) આ પર્વ નિમિત્તે સુરત શહેર વિસ્તારમાં ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન ખૂબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલકી કવોલીટીના સળગી જાય તેવા વેક્સ પદર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપત્તી ને નુકશાન થાય છે. તેમજ શહેરમાં એરપોર્ટ (એરોડ્રામ) આવેલ હોય, જેથી જાહેર જનતાની સલામતી તેમજ કાયદો અને વયવસ્થાની જાળવણી હેતુસર જાહેર હિતમાં કેટલાક જરૂરી પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

નામદાર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલનાઓએ અરજી નં.૩૮૪/૨૦૧૬ તથા૪૪૨/૨૦૧૬ ના કામે તા.૧૪/૧૨/૨૦૧૬ ના રોજ હુકમ કરી સમ્રગ દેશમાં કોઈપણ પ્રકારની સેન્થટીક દોરી કે જે નાયલોન, સેન્થેટીક મટીરીયલ, સેન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેડેબલ હોય કે જેના ઉપર કાચ અને લોખંડ કે અન્ય હાનિકારક તત્વોનો લેપ ચડાવી દોરા તૈયાર કરેલ હોય તેવા દોરા મેળવવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા, ઉપયોગ કરવા, ઉત્પાદન કરવા કે તેનાથી પતંગ ઉડાડવા ઉપર પ્રતિબંધ જાહેર કરેલ છે.

તેમજ ગૃહવિભાગ સચિવાલય ગાંધીનગરના પત્રક્રમાંક:- HD/MIS/e-file/B/2025/0778/SB તા.૧૭/૦૯/૨૦૨૫ થી શરદ પુર્ણિમાથી દેવદિવાળી તથા નવેમ્બર માસના પ્રથમ અઠવાડીયાથી જાન્યુઆરી માસની ૧૬ તારીખ સુધી જાહેરનાંમુ બહાર પાડવા તેમજ ચાઇનીઝ તુક્કલ, પ્રતિબંધ અંગે જનજાગૃતિના કાર્યક્રમો કરવા જણાવેલ.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે, સુરત શહેર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ સેન્થેટીક, પ્લાસ્ટિક દોરી, ચાઈનીઝ તુક્કલ, ખરીદવા, આયાત કરવા, વેચાણ કરવા, કબજા કરવા, સંગ્રહ કરવા, ઉડાડવા ઉપર નીચે મુજબ પ્રતિબંધ ફરમાવુ છું.

**::પ્રતિબંધીત કૃત્યો::**

1. કોઇ પણ વ્યકિતએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા / ફૂટ પાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા ઉપર.

2. પતંગ ચગાવવા (ઉડાડવા) માટે માટે વપરાતી નાયલોન દોરી કે જે નાયલોન, સેન્થટીક મટીરીયલ, કે સેન્થટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન-બાયોગ્રેડીબલ હોય તે ચાઈનીઝ દોરી મેળવવા. સંગ્રહ કરવા, વેચાણ કરવા, અને તેનાથી પતંગ ચગાવવાના ઉપયોગ કરવા પર.તેમજ પતંગ ઉડાડવાથી કપાયેલ પતંગ/દોરી પકડવા પર.

3. કોઇ પણ પ્રકારના સેન્થટીક પ્રકારના દોરા, સુતરાઉ દોરા કે બીજા કોઇ પણ પ્રકારના દોરા લોખંડનો પાઉડર અથવા કાચનો ભુકો/પાઉડર કે અન્ય કોઇ પણ નુકશાનકારક પદાર્થ ચઢાવવામાં આવી તૈયાર કરવામાં આવેલ હોય તેવા દોરા મેળવવા, સેન્થટીક મટીરીયલ કોટીંગ થ્રેડ ખરીદવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા, તેનો ઉપયોગ કરવા, ઉત્પાદન કરવા, કે તેનાથી પતંગ ચગાવવા/ઉડાવવા માટે તેનો ઉપયોગ કરવા પર.

4. ઓનલાઇન પ્લેટફોર્મ મારફત વેચાતા ચાઈનીઝ માંઝા/ પ્લાસ્ટિક દોરી/ ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વેચવા પર.

5. દરેક સામાવાળોએ સેન્થટીક માંઝા/નાયલોન દોરી અથવા તેના જેવા સેન્થટીક કોટેડ દોરાની આયાત પર.

6. સવારના કલાક ૦૬/૦૦ થી ૦૮/૦૦ ના ગાળા દરમ્યાન પક્ષીઓ તેમના માળામાથી બહાર તથા પરત માળામાં આવવાનો સમય હોવાથી તે દરમ્યાન પતંગના દોરાથી પક્ષીઓ વધુ ઘાયલ તથા ઈજાગ્રસ્ત થાય છે. તેથી તે સમય ગાળા દરમ્યાન પતંગ ઉડાવવા પર.

7. ચાઈનીઝ તુક્કલ ઉડાવવા, ખરીદવા, આયાત કરવા, વેચાણ કરવા, કબજા કરવા, સંગ્રહ કરવા પર.

8. આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા ઉપર.

9. આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર.

**:: અમલવારીનો સમય અને વિસ્તાર ::**

સુરત શહેર પોલીસ કમિશ્નર હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૫/૦૧/૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા.૧૬/૦૧/૨૦૨૬ ના ક.૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**::શિક્ષા::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસટ્ન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ : ૦૨/૦૧/૨૦૨૬ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

------------------

**:: જાહેરનામું ::**

**-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે. :-**

ક્રમાંકઃ એસ.બી/ રાજ્ય વેરા-નિરીક્ષક -પરીક્ષા/૦૨/૨૦૨૬.-આગામી તા.૦૪/૦૧/૨૦૨૬ના રવિવારના રોજ કલાક ૧૧/૦૦ થી ૧૩:૦૦ વાગ્યા દરમ્યાન ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ ની પ્રાથમિક કસોટી સુરત શહેર ખાતે નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલો/હાઈસ્કુલો)માં લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હુ અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેરમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

**:: પ્રતિબંધિત કૃત્યોની યાદી ::**

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા /લાવવા લઈ જવા પર પ્રતિબંધ.

**:: પ્રતિબંધિત વિસ્તાર ::**

સુરત શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોગ રૂમો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

**વેરા-નિરીક્ષક પરીક્ષા કેન્દ્રોની વિગત દર્શાવતું પત્રક.**

| અ.ન. | પરીક્ષા કેન્દ્રનું નામ | |
|---|---|---|
| | ટેલી.નં- ૨૬૬૯૪૨૮ ઉમરા પો.સ્ટે. | PI શ્રી જે.એ.રાઠવા ૯૮૨૫૮૧૯૧૯૮ |
| ૧ | શારદાયતન હાઇસ્કુલ ગુજરાતી મિડીયમ, પીપલોદ, સુરત | |
| ૨ | શારદાયતન હાઇસ્કુલ અંગ્રેજી મિડીયમ,પીપલોદ,સુરત | |
| ૩ | કે.પી.સંઘવી વીદ્યાલય, યુનિટ-૧, શ્રી ભારતીમૈયા વિદ્યાસંકુલ વેસુ | |
| ૪ | શેઠ ડી.આર.ઉમરીગર મેમોરીયલ સ્કુલ,અંગ્રેજી માધ્યમ, ઉમરા સુરત. | |
| ૫ | શેઠ ડી.આર.ઉમરીગર મેમોરીયલ સ્કુલ ગુજરાતી માધ્યમ, ઉમરા સુરત. | |
| ૬ | લાન્સર આર્મી સ્કુલ લંડન હાઉસ ડુમસ રોડ પીપલોદ વેસુ પાટીયા સુરત. | |
| ૭ | ડો.એ.સી.લાપસીવાલા- યુનિટ-૧ અં.માધ્યમિક રૂઢેનાથ મહાદેવ રોડ, મગદલ્લા, સુરત | |
| ૮ | એસ.વી.પી.સેકન્ડરી સ્કુલ લેકવ્યુ ગાર્ડન, પીપલોદ સુરત. | |
| ૯ | સી.બી.ભંડારી સરસ્વતી વિદ્યાભવન, મગદલ્લા સીટી, ડુમસ રોડ સુરત | |
| ૧૦ | રાયન ઇન્ટરનેશનલ સ્કુલ ડુમસ રોડ સુરત | |

| | | |
|---|---|---|
| ટેલી.નં.- ૨૭૬૬૧૫૨ રાંદેર પો.સ્ટે. PI શ્રી આર.જે. ચોધરી ૯૦૯૯૦-૨૧૨૮૭ | | |
| ૧૧ | સંસ્કારભારતી વિદ્યાલય, ગુ.મા., પાલનપુર પાટીયા, સુરત | |
| ૧૨ | સંસ્કારભારતી વિદ્યાલય, ઇ.મા., પાલનપુર પાટીયા, સુરત | |
| ૧૩ | પ્રેસીડેન્સી સ્કુલ, પ્રગતિ સોસા. સુદામા હોટલની પાછળ, તાડવાડી, રાંદેર, સુરત | |
| ૧૪ | એમ.એ. બોયસ સેકન્ડ્રી સ્કૂલ ગોરાટ સુરત ગોરાટ રાંદેર રોડ | |
| ૧૫ | એમ.એ. ગલ્સ સેકન્ડ્રી સ્કૂલ ગોરાટ સુરત ગોરાટ રાંદેર રોડ | |
| ૧૬ | પીપરડીવાલા ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કુલ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, રાંદેર, સુરત. | |
| ૧૭ | એ.એમ.મુલ્લા & એમ.એન. ગર્લ્સ હાઈસ્કુલ હનુમાન ગલી રાંદેર સુરત | |
| ૧૮ | એમ.એમ.પી. હાઈસ્કુલ બોટલાવાલા માર્ગ, રાંદેર | |
| ટેલી.નં.- ૨૭૩૨૬૭૪ અડાજણ પો.સ્ટે. PI શ્રી વી.એ.જોગરાણા ૮૧૬૦૦ ૭૨૩૬૪ | | |
| ૧૯ | શ્રી સરસ્વતી વિદ્યાલય, હનીપાર્ક, અડાજણ, સુરત | |
| ૨૦ | શ્રીમતિ વી.ડી.દેસાઈ વિદ્યાલય, સેકન્ડરી સ્કુલ, ભુલકા ભવન, અડાજણ મેઈન રોડ, સુરત | |
| ૨૧ | એલ.એચ. બોઘરા હાઈસ્કુલ,યુનિટ-૧ અડાજણ રોડ, પાણીની ટાંકી સામે, સુરત. | |
| ૨૨ | સેન્ટમાર્કસ હાઈસ્કુલ કરણપાર્ક પાછળ, હરીદ્વાર સોસા. પાસે અડાજણ સુરત. | |
| ૨૩ | શ્રીમતિ એલ.એન.બી. દાલીયા હાઈસ્કુલ કવિ કલાપી ગાર્ડન પાસે અડાજણ સુરત. | |
| ૨૪ | એલ.પી.સવાણી વિદ્યાભવન, (ગુજરાતી, માધ્યમ), એલ.પી.સવાણી સર્કલ, હનીપાર્ક રોડ, | |
| ૨૫ | સીટીઝન સેકેન્ડરી સ્કુલ હનીપાર્ક રોડ અડાજણ સુરત | |
| ૨૬ | રીવરડેલી એકેડમી પાલ પમ્પીંગ સ્ટેશન ,અડાજણ સુરત | |
| ટેલી.નં.- ૬૩૫૯૬ ૨૫૮૩૭ પાલ પો.સ્ટે. PI શ્રી એસ.એ.શાહ ૯૯૯૮૦૫૯૮૮૫ | | |
| ૨૭ | સરદાર પટેલ વિદ્યાલય, પાલ, અડાજણ | |
| | કુલ | |

**નોંધ :- સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કુલ-૨૭ કેન્દ્રો છે.**

**સ્ટ્રોંગરૂમ: જીલ્લા તિજોરી, જીલ્લા સેવા સદન-૧ અઠવા લાઈન્સ, સુરત.**

**:: અપવાદ ::**

**વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચે નાઓને લાગુ પડશે નહી.**

(૧) ઉપરોકત પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

**:: અમલવારીનો સમય ::**

આ હુકમ તા.૦૪/૦૧/૨૦૨૬ ના ક.૦૦/૦૦ થી તા.૦૪/૦૧/૨૦૨૬ ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ : ૦૨/૦૧/૨૦૨૬ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

**અનુપમ સિંહ ગહલૌત,**
પોલીસ કમિશનર,
સુરત શહેર.

------------------

વંચાણે લીધા:

(૧)ગુજરાત સરકાર ગૃહ વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/SB2 મુજબ

(૨)પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર ની કચેરીના ક્રમાંક: જી-૧/ક્રાઇમ/ટે-૨/સ્કાય લેન્ટર્ન/૧૧૩૨/૨૦૨૫ તા.૧૨/૧૧/૨૦૨૫

## જાહેરનામું

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનીયમ એકટ સને-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ),૩૩(૧)(ભ),૧૧૩ અન્વયે.**

ક્રમાંક :G/CP/વિ.શા./મકરસક્રાંતિ જાહેરનામું/૪૫/૨૦૨૬.-આગામી તા.૧૪/૦૧/૨૦૨૬ ના રોજ વડોદરા શહેરમાં મકરસંક્રાતિ (ઉતરાયણ) પર્વની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને (૧) વડોદરા શહેર વિસ્તારમાં જાહેર માર્ગો /રસ્તાઓ કે મકાનના ભયજનક ધાબા ઉપર ચડીને લોકો પતંગ ઉડાડતા હોય છે. જેને લઇને વ્યકિતઓની જાનનું જોખમ ઉભું થવાની સંભાવના રહેલી છે. (૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડતા હોય છે. (૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડતા હોય છે. (૪) કેટલાક લોકો જાહેર માર્ગ રસ્તા ઉપર પતંગ ઉડાડતા હોય છે. (૫) તેમજ કપાયેલા પતંગી અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઇપણ ધાતુના તારને લંગર બનાવી લઇને આમ તેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરતા હોય છે. જેના કારણે ટ્રાફિક અવરોધ ઉભો કરતા હોય છે. તેમજ રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલીફોન/ઇલેક્ટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઇપણ ધાતુના તારના લંગર નાખી ટેલીફોન/ઇલેક્ટ્રીક તારમાં ભરાયેલા પતંગ કાઢવાના પ્રયત્ન કરે જેના કારણે ટેલીફોન/ઇલેક્ટ્રીકના બે તાર (વાયરો) ભેગા થવાથી શોર્ટ સર્કિટના કારણે તથા શોર્ટ સર્કિટના કારણે તાર તુટી જવાના કારણે અકસ્માતો સર્જાય, ગંભીર બનાવો બનતા હોય છે. અને અકસ્માત થવાની સંભાવનાઓ રહેલી છે. તેમજ આ પર્વના દિવસે શહેર વિસ્તારમાં જાહેર માર્ગો ઉપર ગૌપાલકો દ્વારા જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરતા હોય છે અને આમ જનતા દ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયોને નાંખતા હોય છે, જેને અનુલક્ષીને જાહેરમાર્ગો(રસ્તાઓ) ઉપર ગાયો તથા બીજા પશુઓ દ્વારા ટ્રાફીક અવરોધ પેદા થતો હોય છે. (૬) ઘણાં લોકો પતંગ ઉડાડવા માટે ચાઈનીઝ દોરાનો ઉપયોગ કરતા હોય છે. આ ચાઈનીઝ દોરાઓ એકદમ ધારદાર હોવાને કારણે કોઇ વ્યકિતના શરીરના કોઇ ભાગમાં ઘસાવાથી શરીર ઉપર તિક્ષણ કાપાઓ પડે છે. જેના કારણે શારીરીક ગંભીર ઇજાઓ થવાના અને ક્યારેક અંગો કપાય જવાના બનાવો પણ બનતા હોય છે. તેમજ પક્ષીઓને ઇજાઓ થવાના અને તેના મોતના બનાવો પણ બને છે. (૭) આ પર્વ નિમિત્તે વડોદરા શહેર વિસ્તારમાં ચાઇનીઝ લેન્ટર્ન, ચાઇનીઝ તુક્કલ, ચાઇનીઝ લેન્ટર્ન ખૂબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલકી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપત્તીને નુકશાન થાય છે. તેમજ શહેરમાં એરપોર્ટ (એરોડ્રામ) આવેલ હોય, જેથી જાહેર જનતાની સલામતી તેમજ કાયદો અને વયવસ્થાની જાળવણી હેતુસર કે જાહેર હિતમાં પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

**સ્પષ્ટીકરણ:**

"પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચોખાના લોટ, મેંદો, છોડ આધારિત ગુંદર અને અન્ય સમાન કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેસિવની મદદથી કાચના પાવડરનું કોટિંગ કરેલ ઓછી તિક્ષણ-શક્તિ ધરાવતો કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તૂટી શકે તેવો હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલ હોય તથા તેમાં તમામ ઘટકો બાયો-ડિગ્રેડેબલ પદાર્થો હોવા જોઇએ તથા કોટનના દોરા પર કોટિંગ માટેનો કાચનો પાવડર ૧૦% થી વધુ ન હોવો જોઇએ, જ્યારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦%, મેદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪ કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાચનો પાવડર, જે કોટિંગ પદાર્થનો ૧૦% હોઈ શકે છે, પરંતુ તે કોટનના માંજાના કુલ વજનના ૦.૫% થી વધુ ન હોવું જોઇએ તેવો કોટનનો માંજો/દોરી વાપરી શકાશે."

વાસ્તે, હું નરસિમ્હા કોમાર આઈ.પી.એસ. પોલીસ કમિશ્નર વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(૧)(ખ), ૩૩(૧)(ભ), ૧૧૩ મુજબ મને મળેલ સત્તાની રૂપે વડોદરા શહેરમાં ફરજ બજાવતા અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.હેડ કોન્સ.નો હોદો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એકટ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું અને નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**પ્રતિબંધીત કૃત્યોઃ-**

(૧) ચાઈનીઝ તુક્કલ / લેન્ટર્ન તથા ચાઈનીઝ માંઝા ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયનોલ થ્રેડ દોરી, નુ ઉત્પાદન, વેચાણ, સંગ્રહ, અને ઉપયોગ ઉપર.

(૨) કોઇ પણ વ્યકિતએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા / ફૂટ પાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાવવા ઉપર.

(૩) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા ઉપર,

(૪) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર,

(૫) શહેરમાં ટ્રાફિકની સમસ્યાઓ ન સર્જાય તે માટે કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઇપણ ધાતુના તારના લંગર બનાવીને આમ તેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરવા ઉપર તેમજ ટેલીફોન કે ઇલેકટ્રીકના તાર ઉપર લોખંડ કે કોઇપણ ધાતુના તાર, લંગર (દોરી) નાખવા ઉપર તેમજ તારમાં ભરાયેલા પતંગ કે દોરી કાઢવા ઉપર.

(૬) કોઇપણ વ્યકિતઓ દ્વારા જાહેર માર્ગ ઉપર ઘાસચારાનું વેચાણ કરવા ઉપર તેમજ જાહેર રસ્તા ઉપર ગાયો/ પશુઓને ઘાસચારો નાખી ટ્રાફીક અવરોધ ઉભો કરવા ઉપર

(૭) કોઇપણ પ્રકારના પ્લાસ્ટીક, પાકા સિન્થેટીક મટીરીયલ, ટોકસ્ટીક મટીરીયલ, લોખંડ પાઉડર,કાચ તથા અન્ય હાનિકારક પદાર્થનો ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી નાયલોન/ચાઇનીઝ માંઝાના પાકા દોરા તથા પ્લાસ્ટીક ચાઇનીઝ બનાવટના ચાઇનીઝ દોરા તથા આયાતી દોરાની આયાત કરી ખરીદ, વેચાણ, સંગ્રહ અને વપરાશ કરવાઉપર તેમજ આવા દોરાનો ઉપયોગ કરી પતંગો ઉડાડવા ઉપર.

**-: અમલવારીનો સમય :-**

આ જાહેરનામાનો અમલ તા.૦૬/૦૧/૨૦૨૬ ના કલાક ૦૧:૦૦ થી તા.૧૬/૦૧/૨૦૨૬ ના કલાક ૨૪:૦૦ સુધીનો રહેશે.

**-: વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-: શિક્ષા :-**

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા જી.પી.એકટ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૦૩ /૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકા કરી આપેલ છે.

------------------------

**:: જાહેરનામું ::**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ એક્ટ કલમ ૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે કાઢેલ. :**

ક્રમાંક :G/CP/વિ.શા./ધ્વનિ પ્રદૂષણ જાહેરનામું/૪૭/૨૦૨૬.–વડોદરા શહેરમાં કોઈ પણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરુરી છે.

દરેક માઈક સીસ્ટમવાળા.એ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા.૧૪/૦૫/૨૦૧૦થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે.

જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**:: નોઈઝ સ્ટાન્ડર્ડ ::**

| એરીયા કોડ વિસ્તાર | | ડેસીબલ DB(A) Leq | |
|---|---|---|---|
| | | સવારના ક.૦૬:૦૦ થી રાત્રીના ક.૨૨:૦૦ | રાત્રીના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬: ૦૦ |
| એ | ઔદ્યોગીક | ૭૫ | ૭૦ |
| બી | વાણિજય | ૬૫ | ૫૫ |
| સી | રહેણાંક | ૫૫ | ૪૫ |
| ડી | શાંત વિસ્તાર | ૫૦ | ૪૦ |

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

**તા.૧૧/૦૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આર્કષક બાબતો નીચે મુજબ છે.**

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬:૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

**-:: હુકમ ::-**

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S. પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/ એમ. અન્વયે જે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૪ નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનર શ્રી, સંયુકત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓને એકઝી.મેજી.તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**-:અમલવારીનો સમય:-**

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તા.૭/૧/૨૦૨૬ ના કલાક:૦૧-૦૦ થી તા.૨૧/૧/૨૦૨૬ ના કલાક: ૨૪-૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

**-: વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રી હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**-: પ્રતિબંધિત કૃત્ય :-**

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર વડોદરા શહેરના પોલીસ કમિશનરની હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહી.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો /ગીતોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/ કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાર્ન્ડડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો નો અને જોગવાઈ ઓનો ઉલંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

૫. વાહનોમાં સાઉન્ડ લિમિટરના ઉપયોગ વગર સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવી નહી.

૬. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯ના નોટિફિકેશન નં-GPCB/LGL: NGT:GENERAL:115(2)/528796 મુજબ કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/વાહન-ચાલક/કોઈપણ એજન્સી કે વ્યકતિએ સાઉન્ડ લિમિટર (ધ્વનિ નિયંત્રક) વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડ સ્પીકર/સાઉન્ડ સિસ્ટમનુ વેચાણ/ખરીદી/સપ્લાય કે ઉપયોગ કરવો નહી.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

**-:: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો ::-**

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો.સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી ૭-દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનિય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. વડોદરા શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજ નું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પરવાનગી મેળવીને ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાત્રીના ક.૨૨:૦૦ થી વહેલી સવારના ક.૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

**નોંધ :-**ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૨૨:૦૦ ના જગ્યાએ ક.૨૪:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/ અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

**નોંધ:-**કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરનાં પોલીસ અધિકારી ધ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્યો માંથી નંબર-૬(છ) ઉપર દર્શાવેલ કૃત્યોમાં કોઇપણ સંજોગોમાં કોઇપણ છુટછાટ મળશે નહી અર્થાત તમામ સંજોગોમાં સાઉન્ડ લિમિટર લગાવવાનુ રહેશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદાર, મેનેજર, સંચાલકની વિરુધ્ધ  કાયદેસરની કાર્યવાહી કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૩/૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

------------------------

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.**

ક્રમાંક :G/CP/વિ.શા./ચાર કરતા વધુ જાહેરનામું/૪૮/૨૦૨૬.–વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતીમાં આગામી દિવસોમાં તહેવારો તથા જુદી- જુદી શોભાયાત્રાઓ અને ધરણા, રેલીઓના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. અને ભુતકાળમાં આતંકવાદી હુમલાનો બનાવ બનવા પામેલ છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહી થવા ઉપર ને કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરુર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રુએ વડોદરા શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

**-: પ્રતિબંધિત કૃત્યો :-**

વડોદરા પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે, ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહી. તેમજ કોઈ સભા ભરવી કે, બોલાવવી નહી અને કોઈપણ જાતની સભા -સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**-: અપવાદ :-**

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રાને, લગ્નના વરઘોડાને લાગુ પડશે નહિ.

**-:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::-**

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત આ હુકમનો અમલ તારીખ:૭/૧/૨૦૨૬ ના કલાક ૦૧:૦૦ થી તારીખ:૨૧/૧/૨૦૨૬ ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

**-:: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા હે.કો અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ-૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૩/૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

-----------------------

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે.**

ક્રમાંક :G/CP/વિ.શા./અનઅધિ.વ્યક્તિ જાહેરનામું/૪૯/૨૦૨૬.–પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જીલ્લા કલેકટરશ્રીની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય છે તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

જેથી હું નરસિમ્હા કોમાર I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે,

પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં જેવી કે જીલ્લા કલેકટરની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે, તેમજ જયાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી વડોદરા શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય, તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ અનઅધિકૃત વચેટીયા કામ કરતા ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**-: અમલવારીનો સમય :-**

આ જાહેરનામાનો અમલ તા.૭/૧/૨૦૨૬ ના કલાક ૦૧:૦૦ થી તા.૨૧/૧/૨૦૨૬ ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

**-: અમલવારીનો વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હુકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-: શિક્ષા :-**

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ અને ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫ ની કલમ.(૩) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ્માં વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તેમજ જી.પી.એક્ટ કલમ.૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૩/૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

-----------------------

## જાહેરનામું

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ એકટ સને-૧૯૫૧ ની કલમ- ૬૩(એ)(૨) અન્વયે**

ક્રમાંક:G/CP/વિ.શા./સૈન્ય ગણવેશ જાહેરનામું/૫૦/૨૦૨૬.–(૧) ભૂતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યનો ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, તેમજ બનાસકાંઠા જિલ્લામાં પણ બે વ્યક્તિઓ સૈન્ય ગણવેશ પહેરી ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતાં પકડાયેલા અને આ સિવાય અગાઉ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

(૨) રાજયમાં વિવિધ શહેર/જીલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્રારા દેશદ્રોહી/ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ઉપયોગ થવાનો સંભવ હોય છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. જેથી આ બાબતે સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

(૩) જેથી સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૮,૨૦૪ અને ૨૦૫ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોના વેચાણ ભાડે,ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય, જેથી આ સબંધેનું જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૬૩ (એ)(૨) થી મળેલ સત્તાની રૂએ વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર,વડોદરા શહેર આથી હુકમ કરૂ છુ. વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેના ઉપયોગ ઉપર સબંધિત પોલીસ સ્ટેશનમાં જરૂરી માહિતી આપ્યા સિવાય પ્રતિબંધ ફરમાવુ છુ.

જેથી શસ્ત્ર દળોનો ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણ/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરૂરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે તેમજ તે અંગેનું રજીસ્ટર વેચાણ કરનાર વ્યક્તિ/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

| **ભાડે/વેચાણ લઈ જનારની વિગત** | | | | | | **સાધનોની વિગત** | | **વિગત** | | **ભાડે લઈ જનારની સહિ** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં | ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામુ. | મો.નં. | હેતુ | વિસ્તાર | આઈ.ડી. પ્રુફની વિગત | વિગત | સંખ્યા | ભાડે આપ્યાની તારીખ | સમય | |
| | | | | | | | | | | |

**-: અમલવારીનો સમય :-**

આ જાહેરનામાનો અમલ તા.૭/૧/૨૦૨૬ ના કલાક ૦૧:૦૦ થી તા.૨૧/૧/૨૦૨૬ ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

**-: વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-: અપવાદ :-**

જે વ્યક્તિઓ ભારત સરકારના સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતાં હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓને આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યક્તિઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

**-: શિક્ષા :-**

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૪૩(એ)(૨) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરનો દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એકટ. કલમ-૧૪૩(એ)(૨) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૩/૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

-----------------------

**જાહેરનામુ**

**ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ના ૨૨નાં અધિનિયમની કલમ - ૩૭(૧) અન્વયે.**

ક્રમાંક :G/CP/વિ.શા./હથિયાર બંધી જાહેરનામું/૫૧/૨૦૨૬.–વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેર પોલીસ કમિશનર હુકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂકનો ઉપયોગ થાય છે, અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂ છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તા.૨૫/૦૮/૨૦૨૫ના કલાક:૦૧/૦૦ થી તા.૦૮/૦૯/૨૦૨૫ ના કલાક:૨૪/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

**-: પ્રતિબંધિત કૃત્યો :-**

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ચપ્પુ, ખંજર, તથા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવના ચોક્કસ કારણ સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, તથા સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ સ્ફોટક ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના, અથવા નાંખવાના યંત્રો અથવા કે સાધનો લઈ જવા અંગે એકત્રીત કરવા અથવા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવા ઉપર.

(જ) વ્યક્તિ, અથવા તેના શબ, અથવા આકૃતિઓ અથવા પૂતળા બાળવા/લટકાવવા/દેખાડવા કે પૂતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બૂમો પાડવા, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવા ઉપર.

(ઠ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા, દેખાડવાની અથવા ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**-:: વિસ્તાર ::-**

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-: અપવાદ :-**

આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય, તેવી વ્યકિતને લાગુ પડશે નહી.

**-:: શિક્ષા ::-**

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૩/૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

----------------------

## જાહેરનામુ

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.**

ક્રમાંક :G/CP/વિ.શા./ઘરઘાટી/૫૨/૨૦૨૬.–છેલ્લાં કેટલાય સમયથી વડોદરા શહેરમાં બનેલ ગંભીર ગુન્હાઓમાં ઘરઘાટી/ નોકરની સંડોવણી જણાયેલ છે. જે જોતાં ઘરઘાટી/નોકર તથા નોકરી પર રાખવામાં આવેલ કર્મચારી જાહેર સુલેહશાંતિને કેટલાંક માણસની જીંદગીની ખુવારી તથા લોકોની સંપતિને નુકશાન પહોંચાડી રહેલ છે.

મહદઅંશે ઘરઘાટી/નોકરો/નોકરી ઉપર રાખવામાં આવેલ કર્મચારી શહેર બહારના હોય છે અને ગુન્હો કરી જતાં રહેતાં હોય છે, તેઓ વિશે માલિક પાસે અગર પોલીસ પાસે માહિતી હોતી નથી. પરીણામે તેઓને પકડવા મુશ્કેલ ભર્યુ બને છે. જેથી ઘરઘાટી/ નોકરો /નોકરી ઉપર રાખવામાં આવતા કર્મચારીને નોકરી રાખતા માલિકો ઉપર થોડા નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં કોઈ મકાન માલિક/મકાન ભાડુઆત, તમામ પ્રકારના હોટેલ, રેસ્ટોરેન્ટ, આહાર ગૃહો, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, રેસ્ટ હાઉસ, જીમ, હેલ્થક્લબ, રીસોર્ટ, સ્પા, ના માલિકો જ્યારે કોઈ વ્યક્તિને ઘરઘાટી/નોકર/નોકરી ઉપર રાખવામાં આવતા કર્મચારી ને કામ પર રાખે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને તેવા કામ ઉપર રાખી શકશે નહિ અને માલિકે આ બાબતે નીચેના કોલમ મુજબની માહિતી ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીના ફોટોગ્રાફ સાથે સબંધીત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ.નં | વિગત | ભરવાની થતી વિગત |
|---|---|---|
| ૧. | ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીનું પુરૂ નામ: | |
| ૨. | ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીનું ઓળખકાર્ડ: | |
| ૩. | ઘરઘાટી/નોકર/ નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીનું વડોદરા શહેરનું સરનામુ તથા તેની સાથેના માણસોની વિગત : | |
| ૪. | જેનાં ઘરે ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારી તરીકે કામ કરતાં હોય તે માલિકનું નામ-સરનામુ | |
| ૫. | બાંહેધરી અગર જેનાં મારફતે ઘરઘાટી/ નોકર/ નોકરી પર રાખવામાં આવેલ કર્મચારી તરીકે રાખેલ હોય તેનું નામ, સરનામુ. | |
| ૬. | અગાઉ ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારી તરીકે કામ કરેલ હોય તે માલિકનું નામ,સરનામુ. | |
| ૭. | વડોદરામાં ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીના ઓળખીતાનાં નામ, સરનામા તથા ટેલીફોન/ મોબાઈલ નંબર. | |
| ૮. | ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીના વતનનું સરનામુ પોલીસ સ્ટેશન સહીત તથા વતનમાં તેના ભાઈ, બહેન, માતા-પિતાનાં નામો. | |
| ૯. | ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીના ચહેરા નિશાન, ઉંમર, વર્ષ, ઉંચાઈ, વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની) | |
| ૧૦. | ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારી ભારતીય નાગરીક છે ? (હા/ના) જો "હા" તો ભારતીય નાગરીકતા અંગેના દસ્તાવેજ (વોટર આઈડી અથવા પાસપોર્ટ) | |
| ૧૧. | ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારી વિદેશી નાગરીક છે ? (હા/ના) જો "હા" હોય તો વિદેશી નાગરીકની વિગતો સ્થાનિક પોસ્ટ અને સ્પેશિયલ બ્રાંચ (ફોરેનર્સ બ્રાંચ) ને જાણ કરવાની રહેશે. | |

આ હુકમ તા.૧૪/૦૭/૨૦૨૫ કલાક:૦૧/૦૦ થી તા.૧૧/૦૯/૨૦૨૫ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરનો દરજ્જાના કોઈપણ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૩/૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

-----------------------

## જાહેરનામું

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.**

ક્રમાંક :G/CP/વિ.શા./લેબર કોન્ટ્રાકટર જાહેરનામું/૫૩/૨૦૨૬.–ભુતકાળમાં વડોદરા શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુનાઓ કરનાર (ઘરફોડીયા) પકડાય છે ત્યારે તપાસમાં આવા ગુના કરવાવાળા આરોપીઓ ગુનાના બનાવના દિવસો અગાઉ વડોદરા શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી-જુદી ઔદ્યોગિક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરી કામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુ-બાજુની સ્થાનિક પરિસ્થિતીનું સર્વે કરી માહિતગાર થઈ મિલકત વિરૂધ્ધના ગુનાઓ આચરતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવતા હોય છે. જેથી જનતાના જાન-માલ (મિલકત)ની સલામતી તથા સુરક્ષા માટે નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

જેથી હું નરસિમ્હા કોમાર I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છુ કે, વડોદરા શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં લેબર કોન્ટ્રાકટર/મુકાદમ નાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનિક પોલીસ સ્ટેશનને દિન-૦૭માં જાણ કરવાની રહેશે તથા મજુરો જયારે મજુરી કામ તથા વડોદરા શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાકટર/મુકાદમે તે અંગેની જાણ નામ/ સરનામા સહિતની વિગત સાથે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં દિન-૦૩માં કરવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧ | લેબર કોન્ટ્રાકટર / મુકાદમ (સપ્લાયર) નું પુરૂ નામ સરનામું મો.નં. નંબર સહિત | :- | |
| ૨ | મજુરનું નામ તથા ઉ.વ. | :- | |
| ૩ | મજુરનું હાલનું સરનામું ટેલીફોન નંબર | :- | |
| ૪ | મજુરનું મુળવતનનું સરનામું ગામ તાલુકો જીલ્લો | :- | |
| ૫ | હાલની મજુરીનું સ્થળ કંપનીનું નામ | :- | |
| ૬ | મજુરનું વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર | :- | |
| ૭ | મજુરના વતનના આગેવાનનું નામ સરનામું ટેલીફોન નંબર | :- | |
| ૮ | મજુર અગાઉ કોઈ પોલીસ ગુનામાં પકડાયેલ હોય તો તેની વિગત | :- | |
| ૯ | કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે ? | :- | |
| ૧૦ | મજુરનું ઓળખ માટેનું I.D. પ્રુફ (ફોટા સાથેનું) | :- | |
| ૧૧ | વડોદરા શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે? અને કઈ તારીખે જવાનો છે? | :- | |
| ૧૨ | વડોદરા શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ સરનામું | :- | |

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગુઠાનું નિશાન ..................................................................

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહી..................................................

નામ,..................................................................................................

આ હુકમ તારીખ : ૯/૧/૨૦૨૬ ના કલાક ૦૧:૦૦ થી તારીખ:૯/૩/૨૦૨૬ ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સંયુક્ત પોલીસ કમિશનર થી પોલીસ ઈન્સપેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ:-૩/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

------------------------

## જાહેરનામું

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.**

ક્રમાંક :G/CP/વિ.શા./લેબર કોન્ટ્રાકટર જાહેરનામું/૩૬૮૬/૨૦૨૫.–ભુતકાળમાં વડોદરા શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુનાઓ કરનાર (ઘરફોડીયા) પકડાય છે ત્યારે તપાસમાં આવા ગુના કરવાવાળા આરોપીઓ ગુનાના બનાવના દિવસો અગાઉ વડોદરા શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી-જુદી ઔદ્યોગિક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરી કામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુ-બાજુની સ્થાનિક પરિસ્થિતીનું સર્વે કરી માહિતગાર થઈ મિલકત વિરૂધ્ધના ગુનાઓ આચરતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવતા હોય છે. જેથી જનતાના જાન-માલ (મિલકત)ની સલામતી તથા સુરક્ષા માટે નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

જેથી હું નરસિમ્હા કોમાર I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છુ કે, વડોદરા શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં લેબર કોન્ટ્રાકટર/મુકાદમ નાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનિક પોલીસ સ્ટેશનને દિન-૦૭માં જાણ કરવાની રહેશે તથા મજુરો જયારે મજુરી કામ તથા વડોદરા શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાકટર/મુકાદમે તે અંગેની જાણ નામ/ સરનામા સહિતની વિગત સાથે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં દિન-૦૩માં કરવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧ | લેબર કોન્ટ્રાકટર / મુકાદમ (સપ્લાયર) નું પુરૂ નામ સરનામું મો.નં. નંબર સહિત | :- | |
| ૨ | મજુરનું નામ તથા ઉ.વ. | :- | |
| ૩ | મજુરનું હાલનું સરનામું ટેલીફોન નંબર | :- | |
| ૪ | મજુરનું મુળવતનનું સરનામું ગામ તાલુકો જીલ્લો | :- | |
| ૫ | હાલની મજુરીનું સ્થળ કંપનીનું નામ | :- | |
| ૬ | મજુરનું વતનનું સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર | :- | |
| ૭ | મજુરના વતનના આગેવાનનું નામ સરનામું ટેલીફોન નંબર | :- | |
| ૮ | મજુર અગાઉ કોઈ પોલીસ ગુનામાં પકડાયેલ હોય તો તેની વિગત | :- | |
| ૯ | કયારથી મુકાદમે/કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે ? | :- | |
| ૧૦ | મજુરનું ઓળખ માટેનું I.D. પ્રુફ (ફોટા સાથેનું) | :- | |
| ૧૧ | વડોદરા શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે? અને કઈ તારીખે જવાનો છે? | :- | |
| ૧૨ | વડોદરા શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ સરનામું | :- | |

મજુરનો તાજેતરનો ફોટો મજુરના અંગુઠાનું નિશાન ..................................................................

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહી....................................................

નામ,......................................................................................................

આ હુકમ તારીખ : ૧૩/૦૭/૨૦૨૫ ના કલાક ૦૧:૦૦ થી તારીખ:૧૦/૦૯/૨૦૨૫ ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સંયુક્ત પોલીસ કમિશનર થી પોલીસ ઈન્સપેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખઃ-૦૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

**નરસિમ્હા કોમાર,**
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

------------------

**જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**// વાંચ્યા //**

૧. આસિસ્ટન્ટ ડિવિઝન એન્જીનીયરશ્રી (ઉત્તર), પશ્ચિમ રેલવે, વડોદરાના પત્ર No. W/350/1, તા.૧૬/૧૨/૨૦૨૫

૨. પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક : ટ્રાફિક/અભિપ્રાય/૪૨૮/૨૦૨૫, તા.૨૦/૧૨/૨૦૨૫

૩. કાર્યપાલક ઈજનેરશ્રી, છોટાઉદેપુર (મા.મ.) સ્ટેટ વિભાગ, છોટાઉદેપુરના પત્ર જા.નં. પીબી/૨૭૫૦/૨૦૨૫, તા.૧૯/૧૨/૨૦૨૫

**// જાહેરનામું //**

નં.એમએજી/વશી/૨૪૨૧/૨૦૨૫.-વંચાણ-(૧) થી આસિસ્ટન્ટ ડિવિઝન એન્જીનીયરશ્રી (ઉત્તર), પશ્ચિમ રેલવે, વડોદરાના પત્રથી બોડેલી યાર્ડ સ્ટેશન ખાતે આવેલ લેવલ ક્રોસિંગ નં. 65 ની વાર્ષિક જાળવણી તથા ઓવરહોલીંગ માટે તારીખ 26-12-2025 ના રોજ સવારે 10:00 કલાકથી 28-12-2025 ના રોજ સવારે 10:00 કલાક સુધી કામ આયોજનમાં લઈ સદરહું સમયગાળા દરમિયાન નીચે મુજબ ટ્રાફિક ડાયવર્ઝન આપી રોડ ટ્રાફિક બંધ રાખવાની પરવાનગી આપવા તથા માર્ગ ઉપયોગકર્તાઓને માહિતી આપવાની અને ટ્રાફિક ડાયવર્ઝન માટે જરૂરી વ્યવસ્થાઓ કરવા માંગણી કરેલ છે.

વંચાણ-(૨) થી પોલીસ અધિક્ષકશ્રી છોટાઉદેપુરનાઓએ સદરહુ કામે નીચે મુજબની વિગતે વૈકલ્પિક રોડ વ્યવસ્થા(ટ્રાફિક ડાયવર્ઝન) કરવા માટે અભિપ્રાય આપેલ છે.

**ભારદારી વાહનો માટેનો રૂટ**

1. વડોદરા-સંખેડા તરફથી આવતા ભારદારી વાહનો બોડેલી-અલીપુરા ચોકડી થી જાંબુઘોડા થી ઉચાપાન થી વાંકી ચોકડી થી મોટીબેજ ગામથી ઘુંટીયા ગામે થઈને ડુંગરવાંટ બ્રિજની બાજુમાં ડાયવર્ઝન થઇ કીકાવાડા, તેજગઢ, છોટાઉદેપુર, મધ્યપ્રદેશ તરફ જઇ શકાશે.

2. છોટાઉદેપુર થી બોડેલી-વડોદરા તરફ જતા ભારદારી વાહનો તેજગઢ, કીકાવાડા, ડુંગરવાંટ બ્રિજની બાજુમાં ડાયવર્ઝન થઇ ઘુંટીયા ગામે થઇને મોટીબેજ ગામથી વાંકી ચોકડી થી ઉચાપાન થી જાંબુઘોડા થઇને બોડેલી - અલીપુરા ચોકડી થી સંખેડા વડોદરા તરફ જઇ શકાશે.

**નાના (હળવા વાહનો માટનો રૂટ)**

1. વડોદરા-સંખેડા તરફથી આવતા નાના (હળવા) વાહનો માટે નર્મદા કેનાલ થઈ ઝાંખરપુરા, નર્મદા કેનાલ બ્રિજ, મોડાસર ચોકડી, ઓરસંગ બ્રિજ થઇ ઢોકલીયા ચોકડી, જબુગામ, શિહોદ થઇ, વાંકી, ડુંગરવાંટ થઇ તેજગઢ છોટાઉદેપુર તરફ જઈ શકાશે.

2. છોટાઉદેપુર થી બોડેલી-વડોદરા તરફ જતા નાના (હળવા) વાહનો માટે તેજગઢ, ડુંગરવાંટ, વાંકી, શિહોદ, જબુગામ, ઢોકલીયા ચોકડી, ઓરસંગ બ્રિજ, મોડાસર ચોકડી થી નર્મદા કેનાલ બ્રિજ, ઝાંખરપુરા, નર્મદા કેનાલ થઈ સંખેડા, વડોદરા તરફ જઇ શકાશે.

3. વડોદરા-સંખેડા તરફથી આવતા નાના (હળવા) વાહનો માટે નર્મદા કેનાલ થઈ ઝાંખરપુરા, નર્મદા કેનાલ બ્રિજ, મોડાસર ચોકડી થઈ રંગલી ચોકડી, જેતપુરપાવી, છોટાઉદેપુર તરફ જઈ શકાશે.

3. છોટાઉદેપુર થી બોડેલી-વડોદરા તરફ જતા નાના (હળવા) વાહનો માટે જેતપુરપાવી, રંગલી ચોકડી, મોડાસર ચોકડી થી નર્મદા કેનાલ બ્રિજ, ઝાંખરપુરા, નર્મદા કેનાલ થઇ સંખેડા, વડોદરા તરફ જઈ શકાશે.

આમ, વંચાણ-(૧) થી આસિસ્ટન્ટ ડિવિઝન એન્જીનીયરશ્રી (ઉત્તર), પશ્ચિમ રેલવે, વડોદરાની બોડેલી યાર્ડ સ્ટેશન ખાતે આવેલ લેવલ ક્રોસિંગ નં. 65 ની વાર્ષિક જાળવણી તથા ઓવરહોલિંગ માટે તારીખ 26-12-2025 ના રોજ સવારે 10:00 કલાકથી 28-12-2025 ના રોજ સવારે 10:00 કલાક સુધી કામ આયોજનમાં લઈ સદરહું સમયગાળા દરમિયાન નીચે મુજબ ટ્રાફિક ડાયવર્ઝન આપી રોડ ટ્રાફિક બંધ રાખવાની પરવાનગી આપવા તથા માર્ગ ઉપયોગકર્તાઓને માહિતી આપવાની અને ટ્રાફિક ડાયવર્ઝન માટે જરૂરી વ્યવસ્થાઓ કરવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવું જરૂરી જણાય છે.

જેથી, હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

- બોડેલી યાર્ડ સ્ટેશન ખાતે આવેલ લેવલ ક્રોસિંગ નં. 65 ની વાર્ષિક જાળવણી તથા ઓવરહોલિંગની કામગીરી દરમિયાન વાહનો માટે ડાયવર્ઝન નીચે મુજબનું રહેશે.

**ભારદારી વાહનો માટેનો રૂટ**

1. વડોદરા-સંખેડા તરફથી આવતા ભારદારી વાહનો બોડેલી-અલીપુરા ચોકડી થી જાંબુઘોડા થી ઉચાપાન થી વાંકી ચોકડી થી મોટીબેજ ગામથી ઘુંટીયા ગામે થઈને ડુંગરવાંટ બ્રિજની બાજુમાં ડાયવર્ઝન થઈ કીકાવાડા, તેજગઢ, છોટાઉદેપુર, મધ્યપ્રદેશ તરફ જઈ શકાશે.

2. છોટાઉદેપુર થી બોડેલી-વડોદરા તરફ જતા ભારદારી વાહનો તેજગઢ, કીકાવાડા, ડુંગરવાંટ બ્રિજની બાજુમાં ડાયવર્ઝન થઇ ઘુંટીયા ગામે થઇને મોટીબેજ ગામથી વાંકી ચોકડી થી ઉચાપાન થી જાંબુઘોડા થઈને બોડેલી - અલીપુરા ચોકડી થી ગોલાગામડી થઈ સંખેડા વડોદરા તરફ જઈ શકાશે.

**નાના (હળવા વાહનો માટનો રૂટ)**

1. વડોદરા-સંખેડા તરફથી આવતા નાના (હળવા) વાહનો માટે નર્મદા કેનાલ થઇ ઝાંખરપુરા, નર્મદા કેનાલ બ્રિજ, મોડાસર ચોકડી, ઓરસંગ બ્રિજ થઇ ઢોકલીયા ચોકડી, જબુગામ, શિહોદ થઈ, વાંકી, ડુંગરવાંટ થઇ તેજગઢ છોટાઉદેપુર તરફ જઈ શકાશે.

2. છોટાઉદેપુર થી બોડેલી-વડોદરા તરફ જતા નાના (હળવા) વાહનો માટે તેજગઢ, ડુંગરવાંટ, વાંકી, શિહોદ, જબુગામ, ઢોકલીયા ચોકડી, ઓરસંગ બ્રિજ, મોડાસર ચોકડી થી નર્મદા કેનાલ બ્રિજ, ઝાંખરપુરા, નર્મદા કેનાલ થઈ સંખેડા, વડોદરા તરફ જઈ શકાશે.

3. વડોદરા-સંખેડા તરફથી આવતા નાના (હળવા) વાહનો માટે નર્મદા કેનાલ થઈ ઝાંખરપુરા, નર્મદા કેનાલ બ્રિજ, મોડાસર ચોકડી થઈ રંગલી ચોકડી, જેતપુરપાવી, છોટાઉદેપુર તરફ જઇ શકાશે.

4. છોટાઉદેપુર થી બોડેલી-વડોદરા તરફ જતા નાના (હળવા) વાહનો માટે જેતપુરપાવી, રંગલી ચોકડી, મોડાસર ચોકડી થી નર્મદા કેનાલ બ્રિજ, ઝાંખરપુરા, નર્મદા કેનાલ થઈ સંખેડા, વડોદરા તરફ જઇ શકાશે.

- આસિસ્ટન્ટ ડિવિઝન એન્જીનીયરશ્રી (ઉત્તર), પશ્ચિમ રેલવે, વડોદરા તથા કાર્યપાલક ઈજનેરશ્રી, છોટાઉદેપુર સ્ટેટ (મા.મ) વિભાગ, છોટાઉદેપુર દ્વારા સદરહું જાહેરનામાં અન્વયે ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.
- સદરહું લેવલ ક્રોસિંગ નં. 65 ની વાર્ષિક જાળવણી તથા ઓવરહોલિંગની કામગીરી દરમિયાન આપવામાં આવેલ વૈકલ્પિક રોડ વ્યવસ્થા (ટ્રાફિક ડાયવર્ઝન)ના માર્ગ ઉપર ટ્રાફિક નિયમન માટે ટ્રાફિક પોલીસ દ્વારા જરૂરી પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે.
- આ જાહેરનામાંના સમયગાળા દરમિયાન જ લેવલ ક્રોસિંગ નં. 65 ની વાર્ષિક જાળવણી તથા ઓવર હોલિંગની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

**//અમલવારીનો સમય//**

સદરહુ જાહેરનામું તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી તા.૨૮/૧૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

**// સજા //**

સદરહું હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા આસિસ્ટન્ટ ડીવીઝનલ એન્ જિનીયર (નોર્થ) પશ્ચિમ રેલવે, વડોદરા તથા છોટાઉદેપુર (મા.મ) વિભાગ, (સ્ટેટ)ના તાબાના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી

વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતાં અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૨૪/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

------------------

૧. પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રી, PIU એકતાનગર, NHAI, રાજપીપલાનાઓના પત્ર નં. NHAI/ 11056/ 1/ Maintenance/ Bodeli/ NH-56/1, તારીખ: 10.07.2025

૨. અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૨૨૩૨/૨૦૨૫, તા.૨૧/૧૧/૨૦૨૫

**// જાહેરનામું //**

નં.એમએજી/વશી/૨૪૦૪૩/૨૦૨૫.-વંચાણ-(૧) થી છોટાઉદેપુર જિલ્લાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ-56 પર બોડેલી પાસે આવેલ મેરીયા નદી પુલ તથા ઓરસંગ નદી પુલને નુકસાન થવાના કારણે બંને પુલોની માળખાકીય સ્થિતિ જાણવા આઈ.આઈ.ટી. મુંબઈની ટીમનાં પત્રનં.DRD/CE/SB-23/25-26, તા.૧૪/૦૯/૨૦૨૫થી વિગતવાર પરિક્ષણ અને નિરીક્ષણ પૂર્ણ કરેલ છે. જે મુજબ સંદર્ભ દર્શિત પત્રમાં જણાવેલ મુદ્દા નં.૨(૧) ઓરસંગ બ્રીજ અને મુદ્દા નં.૨(૨) મેરીયા બ્રીજ આમ બંને પુલ અંગેની સ્થિતી જણાવેલ છે. જ્યાં સુધી વિગતવાર મજબૂતી કરણ પગલાં અને ઔપચારિક લોડ રેટિંગ (IRC SP:37) પૂર્ણ ન થાય ત્યાં સુધી ટ્રાફિક (વચગાળાની ટ્રાફિક પરિસ્થિતિઓ) હળવા અને મધ્યમ વાહનો (GVW $\leq$ 12 ટન) સુધી મર્યાદિત રાખવો જોઈએ જયારે મુદ્દા નં.(૩)માં બંને પુલ હાલમાં ફક્ત ૧૨ ટનના મહત્તમ GVW સુધીના હળવા અને મધ્યમ વાહનો માટે જ સેવા યોગ્ય છે. ભારે કોમર્શિયલ વાહનોને પ્રતિબંધિત કરીને માત્ર ટૂ-વ્હિલર, કાર અને લાઈટ કોમર્શિયલ વાહનોને પસાર થવા દેવાની ભલામણ કરેલ છે. સદરહું કામગીરી પૂર્ણ થવાનો સમયગાળો ૪-૬ મહિનાનો રહેવાની અપેક્ષા છે, જેથી બંને પુલ પરથી ફક્ત હળવા અને મધ્યમ વાહનો (ટુ-વ્હીલર, પેસેન્જર કાર, LMV, 2 એક્સલ અને 4 વ્હીલ સુધીની મીની/મીડી બસો, અને 2 એક્સલ અને 4 વ્હીલ સુધીના હળવા વાણિજ્યિક વાહનો, બધા GVW $\leq$ 12 ટન સાથે) ઓછામાં ઓછા ચાર મહિનાના સમયગાળા માટે અથવા મજબૂતીકરણ કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી, જે પણ મોડું થાય ત્યાં સુધી, બંને પુલ પરથી અવરજવર મર્યાદિત રાખવામાં આવે તેમ પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રી, PIU-એકતાનગર, NHAI, રાજપીપલાનાઓના પત્રમાં જણાવેલ છે. જે અન્વયે વંચાણ-(૨) થી તા.૨૧/૧૧/૨૦૨૫ થી તા.૨૦/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. જેની સમયમર્યાદા પૂર્ણ થતી હોઇ, જેથી રીન્યુ કરવાનું જરૂરી જણાય છે.

પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રી, PIU-એકતાનગર, NHAI, રાજપીપલાની ભલામણ અન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ બંને પુલ પરથી ફક્ત હળવા અને મધ્યમ વાહનો (ટુ-વ્હીલર, પેસેન્જર કાર, LMV, 2 એકસલ અને 4 વ્હીલ સુધીની મીની/મીડી બસો, અને 2 એક્ટક્સલ અને 4 વ્હીલ સુધીના હળવા વાણિજ્યિક વાહનો, બધા GVW $\leq$ 12 ટન સાથે) વાહનોને પસાર થવા દેવા તેમજ ભારે કોમોર્શિયલ વાહનો માટે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

1. છોટાઉદેપુર થી વડોદરા તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો છોટાઉદેપુર-પાનવડ-પાનીબાર-ઝાબ-ભીંડોલ-કલારાણી-રંગલી ચોકડી-મોડાસર ચોકડી-કોસિન્દ્રા-વાસણા ચોકડી-ભાટપુર-હાંડોદ ચોકડી-રતનપર રોડ-કરનેટ રોડ-કરનેટ બ્રિજ-બોરીયાદ થઈ ડભોઇ-વડોદરા તરફ જઈ શકશે.

2. છોટાઉદેપુર થી વડોદરા તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો છોટાઉદેપુર-પાનવડ-પાનીબાર-ઝાબ-ભીંડોલ-કલારાણી-રંગલી ચોકડી-ચલામલી-કોસિન્દ્રા-વાસણા ચોકડી-ભાટપુર-હાંડોદ ચોકડી-રતનપર રોડ-કરનેટ રોડ-કરનેટ બ્રિજ-બોરીયાદ થઈ ડભોઈ-વડોદરા તરફ જઈ શકશે.

અથવા

3. વડોદરા થી છોટાઉદેપુર તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો ડભોઈ થઈ બોરીયાદ-કરનેટ બ્રિજ-કરનેટ રોડ-રતનપર રોડ-હાંડોદ ચોકડી-ભાટપુર-વાસણા ચોકડી-કોસિન્દ્રા-મોડાસર ચોકડી-રંગલી ચોકડી-કલારાણી-ભીંડોલ-ઝાબ-પાનીબાર-પાનવડ થી છોટાઉદેપુર તરફ જઈ શકશે.

અથવા

4. વડોદરા થી છોટાઉદેપુર તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો ડભોઇ થઇ બોરીયાદ-કરનેટ બ્રિજ-કરનેટ રોડ-રતનપર રોડ-હાંડોદ ચોકડી-ભાટપુર-વાસણા ચોકડી-કોસિન્દ્રા-ચલામલી-રંગલી ચોકડી-કલારાણી ભીંડોલ-ઝાબ-પાનીબાર-પાનવડ થી છોટાઉદેપુર તરફ જઈ શકશે.

5. પ્રોજેક્ટ. ડિરેક્ટરશ્રી, PIU-એકતાનગર, NHAI, રાજપીપલા તથા કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરા. તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુર તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), છોટાઉદેપુર દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે તેમના/પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ડાયવર્ઝન માર્ગ પર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

6. સદરહું રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૫૬ ઉપર ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪X૭ પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગના અધિકારીશ્રીઓ, પોલીસ અધિકારીશ્રીઓ, આરટીઓના અધિકારીશ્રીઓ તેમજ મહેસુલ વિભાગ તથા પંચાયત વિભાગના અધિકારીશ્રીઓએ સંકલનમાં રહીને મેરીયા નદી તથા ઓરસંગ નદી પરના પુલ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

**// અમલવારીનો સમય //**

સદરહુ જાહેરનામુંર૪/૧૨/૨૦૨૫ તારીખથી તા.૨૦/૦૧/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

**// સજા //**

સદરહુ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા નેશનલ હાઈવે ઓથોરીટીના તાબાના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ, અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

**ગાર્ગી જૈન, IAS,**
જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

------------------------

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**વંચાણે લીધ્યું:-**

(૧) કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, "બી" બ્લોક બીજો માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ ના પત્ર જા.નં.પી.બી./૬૦૭૪/૨૦૨૫ તા.૧૩/૧૦/૨૦૨૫

(૨) પો. ઈન્સ.શ્રી એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./નળસરોવર-વિરમગામ ડાયવર્ઝન/૫૧૭૮/૨૦૨૫ તા. ૧૭/૦૭/૨૦૨૫

**જાહેરનામું :-**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે.**

નં.ડીસી/એમએજી/નળસરોવર-વિરમગામ/ડાયવર્ઝન/એસ.આર, ૨ ૧૫/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદ દ્વારા ઉપર્યુક્ત તા. ૧૩/૧૦/૨૦૨૫ના પત્રમાં જણાવ્યા મુજબ, તેઓની કચેરી હસ્તક આવેલા નળસરોવર-વિરમગામ રોડ પર આવેલ સ્લેબ ડ્રેઈન સ્ટ્રકચર (કિ.મી.૨૮/૬૦૦ થી ૨૮/૭૦૦) પર તા. ૧૧/૦૭/૨૦૨૫ના રોજ CASAD Consultant ના વિઝિટ દરમ્યાન સદર સ્લેબ ડ્રેઈનના સ્ટ્રકચર નુ નિરિક્ષણ કરતાં તે જર્જરિત હોવાનું માલુમ પડે છે. આથી, સદરહું સ્ટ્રકચર પરથી ભારે વાહનો/મલ્ટી એક્સલ વાહનોની અવર જવર બંધ કરવા તેમજ વૈકલ્પિક માર્ગ પરથી વાહન વ્યવહારના સંચાલન માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

આથી હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા. ૧૭/૧૨/૨૦૨૫ના રોજથી તા. ૧૫/૦૨/૨૦૨૬ સુધી નીચે મુજબની વ્યવસ્થાનું પાલન કરવા જણાવું છું.

ઉપરોકત જાહેરનામાના પ્રતિબંધિત હુકમ દરમ્યાન ટ્રાફિક વ્યવસ્થા નીચે મુજબ ડાયવર્ટ કરવા જાહેર જનતાને સુચના આપવા આવે છે.

| પ્રતિબંધિત વિસ્તાર (ભારે વાહનો/ મલ્ટી એકસલ વાહનો માટે) | વૈકલ્પિક રૂટ (ભારે વાહનો/ મલ્ટી એકસલ વાહનો માટે) |
|---|---|
| નળસરોવર-વિરમગામ રોડ પર આવેલ સ્લેબ ડ્રેઇન સ્ટ્રકચર (કિ. મી.૨૮/૬૦૦ થી ૨૮/૭૦૦) | (૧) વિરમગામ તરફથી આવતા મોટા વાહનો માટે ડાયવર્ઝન રૂટ: અસલગામ ચોકડી-થુલેટા-વાંસવા ચોકડી-સચાણા-નળસરોવર.<br>(૨) નળસરોવર ચોકડી બાજુથી આવતા મોટા વાહનો માટે ડાયવર્ઝન રૂટ:<br>નળસરોવર ચોકડી-અણીયારી ગામ-ઉપરદળ-રેથલ-સાણંદ બાયપાસ-વિરમગામ હાઈવે. |

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ - ૧૩૧ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

---------------------------

**વંચાણે લીધ્યું:-**

(૧) કાર્યપાલક ઈજનેર, સરદાર સરોવર, નર્મદા નિગમ લી. વિભાગ નં.-૩, કપડવંજના પત્ર જા.ન.નયોન. વિ નં.-૩/પીબી/૧૧૨૩ તા. ૧૬/૦૭/૨૦૨૫

(૨) પો. ઇન્સ.શ્રી એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./વૈકલ્પિક રૂટ અભિપ્રાય/૫૨૩૨/૨૦૨૫ તા.૧૯/૦૭/૨૦૨૫

**જાહેરનામું :-**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે.**

નં.ડીસી/એમએજી/SSNL કપડવંજ ડીવીઝન/ડાયવર્ઝન/એસ.આર ૨૧૬/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેર, સરદાર સરોવર, નર્મદા નિગમ લી., વિભાગ નં.-૩, કપડવંજ દ્વારા ઉપર્યુક્ત તા.૧૬/૦૭/૨૦૨૫ના પત્રમાં જણાવ્યા મુજબ, તેઓની કચેરી હસ્તક આવેલા સરદાર સરોવર, નર્મદા નિગમ લી., વહેલાલ શાખા નહેરની સાંકળ ૧૦૧૯૭ મી, ૨૦૩૨૨ મી કેનાલ પર પુલો આવેલા છે. જે પુલ કિટીકલ કંડીશનમાં હોય જાહેર પરિવહન માટે બંધ કરવા અને વૈકલ્પિક માર્ગ નો ઉપયોગ કરવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા અત્રેને રજુઆત કરેલ છે. જે મુજબના પુલ બંધ કરવા અને વૈકલ્પિક માર્ગ નો ઉપયોગ કરવા વંચાણે લીધેલ પોલીસ વિભાગના પત્રની વિગતે જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની દરખાસ્ત મળેલ છે.

આથી હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા. ૧૮/૧૨/૨૦૨૫ના રોજથી તા.૧૬/૦૨/૨૦૨૬ સુધી નીચે મુજબની વ્યવસ્થાનું પાલન કરવા જણાવું છું.

ઉપરોકત જાહેરનામાના પ્રતિબંધિત હુકમ દરમ્યાન ટ્રાફિક વ્યવસ્થા નીચે મુજબ ડાયવર્ટ કરવા જાહેર જનતાને સુચના આપવામાં આવે છે.

| ક્રમ | પુલ નં. | પ્રતિબંધિત વિસ્તાર (જાહેર પરિવહન) | વૈકલ્પિક રૂટ (જાહેર પરિવહન) |
|---|---|---|---|
| ૧ | ૧૦૧૯૭ | વહેલાલ શાખા કુહા/દસક્રોઈ | અમદાવાદ-ઇન્દોર હાઈવે પરથી આશરે ૧૦૦ મીટર અંતરે આવેલ કોઠીયા કેનાલનો પહેલો બ્રિજ છે. આ બ્રિજ કોઠીયા ગામથી નિકળીને કુહા ગામ તરફ જાય છે. આ માર્ગને કોઠીયા-કુહા ગામ વચ્ચેના વાહન વ્યવહાર માટે વૈકલ્પિક રૂટ તરીકે ઉપયોગમાં લઇ શકાશે. |
| ૨ | ૨૦૩૨૨ | વહેલાલ શાખા<br>હરણીયાવ-ધામતવાણ/ દસક્રોઈ | બ્રિજથી આશરે ૫૦૦ મીટરના અંતરે, ધામતવાણ ગામથી હરણીયાવની મુવાડી તરફ જવાના માર્ગ ઉપર આવેલ બ્રિજ પણ ઉપલબ્ધ છે, જેને ધામતવાણ ગામ થી હરણીયાવ ગામ તરફ જવાના વૈકલ્પિક માર્ગ તરીકે ઉપયોગ કરી શકાશે. |

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ - ૧૩૧ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

---------------------------

**વંચાણે લીધુ :-**

(૧) કાર્યપાલક ઈજનેર, સરદાર સરોવર, નર્મદા નિગમ લી., ધોળકા ના પત્ર જા.ન.ન.યો.ન. વિ-૮/પીબી/ ૧૪૫૧ સને ૨૦૨૫ તા. ૧૧/૦૭/૨૦૨૫

(૨) કાર્યપાલક ઈજનેર, સરદાર સરોવર, નર્મદા નિગમ લી., ધોળકા ના પત્ર જા.ન.:નયોનવિ.નં.૮/પીબી/બ્રિજ ડાયવર્ઝન /જાહેરનામું/૧૫૩૦/સને ૨૦૨૫ તા.૧૯/૦૭/૨૦૨૫

(૩) પો. ઈન્સ.શ્રી એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./વૈકલ્પિક રૂટ અભિપ્રાય/૫૨૩૮/૨૦૨૫ તા.૨૦/૦૭/૨૦૨૫

**જાહેરનામું :-**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે.**

નં.ડીસી/એમએજી/SSNL ધોળકા ડીવીઝન/ડાયવર્ઝન/એસ.આર ૨૧૭/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેર, સરદાર સરોવર, નર્મદા નિગમ લી., ધોળકા દ્વારા ઉપર્યુક્ત તા. ૧૧/૦૭/૨૦૨૫ અને તા.૧૯/૦૭/૨૦૨૫ ના પત્રમાં જણાવ્યા મુજબ, તેઓની કચેરી હસ્તક આવેલા સરદાર સરોવર, નર્મદા નિગમ લી., ધોળકા શાખા નહેરની સાંકળ ૦.૦૦ થી ૭૨.૪૬૦ કીમી આવે છે. જેના પર વિવિધ પુલો આવેલા છે. જે પૈકી રાજપુર થી આંબલીયારા માર્ગ પરનો બ્રિજ નં.૫૨૫૩૫ કિટીકલ કંડીશનમાં હોય જાહેર પરિવહન માટે બંધ કરવા અને વૈકલ્પિક માર્ગ નો ઉપયોગ કરવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા અત્રેને રજુઆત કરેલ છે. જે પુલ બંધ કરવા અને વૈકલ્પિક માર્ગ નો ઉપયોગ કરવા વંચાણે લીધેલ પોલીસ વિભાગના પત્રની વિગતે જાહેરનામું પ્રસિધ્ધ કરવાની દરખાસ્ત મળેલ છે.

આથી હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા. ૧૮/૧૨/૨૦૨૫ના રોજથી તા. ૧૬/૦૨/૨૦૨૬ સુધી નીચે મુજબની વ્યવસ્થાનું પાલન કરવા જણાવું છું.

ઉપરોકત જાહેરનામાના પ્રતિબંધિત હુકમ દરમ્યાન ટ્રાફિક વ્યવસ્થા નીચે મુજબ ડાયવર્ટ કરવા જાહેર જનતાને સુચના આપવામા આવે છે.

| પુલ નં. | પ્રતિબંધિત વિસ્તાર (જાહેર પરિવહન) | વૈકલ્પિક રૂટ (જાહેર પરિવહન) |
|---|---|---|
| ૫૨૫૩૫ | રાજપુર થી આંબલીયારા | વાસણા કેલીયા થી આંબલીયારા વૈકલ્પિક રોડ ઉપયોગ કરી શકાશે. |

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ - ૧૩૧ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

---------------------------

**વંચાણે લીધ્યું:-**

(૧) કાર્યપાલક ઈજનેર, સરદાર સરોવર, નર્મદા નિગમ લી., ધોળકા ના પત્ર જા.ન.ન.યો.ન. વિ-૮/પીબી/ ૧૪૫૧ સને ૨૦૨૫ તા. ૧૧/૦૭/૨૦૨૫

(૨) પો. ઈન્સ.શ્રી એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./વૈકલ્પિક રૂટ અભિપ્રાય/૫૨૩૨/૨૦૨૫ તા.૧૯/૦૭/૨૦૨૫

**જાહેરનામું :-**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે.**

નં.ડીસી/એમએજી/SSNL ધોળકા ડીવીઝન/ડાયવર્ઝન/એસ.આર.૨૨૯/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેર, સરદાર સરોવર, નર્મદા નિગમ લી., ધોળકા દ્વારા ઉપર્યુક્ત તા.૧૧/૦૭/૨૦૨૫ના પત્રમાં જણાવ્યા મુજબ, તેઓની કચેરી હસ્તક આવેલા સરદાર સરોવર, નર્મદા નિગમ લી., ધોળકા શાખા નહેરની સાંકળ ૦૦૦ થી ૭૨.૪૬૦ કીમી આવે સદરહુ કેનાલ પર વિવિધ પુલો આવેલા છે. જે પૈકી ૧૦ પુલ કિટીકલ અને પુઅર કંડીશનમાં

હોય જાહેર પરિવહન માટે બંધ કરવા અને વૈકલ્પિક માર્ગ નો ઉપયોગ કરવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા અત્રેને રજુઆત કરેલ છે. જે પૈકી ૦૬ પુલ બંધ કરવા અને વૈકલ્પિક માર્ગ નો ઉપયોગ કરવા વંચાણે લીધેલ પોલીસ વિભાગના પત્રની વિગતે જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની દરખાસ્ત મળેલ છે.

આથી હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા. ૧૭/૧૨/૨૦૨૫ના રોજથી તા. ૧૫/૦૨/૨૦૨૬ સુધી નીચે મુજબની વ્યવસ્થાનું પાલન કરવા જણાવું છું.

ઉપરોક્ત જાહેરનામાના પ્રતિબંધિત હુકમ દરમ્યાન ટ્રાફિક વ્યવસ્થા નીચે મુજબ ડાયવર્ટ કરવા જાહેર જનતાને સુચના આપવા આવે છે.

| ક્રમ | પુલ નં. | પ્રતિબંધિત વિસ્તાર (જાહેર પરિવહન) | વૈકલ્પિક રૂટ (જાહેર પરિવહન) |
|---|---|---|---|
| ૧ | ૨૭૯૨૮ | નવાપુરા થી સનાથલ | (૧) ડાયવર્ઝન રૂટ (નવાપુરા થી સનાથલ) નવાપુરા ગામ થઈ સરખેજ બાવળા હાઈવે ઉપર થી સનાથલ ગામ રીટર્ન ડાયવર્ઝન રૂટ (સનાથલ થી નવાપુરા) સનાથલ સર્કલ બ્રીજ નીચે થઈ સરખેજ- બાવળા હાઈવે ઉપર થઇ નવાપુરાગામ<br>(૨) ડાયવર્ઝન રૂટ (સનાથલ ગામ થી જીવણપુરા) શાંતિપુરા બ્રીજ નીચે થી સાંણદ હાઈવે ઉપર તેલાવ ગામ ઉપર થઈ જીવણપુરા રીટર્ન ડાયવર્ઝન રૂટ જીવણપુરા થી તેલાવ ગામ શાંતિપુરા સાંણદ હાઈવે |
| ૨ | ૩૯૪૯૦ | ભાત થી મીરોલી | ભાતગામ પહેલા આવેલ કેનાલની બાજુનો અપ્રોચ રોડ:<br>મોટાછાપરા -> મીરોલી તરફ જવા માંગતા વાહનો ધોળકા-ભાત તરફથી આવતા વાહનો ભાત ગામ -> માંડણપુરા મોટાછાપરા -> મેઈન હાઈવે પરથી ધોળકા બાકરોલ તરફ |
| ૩ | ૩૩૬૩૫ | નવાપુરા થી વીસલપુર | (૨) વીસલપુર -> બાકરોલ સર્કલ<br>સનાથલ - વાઘજીપૂરા:<br>વીસલપુરથી વાઘજીપુરા જવા માટે:<br>-> બાકરોલ સર્કલ -> સનાથલ -> વાઘજીપુરા<br>વાઘજીપૂરા થી આવવા માટે પણ:<br>-> સનાથલ -> બાકરોલ સર્કલ -> વીસલપુર<br>-> તેમજ મેઈન હાઈવે પરથી પણ ધોળકા -> બાકરોલ તરફ જઈ શકાય છે. |
| ૪ | ૪૫૩૫૯ | ચલોડા થી સરોડા | સરોડાથી ચલોડા જવા માટે ચંડીસર-ચલોડા રોડ તથા વાસણા કેલીયા-ચલોડા રોડ તથા પોનકા પાશ્વનાથ સર્કલથી ચલોડા જઈ શકાય તથા સરોડાથી કમોદ સર્કલથી બાકરોલ સર્કલ થઈ ચલોડા જઈ શકાશે. |
| ૫ | ૪૯૫૦૦ | વાસણા કેલીયા થી ચંડીસર | વાસણા કેલીયા થી ચંડીસર જવા માટે કલીકુંડ સર્કલ થી કમોદ સર્કલ, અમદાવાદ વાળા મેઈન હાઇ-વેનો ઉપયોગ કરી શકાશે. |
| ૬ | ૫૪૦૧૭ | રાજપુર થી સાથળ | રાજપુર થી સાથળ જવા માટે રામપુર-સાથળ રોડ તથા સહીજ-સાથળ રોડનો વૈકલ્પિક રોડ તરીકે ઉપયોગ કરી શકાશે. |

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ - ૧૩૧ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

---

**વંચાણે લીધુ :-** પો.ઇન્સ. એલ.આઇ.બી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક એલ.આઇ.બી/જાહેરનામુ / ૮૦૭૧ /૨૦૨૫, તા.૦૯/૧૨/૨૦૨૫

**-: જાહેરનામું :-**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.**

નં.ડીસી/એમએજી/જાહેરનામા/ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષી/એસ.આર.૨૩૦/૨૦૨૫.–અમદાવાદ શહેર ઔધોગિક રીતે વિકસીત શહેર છે.જેથી શહેરમાં માર્ગો મારફતે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી રહે છે. શહેરમાં આવતા જતા મુસાફરો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીનો બહોળો ઉપયોગ કરે છે. ભુતકાળમાં ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતા નાગરીકો સાથે છેતરપીડી, ખીસ્સા કાતરવા, મોબાઇલ ચોરી અન્ય કિંમતી સામાનની ચોરી, ચીલઝડપ, લુંટ/ધાડ, મહીલા/બાળકોની છેડતી અને અપહરણ જેવા ગંભીર પ્રકારના બનાવો બનવા પામેલ છે. આવા બનાવોમાં

ભોગ બનનાર નાગરીકો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના નંબર જાણતા નહી હોવાના કારણે ગુન્હાઓ વણશોધાયેલ રહે છે.

ઉપરોક્ત હકિકતો અને સૂચનો ધ્યાને લેતાં, અમદાવાદ ગ્રામ્યની હદ વિસ્તારમાં ચાલતી તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતાં મુસાફરો સહેલાઈથી જોઇને વાંચી શકે તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે વાહન નંબર, વાહન માલિકનું નામ તેમજ અમદાવાદ ગ્રામ્ય પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરી ફરજીયાતપણે ઓઇલ પેઈન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાય નહી તે પ્રકારનું લખાણ) લખવા, એ બાબતેનું જાહેરનામું બહાર પાડવાની જરૂર જણાય છે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ)

જેથી ઉપરોક્ત જણાવેલ વિગતો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના વાહન ચાલકની સીટ પાછળ દર્શાવવાથી લોકોના જાન અને સલામતીને થતુ જોખમ નિવારવા અને લોકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર જાહેર હિતમાં હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ મને મળેલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અંતર્ગતની સત્તા અન્વયે નીચે મુજબની બાબતોનો તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના ચાલક તથા માલિક દ્વારા પાલન થાય તે માટેનો હુકમ કરૂ છું.

**-: હુકમ :-**

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં દરેક રિક્ષા ચાલકે નજીકના પોલીસ સ્ટેશન ખાતે પોતાનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેમજ પોલીસ સ્ટેશન ખાતેથી રજીસ્ટ્રેશન નંબર ઈસ્યુ કરવામાં આવે તે નંબર સરળતાથી લોકો તથા પેસેન્જર જોઈ શકે તે રીતે રીક્ષાની અંદરના ભાગે તથા બહારના ભાગે આગળ પાછળ બન્ને બાજુ પ્રદર્શિત કરવાનું રહેશે. ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનું સંચાલન કરતા ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનાં સંચાલકો માલિકે વાહનમાં પેસેન્જર બેસવાની જગ્યાથી નજર સામે સ્પષ્ટ દેખાય તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે અંગ્રેજી ભાષામાં વાહન નંબર, વાહન માલિકનું નામ, વાહન ચાલકનું નામ તેમજ અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરો ૧૨ ઈંચ×૧૦ ઈંચની સાઈઝના બોર્ડ ઉપર આશરે ૧૩ m.m. એટલે કે કોમ્પ્યુટરની ૫૦ ની ફોન્ટ સાઈઝ તથા રજીસ્ટ્રેશન માહિતી નંબરની વચ્ચેની જગ્યા (સ્પેસ આશરે 30 m.m. ની રાખી ફરજીયાતપણે ઓઇલ પેઈન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાંય નહી તે પ્રકારનું લખાણ) નીચે મુજબનું રહેશે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ) ડ્રાઈવર સીટના પાછળના ભાગે નીચે મુજબના ફોરમેટમાં જણાવ્યા મુજબની માહિતી લગાવવાની રહેશે. ડ્રાઈવરની સીટની પાછળના ભાગે નીચે મુજબની માહિતી ફરજિયાત ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં માહીતી દર્શાવવાની રહેશે.

| ગુજરાતી | English |
|---|---|
| ફોટોગ્રાફ [ ] | Photograph [ ] |
| ડ્રાઈવરનું નામ : | Driver's name : |
| મોબાઈલ નંબર : | Mobile number : |
| સરનામું : | Address : |
| વાહન રજી. નં. | Vehicle registration number : |
| રીક્ષા માલીકનું નામ : | Rickshaw owner's name : |
| મોબાઈલ નંબર | Mobile number : |
| સરનામું : | Address : |
| પોલીસ રજીસ્ટ્રેશન નંબર : | Police registration number : |
| નોંધણી થયેલ પોલીસ સ્ટેશન | Registered police station : |
| પોલીસ હેલ્પ લાઈન નંબર-૧૦૦ તથા | Police help line number-100 and |
| વુમન હેલ્પ લાઈન નંબર-૧૦૯૫ તથા | Women help line number-1095 and |
| ટ્રાફીક હેલ્પ લાઈન નંબર-૧૮૧ | Traffic help line number-181 |

**-: અમલવારીનો સમય :-**

આ હુકમ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના વિસ્તારમાં ભારતીય નાગરિક સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમય મર્યાદાને આધિન બે માસ માટે એટલે કે તા.૧૭/૧૨/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૦/૦૦ થી તા.૧૫/૦૨/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**-:શિક્ષા:-**

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સહિંતા - ૨૦૨૩ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ એક્ટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

---------------------------

**વંચાણે લીધું:-**

(૧) પોલીસ અધિક્ષકની, બનદાવાદ (ગ્રામ્ય)ની કચેરીના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક- એલ.આઈ.બી/ શિક્ષક યોગ્યતા કસોટી- (TET-1)/પરીક્ષા/ જાહેરનામું/૮૨૬૪/૨૦૨૫, તા.૧૭/૧૨/૨૦૨૫.

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.**

નં.ડીસી/એમએજી/જાહેરનામું/શિક્ષક યોગ્યતા કસોટી-૧ (TET-1)/પરીક્ષા/એસ.આર.૨૩૧/૨૦૨૫.-આમુખ- (૧) ના પત્રથી પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક-એલ.આઈ.બી/શિક્ષક યોગ્યતા કસોટી-૧ (TET-1)/પરીક્ષા/જાહેરનામું/૮૨૬૪/૨૦૨૫ તા.૧૭/૧૨/૨૦૨૫ થી જણાવ્યા મુજબ, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા શિક્ષક યોગ્યતા કસોટી-૧ (TET-1) પરીક્ષા તા.૨૧/૧૨/૨૦૨૫ ના રોજ બપોર કલાક ૧૨/૦૦ થી કલાક ૧૪/૦૦ દરમ્યાન અત્રેના અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના બોપલ પો.સ્ટે.ની હદમાં યોજાનાર છે. જે અન્વયે પ્રતિબંધીત વિસ્તાર જેમાં પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તારમાં નીચે મુજબના પ્રતિબંધીત કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

**પ્રતિબંધિત વિસ્તાર:**

| અ.નં. | પો.સ્ટે.નુ નામ | પરીક્ષા કેન્દ્રનું નામ તથા સરનામું |
|---|---|---|
| ૧. | બોપલ | એમ.કે.પટેલ લિટલ બર્ડ સ્કુલ, તેજશ શિક્ષણ સ્કુલ, બીગ ડેડી ફોર ક્રોસ રોડ, બોપલ. |
| ૨. | | શ્રી રામ વિદ્યાલય, બ્લોક નં. એફ-૧, એફ-૨, લેન નં.૨૭, નીલકંઠ આર્કેડની સામે, સ્ટર્લીંગ સીટી, બોપલ. |

પ્રતિબંધિત કૃત્યો

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવા ઉપર

(૨) પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજયામા ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા ઉપર

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર

(૪) પરીક્ષા સ્થળો પર ગેરરીતિ થાય તેવું કોઈપણ સાધન લઈ જવા ઉપર

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિન અધિકૃત વ્યક્તિઓના પ્રવેશ ઉપર

(૬) પરીક્ષામાં ભાગ લેનાર ઉમેદવારો પરીક્ષા દરમ્યાન કોઈ પણ પ્રકારના વિજાણુયંત્રો પોતાની પાસે નહિ રાખવા

**અપવાદ**

આ હુકમ ફરજ પરના પોલીસદળ/હોમગાર્ડના કર્મચારીઓ/અધિકારીઓ તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી/અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

**સમયગાળો**

આ હુકમ તા.૨૧/૧૨/૨૦૨૫ દરમિયાન ૧૨:૦૦ કલાક થી ૧૬:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અવ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્રા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૧ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

---------------------------

**વંચાણે લીધું:-**

(૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, અમદાવાદ (ગ્રામ્ય)ના તા.૨૩/૧૨/૨૦૨૫નો પત્ર ક્રમાંક: એલ.આઈ.બી/નાતાલ/ક્રીસમસ ફટાકડા/જાહેરનામું/૮૪૦૪/૨૦૨૫.

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.**

નં.ડીસી/એમએજી/ફટાકડા/નાતાલ/એસ.આર.-૨૩૨/૨૦૨૫.–ઉપર્યુક્ત પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય)ના તા.૨૩/૧૨/૨૦૨૫ના પત્રની વિગતે, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન (સીવીલ) નં. ૭૨૮/૨૦૧૫ નાં કામે તા.૨૩/૧૦/૨૦૧૮, તા.૩૦/૧૦/૨૦૧૮ અને તા.૩૧/૧૦/૨૦૧૮ ના રોજ થયેલ આદેશમાં દિવાળીનાં તહેવાર તથા નાતાલ, નુતન વર્ષ જેવા અન્ય તહેવારો નિમિત્તે જાહેર જનતાને ભયજનક/હાનિકારક પર્યાવરણ તથા ધ્વની પ્રદુષણની વિપરીત અસરથી રક્ષણ આપવા માટે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે દિશાનિર્દેશો કરેલ છે. તેના અમલીકરણ માટે તથા નાતાલના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે સમગ્ર અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં ફટાકડાના ખરીદ, વેંચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે નીચે મુજબનાં કૃત્યોનું ચુસ્તપણે પાલન કરવા માટે ફરમાવુ છું.

**-: કૃત્યો :-**

- નાતાલ (ક્રિસમસ) ઉજવણી તા:૨૪/૧૨/૨૦૨૫ની રાત્રી ના કલાક ૨૩:૫૫ થી તા:૨૫/૧૨/૨૦૨૫ના કલાક ૦૦:૩૦ તથા નવા વર્ષની ઉજવણી અંતર્ગત તા:૩૧/૧૨/૨૦૨૫ ની રાત્રી ના કલાક ૨૩:૫૫ થી તા:૦૧/૦૧/૨૦૨૫ના કલાક ૦૦:૩૦ સુધીમાં જ ફટાકડા ફોડી શકાશે.

- નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામા આવેલ છે. આ સિવાયના તમામ પ્રકાર ના ફટાકડાનાં ઉત્પાદન અને વેચાણ પર સુપ્રિમ કોર્ટ ધ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ હોઈ તેમનુ ઉત્પાદન કે વેચાણ કરી શકાશે નહી.

- ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થય માટે ખુબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનુ પ્રદુષણ અને ધન કચરો પેદા કરતા બાંધેલા ફટાકડા (Joint firecrackers, Series Cracker or Laris) પર સુપ્રિમ કોર્ટ ધ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ હોઈ તેને રાખી કે ફોડી શકાશે નહી તથા તેનુ વેચાણ કરી શકાશે નહી.

- ફટાકડાનુ વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ ધ્વારા કરવાનુ રહેશે. આ વેપારીઓએ સુપ્રિમ કોર્ટના તા.૨૩/૧૦/૨૦૧૮ ના આદેશ મુજબ પરવાનગી આપવામાં આવેલ ફટાકડાઓનુ જ વેચાણ કરવાનુ રહેશે.

- તમામ ઈ-કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારનાં ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે.

- ફટાકડા બનાવવા માટે બેરીયમનાં ઉપયોગ પર સુપ્રિમ કોર્ટ પ્રતિબંધ મુકેલ હોઈ તેનો ઉપયોગ કરી શકાશે નહી.
- દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધી જ ફોડી શકાશે. તેમજ ક્રિસમસ અને નુતન વર્ષના તહેવાર દરમિયાન ફટાકડા રાત્રે ૨૩.૫૫ કલાકથી ૦૦.૩૦ કલાક સુધી જ ફોડી શકાશે.
- હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે માત્ર Petroleum and Explosives Safety Organisation (PESO) દ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય ધ્વનિ સ્તર (DECIBEL LEVEL) વાળા જ ફટાકડા વેચી / વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના બોક્ષ પર "PESO" ની સુચના પ્રમાણેનું માર્કિંગ હોવું જરૂરી છે.
- હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોનો ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી.
- કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુકકલ/આતશબાજી બલુન) નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકાશે નહી.
- અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનુ, ફટાકડા, બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા કે જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા કે આતશબાજી ફોડવા/સળગાવવા નહી.
- લોકોને અગવડ ઉભી ન થાય કે, કોઈપણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે અમદાવાદ શહેરના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ, એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈમથકની નજીક ફટાકડા ફોડી શકાશે નહી.

**-:: વિસ્તાર ::-**

પોલીસ કમીશનરશ્રી અમદાવાદ શહેર ની હુકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

**-:: શિક્ષા ::-**

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-:: સમયગાળો ::-**

આ જાહેરનામું નાતાલ (ક્રિસમસ) ઉજવણી તા:૨૪/૧૨/૨૦૨૫ની રાત્રી ના કલાક ૨૩:૫૫ થી તા:૨૫/૧૨/૨૦૨૫ના કલાક ૦૦:૩૦ તથા નવા વર્ષની ઉજવણી અંતર્ગત તા:૩૧/૧૨/૨૦૨૫ ની રાત્રી ના કલાક ૨૩:૫૫ થી તા:૦૧/૦૧/૨૦૨૫ના કલાક ૦૦:૩૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૧ મુજબ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે બી.એન.એસ. કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ: ૨૩/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહિ તથા કચેરીના સિક્કા સાથે જનતાની માટે બહાર પાડવામાં આવેલ છે.

---

**વંચાણે લીધું:-**

(૧) પોલીસ ઈન્સ.શ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી/ભડિયાદ/ઉર્સ/જા.નામા/૮૨૭૬/૨૦૨૫, તા.૧૭/૧૨/૨૦૨૫

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.**

નં.ડીસી/એમએજી/જા.ના./ભડીયાદ/હથિયાર/એસ.આર.-૨૩૪/૨૦૨૫.–અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના ધોલેરા પોલીસ સ્ટેશનની હદના ભડીયાદ ગામે આવેલ હજરત શહીદ પીર મહેમુદશાહ બુખારી બાવાની દરગાહ ઉપર તા.ધોલેરા, તા.૨૬-૨૭/૧૨/૨૦૨૫ થી તા.૦૩-૦૪-૦૧/૨૦૨૬ દરમ્યાન ધોલેરા તાલુકાના ભડીયાઅદ મુકામે ઉર્ષ(મેળો) ભરાનાર છે. જે મેળામાં અમદાવાદ ઉપરાંત આસપાસના જિલ્લામાંથી મોટા પ્રમાણમાં મેદની આવતી હોય છે. જેને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ

જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૧) થી મને મળેલ અધિકારેની રૂઈએ ભડીયાદ, તા.ધોલેરા ખાતે નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ધાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઇ ચીજો લઇ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની.

(૫) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**-:વિસ્તાર:-**

અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાના ભડીયાદ ગામની હદમાં

**-:અપવાદ:-**

**આ હુકમનો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઈપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૬/૧૨/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૪/૦૧/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આજ તા.૨૪/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

---

**વંચાણે લીધું:-**

(૧) પોલીસ અધિક્ષકની, બનદાવાદ (ગ્રામ્ય)ની કચેરીના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક- એલ.આઈ.બી/ NEET-SS/પરીક્ષા/ જાહેરનામું/૮૨૨૮/૨૦૨૫, તા.૨૩/૧૨/૨૦૨૫.

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.**

નં.ડીસી/એમએજી/જાહેરનામું/NEET-SS/પરીક્ષા/એસ.આર.૨૩૫/૨૦૨૫.-આમુખ-(૧) ના પત્રથી પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક-એલ.આઈ.બી/NEET-SS/પરીક્ષા/જાહેરનામું/૮૨૨૮/૨૦૨૫ તા.૨૩/૧૨/૨૦૨૫ થી જણાવ્યા મુજબ, રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડ દ્વારા સંદર્ભીત પત્રમાં જણાવ્યા અનુસાર NEET-SS 2025 ની પરીક્ષા તા.૨૬/૧૨/૨૦૨૫ અને તા.૨૭/૧૨/૨૦૨૫ ના રોજ પ્રથમ પાળી સમય સવાર કલાક ૦૯/૦૦ થી ૧૧/૩૦ અને બીજી પાળીનો સમય કલાક ૧૪/૦૦ થી કલાક ૧૬/૩૦ દરમ્યાન અત્રેના અમદાવાદ ગ્રામ્ય

જીલ્લાના બોપલ પો.સ્ટે.ની હદમાં યોજાનાર છે. જે અન્વયે પ્રતિબંધીત વિસ્તાર જેમા પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તારમાં નીચે મુજબના પ્રતિબંધીત કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનુ પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

**પ્રતિબંધિત વિસ્તાર:**

| અ.નં. | પો.સ્ટે.નુ નામ | પરીક્ષા કેન્દ્રનું નામ તથા સરનામું |
|---|---|---|
| ૧. | બોપલ | ION DIGITAL ZONE IDZ BOPAL, HALL MARK INFOTECH, OPP. THE TULIP INTERNATIONAL SCHOOL, STERLING CITY, BOPAL, AHMEDABAD |

**પ્રતિબંધિત કૃત્યો:**

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવા ઉપર

(૨) પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજયામા ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા ઉપર

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર

(૪) પરીક્ષા સ્થળો પર ગેરરીતિ થાય તેવું કોઈપણ સાધન લઈ જવા ઉપર

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિન અધિકૃત વ્યક્તિઓના પ્રવેશ ઉપર

(૬) પરીક્ષામાં ભાગ લેનાર ઉમેદવારો પરીક્ષા દરમ્યાન કોઈ પણ પ્રકારના વિજાણુયંત્રો પોતાની પાસે નહિ રાખવા

**અપવાદ**

આ હુકમ ફરજ પરના પોલીસદળ/હોમગાર્ડના કર્મચારીઓ/અધિકારીઓ તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી/અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

**સમયગાળો**

આ હુકમ તા.૨૬/૧૨/૨૦૨૫ અને તા.૨૭/૧૨/૨૦૨૫ના રોજ સવારે ૦૮:૦૦ કલાકથી ૧૨:૦૦ કલાક અને બપોરે ૧૩:૦૦ કલાક થી ૧૭:૦૦ કલાક દરમ્યાન અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**શિક્ષા**

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અવ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્રા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૧ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

---

**વંચાણમાં લીધું:-**

(૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૨૫/૧૨/૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./પ્રોટ/નો ડ્રોન ફલાય ઝોન/૮૪૭૯ /૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ અન્વયેનો**

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફલાય ઝોન એસ. સાર ૨૩૬/૨૦૨૫.-આમુખ- (૧) ના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૨૫/૧૨/૨૦૨૫ ના પત્રની વિગતે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ નાઓ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૦૯/૧૦ વાગ્યે ગાંધીનગર સચિવાલય હેલીપેડથી હેલીકોપ્ટર મારફતે નીકળી કલાક ૦૯/૩૦ વાગ્યે અસલાલી પો.સ્ટે.ની હદમાં પીરાણા હેલીપેડ ખાતે પધારનાર છે અને કાર્યક્રમ પુરો કરી ૧૦/૦૫ કલાકે વાગ્યે ત્યાથી હેલીકોપ્ટર મારફતે નીકળી ગાંધીનગર સચિવાલય હેલીપેડ રવાના થનાર છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ સવાર કલાક ૦૭:૦૦ થી કલાક ૧૩:૦૦ સુધી અસલાલી પો.સ્ટેની હદના ઉપરોકત જણાવેલ કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તારને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરુરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને "NO DRONE FLYING ZONE" જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), કવાડ. કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ-એરક્રાફટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઇડર/ પેરાગ્લાઇડર (HANG GLIDER / PARA GLIDER), પેરા મોટર (PARAMOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની / કરવાની મનાઈ ફરમાવુ છું.

**-:: અપવાદ ::-**

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો ધ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું

**-:: વિસ્તાર ::-**

બોપલ પો.સ્ટેની હદના ઉપરોકત કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તાર

**-:: સમયગાળો ::-**

આ જાહેરનામું તા.૨૬/૧૨/૨૦૨૫ ના સવારના ૦૭:૦૦ કલાક થી ૧૩:૦૦ કલાક સુધી અમલમાંરહેશે.

**-:: શિક્ષા ::-**

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવત. વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરમાથી પોલીસ સબ ઈન્ટપેકટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ- ૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૫/૧૨/૨૦૨૫ ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

---------------------------

**વંચાણમાં લીધું:-**

પોલીસ ઈન્સ.શ્રી, એલ. આઈ. બી., અમદાવા, ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./ભડિયાદ ઉર્સ/જા.નામા/૮૨૭૬/૨૦૨૫, તા. ૧૭/૧૨/૨૦૨૫

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કદામ ૩૩(૧)(ખ) તથા કલમ ૩૩(૧)(ત) મુજબ.**

નં.ડીસી./એમએજી/જા.ના./ભડીયાદ/ટ્રાફીક/એસ.આર.૨૩૩/૨૦૨૫.-અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના ધોલેરા પોલીસ સ્ટેશનની હદના ભડિયાદ ગામે આવેલ હજરત શહીદ પીર મહેમુદશાહ બુખારી બાવાની દરગાહ ઉપર તા. ધોલેરા, તા.૨૬-૨૭/૧૨/૨૦૨૫ થી તા.૦૩-૦૪/૦૧/૨૦૨૬ દરમ્યાન ધોલેરા તાલુકાના ભડિયાદ મુકામે ઉર્ષ (મેળો) ભરાનાર છે. જે મેળામાં પગપાળા મેદની અમદાવાદ શહેર જમાલપુરથી નીશાન સાથે તા.૨૬-૨૭/૧૨/૨૦૨૫ રવાના થઈ નિયત રૂટ મુજબ તા.૩૦-૩૧/૧૨/૨૦૨૫ ના રોજ ભડિયાદ ૫ હોંચનાર છે. તો આ મેદનીના રૂટ ઉપર નીચે મુજબના રસ્તાઓ ઉપર વાહનની અવર-જવર વધારે રહેતી હોવાથી એક તરફી માર્ગ કરવાનું તથા તળાવ અંગેનુ નીચે મુજબની તારીખો મુજબનું જાહેરનામું કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફિક નિયમન જળવાઇ રહે તે હેતુથી નીચેની વિગતે રસ્તાઓ ઉપર વાહનની અવર-જવર ઉપર નિયંત્રણ મુકવા જરૂરી છે.

વાસ્તે, હું બી. આર. સાગર, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જીલ્લો, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (૫) અન્વયે મને મળેલી સત્તાની રૂઇએ નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.

| ક્રમ નં. | સમયગાળો | ભારે વાહનો માટે પ્રતિબંધિત માર્ગ | ભારે વાહનો માટે વૈકલ્પિક માર્ગ |
|---|---|---|---|
| ૧. | તા.૨૬-૨૭/૧૨/૨૦૨૫ થી તા.૦૧/૦૧/૨૦૨૬ સુધી | અસલાલી થી ધોળકા તેમજ ધોળકાથી બગોદરા રોડ તથા અરણેજ રોડ તથા ગુંદી લોલીયા રોડ. | ગુંદી ફાટક થઈ બગોદરા-વટામણ હાઇવે થઇ અવરજવર સારૂ ડાયવર્ઝન કરવા તેમજ બાકરોલ સર્કલથી બદરખા રોડ પર થઈ તથા રીંગ રોડ સનાથલ સર્કલ બાવળા થઇ ધોળકા તરફ. |
| ૨. | તા.૨૯/૧૨/૨૦૨૫ થી તા.૦૧/૦૧/૨૦૨૬ દિન-૪ માટે | ધંધુકાની રોજકા ભડીયાદ થઈ ધોલેરા તરફ | ધંધુકા-બરવાળા-નાવડા-દેવપુરા-હેબતપુર થઈ ભાવનગર-અમદાવાદ હાઈવે રોડ થઇને ધોલેરા ખાતે ડાયવર્ટ |

ભડીયાદ ગામે આવેલ તળાવની પાળધી આજુ બાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં ગંદકી ન કરવી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૧ મુજબ અને ભારતીય કલમ ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ કમ - ૧૧૭ મુજબ મુજ ફરિયાદ : ૨૨૩ તુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ નાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે બી.એન.એસ. ધરાવનાર અધિકૃત કરવા માટે કરવામાં આવે છે.

સદરહું હુકમ તા.૨૬/૧૨/૨૦૨૫ના કલાક ૦૦.૦૦ થી તા.૦૪/૦૧/૨૦૨૬ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

------------------

**વંચાણમાં લીધું:-**

(૧) પોલીસ ઇન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૨૫/૧૨/૨૦૨૫ના પત્ર ક્રમાંક :એલ.આઈ.બી./પ્રોટ/નો ડ્રોન ફલાય ઝોન/૮૫૪૩ /૨૦૨૫

**જાહેરનામું:-**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ અન્વયેનો.**

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફ્લાય ઝોન/એસ.આર.૨૩૭/૨૦૨૫.-આમુખ-(૧) ના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૨૬/૧૨/૨૨૫ ના પત્રની વિગતે માનનીય શ્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રીશ્રી નાઓ તા.૨૮/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૨:૦૦ થી ૧૯:૩૦ કલાક દરમ્યાન બોપલ સ્ટે. ની હદમાં ક્લબ ઓ ૭, ક્રોસ રોડ, સરદાર પટેલ રિંગ રોડ, શેલા, ભવાની ચોક, નવા વણઝર, અમદાવાદ, વિશ્વ ઉમિયા ધામ, એસ. જી. હાઇવે, જસપુર, અમદાવાદ, સંસ્કાર ધામ, મણિપુર ગામની સામે, બોપલ-ઘુમા-સાણંદ રોડ ખાતે વિવિધ કાર્યક્રમોંમાં પધારનાર છે અને કાર્યક્રમ પુરા કરી ૧૯:૩૦ કલાકે વાગ્યે ત્યાથી નીકળી અમદાવાદ એરપોર્ટ જવા રવાના થનાર છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૨૮/૧૨/૨૦૨૫ ના રોજ સવાર કલાક ૦૭:00 થી કલાક 22:00 સુધી બોપલ પો.સ્ટે.ની હદના ઉપરોકત જણાવેલ કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તારને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેટ કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરૂરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને "NO DRONE FLYING ZONE" જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર / પેરાગ્લાઈકર (HANG GLIDER / PARA GLIDER), પેરા મોટર (PARAMOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની / કરવાની મનાઈ ફરમાવુ છું.

**-:: અપવાદ ::-**

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો ધ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું

**-:: વિસ્તાર ::**

બોપલ પો.સ્ટેની હદના ઉપરોકત કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તાર

**-:: સમયગાળો ::-**

આ જાહેરનામું તા.૨૮/૧૨/૨૦૨૫ ના સવારના ૭:૦૦ કલાક થી ૨૨:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

**-:: શિક્ષા ::-**

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. કલમ-૨૨

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઇન્સ્પેક્ટર સુધીના હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રી /કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ રોજ તા.૨૭/૧૨/૨૦૨૫ ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

------------------

**વંચાણમાં લીધું:-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ગ્રામ્યના તા.૧૩/૦૮/૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./NO ડ્રોન ફ્લાય/જાહેરનામું/૫૬૭૦/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના તા. ૧૦/૧૦/૨૦૨૫ના પત્ર નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફ્લાય ઝોન/એસ.આર. ૧૭૬/૨૦૨૫

(૩) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ગ્રામ્યના તા.૨૮/૧૨/૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./NO ડ્રોન ફ્લાય/જાહેરનામું/૮૫૭૬/૨૦૨૫

**જાહેરનામું:-**

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફ્લાય ઝોન/એસ.આર.૨૩૮/૨૦૨૫.-આમુખ-(૩) ના પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્યના તા.૨૮/૧૨/૨૦૨૫ ના પત્રથી અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના ધોલેરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ધોલેરા SIR અંતર્ગત ૨૨ (બાવીસ) ગામનો સમાવેશ થાય છે તેમજ હાલ ધોલેરા SIRમાં એક્ટિવેશન એરીયામાં પ્રારંભિક તબક્કે પાણી, લાઈટ અને ગટર તેમજ સી.સી.ટી.વી ની સુવિધા થઈ ગયેલ છે. જે એક્ટિવેશન એરીયાની સુરક્ષાને ધ્યાનમાં રાખી પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્ય નાઓએ નીચે મુજબના મુદ્દાઓ અન્વયે ધોલેરા SIRમાં એકિટવેશન એરીયાને "NO DRONE FLYING ZONE" પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરવા દરખાસ્ત મોકલી આપેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ SIRમાં એક્ટિવેશન એરીયા વિસ્તાર પૈકી વિસ્તારને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા તરફ જરુરી સુચના આપવા વિનંતી કરેલ છે.

(૧) ધોલેરા SIRમાં એક્ટિવેશન એરીયા વિસ્તાર દરિયાઈ ખાડી વિસ્તારથી આશરે ૧૦ થી ૧૨ કી.મી દુર આવેલો વિસ્તાર છે જેથી દરીયાઈ માધ્યમથી કોઈ અજાણી શંકાસ્પદ વ્યકતી આવી ડ્રોનનો ઉપયોગ કરી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે.

(૨) ધોલેરા SIRમાં એક્ટિવેશન એરીયા વિસ્તારમાં વિવિધ કંપનીઓ છે તેમજ વિવિધ કંપનીઓ ખાતે ફોરેનર્સ સાયન્ટીસ તથા ફોરેનર્સ કર્મચારી રહી, કામ કરતા હોય છે. જેઓની સુરક્ષાને ધ્યાને લઈ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે.

(૩) ધોલેરા SIRમાં એક્ટિવેશન એરીયા ખાતે સોશ્યલ ઈન્ફાસ્ટ્રકચર જેમ કે ફાયર સ્ટેશન, હોસ્પિટલ, થ્રી સ્ટાર હોટલ તેમજ સેવન સ્ટાર ગેસ્ટ હાઉસનુ બાંધકામ હાલ ચાલુ છે. જેની સુરક્ષાને ધ્યાનમાં રાખી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે.

(૪) ધોલેરા SIRમાં એક્ટિવેશન એરીયા વિસ્તાર નજીક ઈન્ટરનેશનલ એરપોર્ટ આવેલુ છે.

(૫) ધોલેરા તાલુકા વિસ્તાર માંથી પસાર થતો અમદાવાદ-ધોલેરા એકક્ષપ્રેસ હાઇવે ધોલેરા SIRમાં એક્ટિવેશન એરીયા વિસ્તારને લીંક કરતો રોડ છે.જેથી તે માધ્યમથી કોઈ અજાણી વ્યાકતી કે શંકાસ્પદ વસ્તુ આવી ડ્રોન ઉડાડી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે.

(૬) ધોલેરા SIRમાં એક્ટિવેશન એરીયા હાલ વિકાસના અનુસંધાને સતત VIP મુવમેન્ટ થતી રહે છે. જેમા ફોરેનર્સ ડેલીગેશન, તથા ભારત અને ગુજરાતના મંત્રીશ્રીઓ તથા અલગ અલગ કંપનીના CEO તથા કર્મચારીની અવારનવાર વીઝીટ ચાલુ રહે છે. જેની સુરક્ષાને ધ્યાનમાં રાખી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના ધોલેરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ઉપર્યુક્ત દર્શાવેલ સ્થળઓને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરૂરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને "NO DRONE FLYING ZONE" જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), કવાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર / પેરાગ્લાઈકર (HANG GLIDER / PARA GLIDER), પેરા મોટર (PARAMOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની / કરવાની મનાઈ ફરમાવુ છું.

**-:: અપવાદ ::-**

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો ધ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું

**-:: વિસ્તાર ::-**

ધોલેરા પોલીસ સ્ટેશન વિસ્તાર અને ધોલેરા SIR માં આવેલ A, B, C, D બિલ્ડીંગ, હેલીપેડ, TATA Semi Conductor Pvt. Ltd. અને Renew Photovoltaics Private Limited (RPVPL) સંસ્થાઓ તેમજ ધોલેરા એરપોર્ટની ચારેય બાજુના ૫૦૦ મી. નો વિસ્તાર

**-:: સમયગાળો ::-**

આ જાહેરનામુ તા.૩૦/૧૨/૨૦૨૫ ના સવારના ૦૦:૦૦ કલાક થી તા.૨૮/૦૨/૨૦૨૫ ના રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

**-:: શિક્ષા ::-**

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૯/૧૨/૨૦૨૫ ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

**બી. આર. સાગર,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

------------------

**-:: જાહેરનામું ::-**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું. :-**

નં.એમએજી/જીપીએ/જાહેરનામું/વશી/૧૮૬૧/૨૦૨૫.–મહીસાગર જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા,રેલી,સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/ તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં કોઇ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ હડતાળ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા કે સરઘસ/રેલી કાઢવા ઉપર મનાઇ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું સી. વી. લટા (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/ એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૭/૨૦૧૯થી મળેલ સત્તાની રૂએ નીચે અનુસૂચિ માં દર્શાવેલ વિસ્તારમાં આ જાહેરનામાં અન્વયે તા.૦૨/૦૧/૨૦૨૬ના કલાક ૦૦:૦૦ કલાકથી તા.૧૬/૦૧/૨૦૨૬ના કલાક ૨૪:૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે અનધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યક્તિએ /વ્યક્તિઓને એકી સાથે કોઈ પણ જગ્યાએ ૪(ચાર) થી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભુખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર માટે મનાઇ ફરમાવું છું.

**-:: અનુસૂચિ ::-**

"જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા,બાલાસિનોર, વિરપુર,સંતરામપુર,કડાણા તથા ખાનપુર(બાકોર), તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયાનો વિસ્તાર"

**આ જાહેરનામું નીચેની વ્યક્તિઓ/બાબતોને લાગુ પડશે નહી.**

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમઅધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

(૫) સરકારશ્રી ધ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે અને ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલના દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરુધ્ધ લેખિત ફરીયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

--------------------------

**વંચાણે લીધા::-** જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મહીસાગર લુણાવાડા પત્ર જા.નં.પરીક્ષા/૨૦૨૬/૭૨, તા.૦૨/૦૧/૨૦૨૬.

**-:: જાહેરનામું ::-**

**-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું.**

નં.એમએજી/NMMS પરીક્ષા/જાહેરનામું/વશી/૧૧/૨૦૨૬ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ધ્વારાનેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) ની પરીક્ષા-૨૦૨૫ તા.૦૩/૦૧/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨.૦૦ થી ૦૩.૦૦ કલાક દરમ્યાન મહીસાગર જિલ્લાના નીચે મુજબના જુદા જુદા કુલ-૧૩ (તેર) કેન્દ્રો/ બિલ્ડીંગો ઉપર લેવાનાર છે. આ પરીક્ષાનું સંચાલન સરળતાપૂર્વક થાય, અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરી શકે, તથા પરીક્ષાર્થીઓ શાંતિમય અને સૌહાદપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાપૂર્વક તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રો ખાતેના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા તથા પરીક્ષા શાંતિથી અને નિર્વિઘ્ને પાર પડે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૬૩ની કલમ લાગુ કરવા તેમજ પરીક્ષા સમય દરમિયાન ઝેરોક્ષ મશીન બંધ રાખવાનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહીસાગર લુણાવાડાનાઓએ વંચાણે લીધેલ પત્રથી વિનંતી કરેલ હોય આ કામે પ્રતિબંધક હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી જણાય છે..

વાસ્તે, હું સી.વી.લટા (જી.એ.એસ),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/ સત્તાસોંપણીજાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત હેતુસર તા.૦૩/૦૧/૨૦૨૬ ના રોજ સવારના ૦૯-૦૦ કલાકે થી સાંજના ૧૭-૦૦ કલાક સુધીના સમયગાળા માટે અત્રેના જિલ્લામાં નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગો ખાતે નીચે દર્શાવેલ કૃત્યો કરવા પર મનાઈ ફરમાવુ છું.

**પરીક્ષા કેન્દ્રોની યાદી :-**

| ક્રમ | પરીક્ષા બિલ્ડીંગનું નામ |
|---|---|
| ૧ | મોડેલ સ્કુલ, બાલાસિનોર |
| ૨ | નવગુજરાત માધ્યમિક શાળા, બાલાસિનોર |
| ૩ | સરકારી ઉ. મા. શાળા, દિવડા કોલોની |
| ૪ | મોડેલ સ્કુલ, દિવડા કોલોની |
| ૫ | મોડેલ સ્કુલ, બાકોર |
| ૬ | શ્રી કે. એમ. દોશી હાઇસ્કુલ, બાકોર-પાંડરવાડા |
| ૭ | એસ. કે. હાઈસ્કુલ, લુણાવાડા (રાજમહેલ બ્રાંચ) |
| ૮ | કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા |
| ૯ | પંચશીલ હાઈસ્કુલ, લુણાવાડા |
| ૧૦ | શ્રી મુરલીધર વિદ્યાલય, નરસિંગપુર |
| ૧૧ | એસ. પી. હાઈસ્કુલ, સંતરામપુર |
| ૧૨ | જે. એચ. મહેતા હાઈસ્કુલ, સંતરામપુર |
| ૧૩ | દેસાઈ સી. એમ. હાઈસ્કુલ, વિરપુર |

**-:: પ્રતિબંધિત વિસ્તાર ::-**

અનૂસૂચિત પરીક્ષા કેન્દ્રની ચર્તુદિશાની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો,જગ્યા, સ્થળ અને વિસ્તારમાં ચાર માણસોએ એકઠા થવું નહી/મંડળી ભરવી નહી તેમજ અધિકૃત અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા પરીક્ષાર્થીઓ સિવાય કોઈ પણ ઇસમને પરીક્ષા કેન્દ્રની ચર્તુદિશાની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

**-:: પ્રતિબંધિત કૃત્યો ::-**

1. પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઇ બિનઅધિકૃત વ્યક્તિઓએ અવર-જવર કરવી નહિ. કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઇપણ પ્રકારે અડચણ કે અવરોધ કરવો કે કરાવવો, તેમજ કોઇપણ ઇસમે કોઇપણ પ્રકારની તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/ કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી કે કરાવવા ઉપર, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવું/કરાવવા ઉપર,
2. પરીક્ષાર્થીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ સ્ટાફએ પરીક્ષા સબંધી ચોરી કરી શકાય તેવી કોઈ વસ્તુ, અથવા ઈલેકટ્રોનીક આઇટમ જેવી કે મોબાઈલ ફોન, કેમેરા, સ્માર્ટવોચ, સ્માર્ટબેન્ડ, લેપટોપ, કોમ્પ્યુટર, કેલ્ક્યુલેટર, બ્લુટુથ, ઈયરફોન તથા તેવા બીજા ઇલેક્ટ્રોનિક્સ ગેઝેટસ/ઉપકરણોના ઉપયોગ કરવા તથા પુસ્તકો, કાપલીઓ, ઝેરોક્ષ નકલો કે પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારનું સાહિત્ય પરીક્ષાના દિવસે પરીક્ષા ખંડમાં લઇ જવા, વહન કરવા કે તેમાં મદદગારી કરવા ઉપર.
૩. પરીક્ષાખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષાર્થીઓને, અન્ય કોઈ વ્યક્તિ અથવા જાતે પરીક્ષામાં ચોરી કરવી કે, કરાવવી, તે પ્રકારના કામમાં મદદગારી કરવી તેમજ પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારના સાહિત્યની આપ-લે કરવી કે કરાવવા ઉપર, પરીક્ષામાં થતી ગેરરીતિ અટકાવવાના હેતુથી ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રો વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કોપી સેન્ટર, ઝેરોક્ષ કોપીઅર મશીન, ફેક્સ મશીન સંચાલકોએ કોપીઅર મશીનનો ઉપયોગ

પરીક્ષાના દિવસ દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં સવારના ૦૯-૦૦ કલાક થી સાંજના ૧૭-૦૦ કલાક સુધી સદંતર બંધ રાખવાના રહેશે.

4. પરીક્ષા કેન્દ્રની આજુબાજુ બિનજરૂરી ટોળા ભેગા થવા પર, કોઇ અનઅધિકૃત વ્યક્તિ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરવા પર, પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા ચાલતી હોય તે સમયે પરીક્ષાને લગતી અનઅધિકૃત લેખન સામગ્રી પરીક્ષા કેન્દ્રમાં લઈ જવા પર.

5. પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં માઇક/લાઉડ સ્પીકર / ડી.જે. સાઉન્ડ વગાડવા પર.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

લુણાવાડા, તા. ૦૨/૦૧/૨૦૨૬

**સી. વી. લટા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
મહીસાગર- લુણાવાડા.

---

**જાહેરનામું**

**-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૩) અન્વયે :-**

File No:NAV/mag/e-file/453/7240/2025–હાલ ગુજરાત રાજયમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ઉપવાસ પર બિન પરવાનગીથી બેસવાની ઘટનાઓ વારંવાર બનવા પામેલ છે. નવસારી જિલ્લામા પણ નાગરીકો પોતાની માંગણી રજુઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોકકસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા સંકળાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતું અને મનસ્વી આયોજન કરી આ કચેરીમાં તેમજ જાહેરમાર્ગ પર બાધા સર્જે છે. જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. જેથી નવસારી જિલ્લામા જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ નીચે હુકમ કરવો આવશ્યક અને ઉચિત જણાય છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લો-નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી ઉપલબ્ધ જોગવાઈઓ અન્વયે મને મળેલ સત્તાની રૂએ કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી, નવસારી, જિલ્લાની તમામ પ્રાંત કચેરીઓ તથા નવસારી જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષકશ્રી,નવસારીની કચેરી તથા તાલુકા ખાતે આવેલ તાલુકા મામલતદારશ્રીની કચેરી, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, જીલ્લાની તમામ મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા તથા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ તેમજ કમ્પાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજયાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણા/ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસોએ એકત્રિત થવા કે સભા/સરઘસ જેવા કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

**અમલવારીનો વિસ્તાર અને સમયગાળો**

આ હુકમ નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૧-૦૧-૨૦૨૬ થી તા.૧૫-૦૧-૨૦૨૬ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

**અપવાદ**

આ હુકમ જે વ્યકિત સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિ.

**શિક્ષા**

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૧૩૫ મુજબ સજાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

---

**વંચાણે લીધા:-**

(૧) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્રનં.વિ.૧/કઅવ/૧૦-૨૦૦૪/૧૮૯૯, તા.૦૪/૦૩/૨૦૦૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર ક્રમાંક.એલ.આઈ.બી./જાહેરનામા/૪૦૯૯/૨૦૨૫, તા-૨૪/૧૨/૨૦૨૫

**જાહેરનામું**

**-:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ અન્વયે. ::-**

File No:NAV/mag/e-file/453/7409/2025.-પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની આમુખ(૨)થી રજુ થયેલ દરખાસ્ત ધ્યાને લેતાં, "નવસારી જિલ્લામાં બહારના જિલ્લા, રાજયો અને વિદેશમાંથી મોટા પ્રમાણમાં મુસાફરો આવે ત્યારે સ્થાનિક હોટલ-ગેસ્ટ હાઉસ, રીસોર્ટ / ફાર્મ હાઉસ /ધર્મશાળા / ધાબા-કલબ હાઉસ / મુસાફરખાના / ધાર્મિક સ્થળો તથા અન્ય સ્થળોએ ભાડેથી રૂમ રાખી રહેતા હોય છે. આ મુસાફરોના સ્વાંગમાં દેશ વિરોધી અને અસામાજીક તત્વો પણ જિલ્લામાં આવી જાય અને દેશ વિરોધી ભાંગફોડીયા પ્રવૃતિ કરે તેવી પુરી શક્યતા રહેલી છે. આથી નવસારી જિલ્લામાં આવા તમામ સ્થળે રહેતા મુસાફરો ઉપર વોચ રાખવી અને તેની ચકાસણી કરવી ખુબ જરૂરી છે. આ પ્રકારે વોચ માટે ટેકનોલોજીના ઉપયોગથી હોટલ માલિકો અને પોલીસને સુવિધા રહે અને દૈનિક ધોરણે માહિતી પોલીસને ઓનલાઈન મળી રહે તે હેતુ એપ 'PATHIK' (Programme for Analysis of Traveller & Hotel Informatics) ગુજરાત પોલીસ દારા બહાર પાડવામાં આવેલ છે. આ PATHIK એપમાં દૈનિક ધોરણે દરેકે સ્થાનિક હોટલ-ગેસ્ટ હાઉસ, રીસોર્ટ / ફાર્મ હાઉસ / ધર્મશાળા/ ધાબા-કલબ હાઉસ / મુસાફરખાના / ધાર્મિક સ્થળો તથા અન્ય સ્થળોના સંચાલક/ માલિક/ભાગીદાર/ જવાબદારોએ એન્ટ્રી કરવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી.ઝાલા, G.A.S., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, જીલ્લો-નવસારી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે (૧) સ્થાનિક હોટલ-ગેસ્ટ હાઉસ, રીસોર્ટ / ફાર્મ હાઉસ / ધર્મશાળા / ધાબા-ક્લબ હાઉસ / મુસાફરખાના / ધાર્મિક સ્થળો તથા અન્ય સ્થળોના સંચાલક/ માલિક/ભાગીદાર/ જવાબદારોએ એન્ટ્રી કરવા માટે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેક્ટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવાનું રહેશે અને તેમાં ગુજરાત સરકાર દારા તૈયાર કરવામાં આવેલ 'PATHIK (Programme for Analysis of Traveller & Hotel Informatics) ઈન્સ્ટોલ કરવાની રહેશે તેમજ તેના મેન્યુઅલ રજીસ્ટરમાં થતી તમામ એન્ટ્રીઓ આ 'PATHIK' એપમાં ફરજીયાતપણે ઓનલાઈન કરવાની રહેશે.

**અમલવારીનો વિસ્તાર અને સમયગાળો**

આ હુકમ નવસારી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૧-૦૧-૨૦૨૬ થી તા.૨૮-૦૨-૨૦૨૬ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે નવસારી જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

---------------------------

**વંચાણે લીધા:-**

(૧) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્રનં.વિ.૧/કઅવ/૧૦-૨૦૦૪/૧૮૯૯, તા.૦૪/૦૩/૨૦૦૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર ક્રમાંક.એલ.આઈ.બી./જાહેરનામા/૪૦૯૯/૨૦૨૫, તા-૨૪/૧૨/૨૦૨૫

**જાહેરનામું**

**-:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ અન્વયે. ::-**

File No:NAV/mag/e-file/453/7410/2025.-આમુખ-(૨)થી પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની દરખાસ્તને ધ્યાને લેતાં, "બહારના રાજયોમાંથી તથા ગુજરાતના અન્ય વિસ્તારમાંથી અગર દેશ બહારથી આવતાં ત્રાસવાદી/અસામાજીક તત્વો કોઈના મકાન, ધંધાના એકમો, ઓફિસો ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતાં હોય છે. જેથી ભાડેથી મકાન, ધંધાના એકમો, ઓફિસો વિગેરેના સંચાલકો/માલિકો ઉપર નિયંત્રણો મુકવા સારૂ તેઓના ભાડુઆતોનાં મુળ રહેઠાણ/ હાલના રહેઠાણ અને અત્રે શું કામ ધંધાથી આવેલ છે અને કોની ભલામણથી ભાડુઆત આવેલ છે તે અંગેની ભાડૂઆતોની માહિતી / આઈ.ડી.પ્રુફ / ભાડા કરાર તથા હાલના ફોટોગ્રાફસ સહિતની માહિતી ઉપરાંત તેમનો ગુનાહિત ઈતિહાસ મેળવી સંબધિત પોલીસ સ્ટેશનમાં આપવા અંગેનું જાહેરનામું ઉક્ત સંદર્ભિત પત્રથી પ્રસિધ્ધ કરવામાં આવેલ જે જાહેરનામાંની મુદત પૂર્ણ થનાર હોય, સદરહું જાહેરનામું પુનઃ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

જિલ્લામાં ભુતકાળમાં તથા તાજેતરમાં લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવો બનેલ, આવા ગુનાઓની વિગતોમાં એવુ જોવા મળેલ કે કારખાનામાં, મકાન બાંધકામમાં તથા ફેકટરીઓમાં કામ કરતા પરપ્રાંતીય કારીગરો, તથા ગુજરાતના અન્ય વિસ્તારના લોકો ઉપરોકત ગંભીર પ્રકારના ગુન્હા પોતે તથા તેના સાગરીતો ધ્વારા આચર્યા બાદ ગુજરાતમાં અથવા અન્ય રાજયોમાં, પોતાના વતનમાં ભાગી જતા હોય છે. જેના કારણે

આવા ગુન્હાઓ વણશોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણાં કિસ્સામાં પરપ્રાંતીઓ, ગુજરાતના અન્યવિસ્તારના લોકો તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી અત્રેના જિલ્લામાં આશરો લેતા હોય છે તેવી હકીકત જણાઈ આવેલ છે. આવા ઈસમો, જિલ્લાની સલામતી અને શાંતિ જોખમાય તેવા કૃત્ય કરતાં હોય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ સરકારશ્રીના ગૃહવિભાગના સંદર્ભ(૧)થી સુચના મળેલ છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, GAS., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારી, જિલ્લો-નવસારી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

૧. સમગ્ર નવસારી જિલ્લામાં આવેલ તમામ કારખાનેદારો, વાણિજય એકમો, ઉત્પાદન એકમો, જુદાજુદા પ્રકારની સેવાઓ મેળવતા તમામ પ્રકારના એકમો કે શૈક્ષણિક એકમોકે બાકી રહેતા તમામ પ્રકારના એકમો કે જેઓ બહારના માણસોની સેવાઓ એક યા બીજી રીતે કાયમી કે કામચલાઉ ધોરણે પ્રાપ્ત કરી પોતાની કામગીરીનું સંચાલન કરે છે. તેમને આ જાહેરનામુ લાગુ પડશે. મકાન બાંધકામ બિલ્ડર્સ તથા અન્યઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો / મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો જે હાલમાં કામ ઉપર છે. તેવા કાયમી, હંગામી, રોજીદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો તથા મકાન માલિકોએ તેમના રાખેલ ભાડુઆતની માહિતી વિગેરેની હકીકત તૈયાર કરી સબંધિત જે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે દિન-૦૫માં આપવાની રહેશે.

૨. સમગ્ર નવસારી જિલ્લામાં આવેલ તમામ કારખાનેદારો,વાણિજય એકમો, જુદા જુદા પ્રકારની સેવાઓ મેળવતા તમામ પ્રકારના એકમો કે રહેણાંક એકમો કે શૈક્ષણિક એકમો કે બાકી રહેતા તમામ પ્રકારના એકમો કે જેઓ બહારના માણસોની સેવાઓ એક યા બીજી રીતે કાયમી કે કામચલાઉ ધોરણે પ્રાપ્ત કરી પોતાની કામગીરીનું સંચાલન કરે છે, મકાન બાંધકામ બિલ્ડર્સ તથા અન્યઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો જે હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખનાર કાયમી, હંગામી, રોજીદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી સબંધીત વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે દિન-૦૫માં આપવાની રહેશે.

ઉક્ત મુદ્દા. નં.૧ અને ૨ ની માહિતી નીચે દર્શાવેલ પરિશિષ્ટ-૧ અને ૨ મુજબની હકીકત તથા અન્ય જરૂરી બાયોડેટાની સીડી/માહિતીનું રજીસ્ટર તૈયાર કરી દિન-૦૫ માં જે તે વિસ્તારના પોલીસ સ્ટેશને આપવાનું રહેશે.

**પરિશિષ્ટ-૧**

| અ.નં. | માલીકનું નામ સરનામું, ટેલીફોન, મોબાઈલ નંબર તથા ધંધાની વિગત | કર્મચારીઓ, કારીગરો, મજુરનું પુરૂ નામ ઓળખચિન્હ તથા, સરનામું, ટેલીફોન નંબર તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ -સરનામા | કર્મચારી, કારીગર, મજુરને નોકરીએ રાખ્યાની તારીખ | કર્મચારી, કારીગર, મજુરને કોના રેફરન્સ, પરિચયથી ભલામણ થી નોકરીએ રાખેલ છે. તેનું નામ-સરનામું ટેલીફોન નંબર | નોકરનો ફોટો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

**પરિશિષ્ટ-૨**

| અ.નં. | મકાન/દુકાન/ઓફિસ ઔધોગિક એકમના ભાડે આપેલ તેની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ | મકાન/દુકાન/ઓફિસ ઔધોગિક એકમના માલિક તથા સત્તા વ્યક્તિનું સરનામું ધરાવતા નામ, ટેલીફોન નંબર | મકાન/દુકાન/ઓફિસ ઔધોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ | મકાન/દુકાન/ઓફિસ સબંધીઓના ઔધોગિક એકમ જે વ્યક્તિને ભાડે આપેલ છે તેનું પુરૂ નામ, સરનામું તથા બે નામ, સરનામાની વિગત | મકાન/દુકાન/ ઓફિસ ઔધોગિક માલિકસંચાલકને ભાડુઆતનો એકમના સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

જે કોઈ સંસ્થા, એસોસીએશન અથવા એજન્સી આ પ્રકારના કર્મચારી/કારીગરો/મજુરોની માહિતી એકત્ર કરવા માંગતા હોય તેમને સબંધીત એકમો તથા કામ કરતા કર્મચારીઓએ પુરતો સાથ સહકાર આપવો. તેમજ પુરેપુરી માહિતી આપવી.જે કોઈ આવી માહિતી આપવા ઈન્કાર કરે, અથવા અધુરી માહિતી આપે, કે માહિતી આપવામાં વિલંબ કરે તો પણ આ જાહેરનામા અંતર્ગત ભંગ થયેલો ગણાશે.

**અમલવારીનો વિસ્તાર અને સમયગાળો**

આ હુકમ નવસારી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૧-૦૧-૨૦૨૬ થી તા.૨૮-૦૨-૨૦૨૬ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે નવસારી જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**-:: અપવાદ ::-**

સરકારી કચેરીઓ, અર્ધસરકારી કચેરીઓ, ચૂંટાયેલી સંસ્થાઓને ઉપર મુજબનો હુકમ લાગુ પડશે નહિં.

આજ તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

---

**વંચાણે લીધા :-**

(૧) રાજય સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃવિ.૧/કઅવ/૧૦૨૦૨૧/૧૪૧૧ તા.૨૯/૦૮/૨૨

(૨) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારીના પત્ર ક્રમાક:-નં.એમએજી/ગણેશ પ્રતિમા/ઉંચાઇ/રજુઆત/વશી/૨૦૨૫ તા.૨૯/૦૫/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.**

File No:NAV/mag/e-file/453/7414/2025.-નવસારી જિલ્લામાં દર વર્ષે ઉજવવામાં આવતા ધાર્મિક તહેવારોની ઉજવણી દરમ્યાન જુદા-જુદા દેવી "ઓની મુર્તિઓની સ્થાપના કરવામાં આવે છે, અને સ્થાપના બાદ ધાર્મિક રીતિ રિવાજ મુજબ પ્રસંગ વિત્યા બાદ મૂર્તિઓને નદી, તળાવ તથા દરિયાનાં પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. દેવી / દેવતાઓની મૂર્તિઓની બનાવટમાં કેમીકલ યુકત રંગોનો ઉપયોગ થાય છે. આવી મૂર્તિઓને નદી, તળાવ તથા દરિયામાં વિસર્જન કરવામાં આવે છે. આ મૂર્તિઓ પાણીમાં ભળવાથી પાણીમાં રહેતાં જળચર જીવો, માછલીઓ વિગેરેનું મૃત્યુ થાય છે. જેના કારણે પાણી તથા પર્યાવરણને નુકશાન થાય છે.

મૂર્તિઓના વિર્સજન અંગે કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ દરિયા, નદી, તળાવના પાણીમાં તથા પર્યાવરણમાં થતાં પ્રદુષણ અટકાવવા માટે નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ધાર્મિક પ્રસંગો દરમ્યાન દેવી / દેવતાઓની મૂર્તિઓની બનાવટમાં તથા વિસર્જન સમયે નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું યોગરાજસિંહ બી. ઝાલા, GAS., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, જિલ્લો-નવસારી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

- પી.ઓ.પી. મૂર્તિઓ કુદરતી નદીઓ/ તળાવમાં વિસર્જન કરવા પર તથા તેના કિનારા ઉપર પૂજન વિધિ કરવા પર.
- મૂર્તિઓ બનાવટમાં અન્ય ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઈ ચિન્હો/નિશાનીઓ રાખવા પર.
- મૂર્તિ બનાવટમાં ઝેરી સિંન્થેટીક, રસાયણ/કેમિકલ, ડાયયુક્ત કલરના ઉપયોગ પર.
- મૂર્તિની ઉંચાઈ ૧૨-ફૂટથી વધારે રાખવા પર.
- મૂર્તિ બનાવટના સ્થળની આસપાસ ગંદકી કરવા પર.
- મૂર્તિકારો દ્રારા ખંડિત થયેલ મૂર્તિઓ તેમજ વેચાણ ન થયેલ મૂર્તિઓને બિનવારસી હાલતમાં છોડવા પર.

આ ઉપરાંત નીચે મુજબની સુચનાઓનું ફરજીયાતપણે પાલન કરવાનું રહેશે.

- નવસારી જિલ્લા બહારથી મૂર્તિઓ લાવી વેચનાર મૂર્તિકારો / વેપારીઓને પણ આ નિયમો લાગુ પડશે.
- મૂર્તિ વિસર્જન થયા બાદ તમામ પંડાલ / મંડપ બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા નહી

**અમલવારીનો વિસ્તાર અને સમયગાળો**

આ હુકમ નવસારી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૧-૦૧-૨૦૨૬ થી તા.૨૮-૦૨-૨૦૨૬ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે નવસારી જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

**વંચાણે લીધુ :-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર ક્રમાંક.એલ.આઇ.બી./જાહેરનામા/૪૦૯૯/૨૦૨૫ તા.૨૪/૧૨/૨૦૨૫

## જાહેરનામું

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું**

File No:NAV/mag/e-file/453/7414/2025.-પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની આમુખ(૧)થી રજુ થયેલ દરખાસ્ત ધ્યાને લેતાં, "નવસારી જીલ્લામાં ભુતકાળમાં બનેલ લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોની વિગતો જોતા ઘણા ખિસ્સાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલાઓમાં, કારખાનામાં, મકાન બાંધકામમાં, ટેક્ષટાઇલ ઉધોગોમાં, ફેકટરીઓમાં તથા પ્રાઇવેટ સેકટરમાં કામ કરતા ઘરઘાટી નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, માળી, કારીગરો, મજુરો વિગેરે માલિકોનો વિશ્વાસ કેળવી, તેઓ માલિકોની પ્રવૃતિ પર વોચ રાખી પોતે તથા તેના સાગિરતો ગુનાહિત કૃત્યો રચી ભાગી જતા હોય છે તેમજ ઘણા કિસ્સાઓમાં આવા પરપ્રાંતિયો તેમના વતનમાં કે અન્ય કોઇ શહેર/જીલ્લાઓમાં ગંભીર ગુનાઓ આચરી નવસારી જીલ્લામાં આશરો લેતા હોય છે. તેઓના માલિક/ઠેકેદારો વિગેરેની પુરતી માહિતી ન હોવાના કારણે પોલીસ તેઓ સુધી પહોંચી શકતી નથી અને આવા ઇસમો નકસલી આતંકવાદી વિગરે જેવી રાષ્ટ્રદ્રોહી પ્રવૃતિ સાથે સેંકળાયેલ હોય અથવા સંકળાવાના હોય તેવી સંભાવના નકારી શકાય નહી જેના લીધે જીલ્લાની સલામતી અને શાંતી જોખમાય તે યોગ્ય અને ઇચ્છનીય નથી. જેથી નવસારી જીલ્લામાં મકાનો/બંગલાઓ, કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષ ટાઇલ્સ ઉધોગ, હિરા ઉધોગ, ઓફિસો, દુકાનો, હોટલો, નગર નિગમો માટે મજુરી કામ કરતા પર પ્રાંતિય કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજુરો, ખાનગી એકમો, ઇંટના ભઠ્ઠા તથા અન્ય ઉધોગો સાથે સંકળાયેલ તમામ પ્રાઇવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં ધરઘાટી નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો, મજુરો જે હાલમાં કામ ઉપર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો/નોકરોની માહિતી/હકીકત સીટીઝન અંગેની તમામ નોંધણી પોર્ટલ વેબસાઇટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફસ્ટ એન્ડ્રોઇડ એપ્લીકેશન મારફતે ફરજીયાત નોંધણી કરાવવા તથા પોતાની પાસે રાખવા તથા કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો/નોકરની નાગરિકતા ફરજિયાત ચેક કરવા તથા સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા અંગેનું તથા ઉકત મુદ્દાની સાથે સામે નીચે દર્શાવેલ કોલમ મુજબની માહિતી પણ પોતાની સાથે રાખવા અંગે જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

| અ.ન. | વિગત |
|---|---|
| ૧ | મકાન/બંગલા, કારખાનેદાર, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઇલ્સ ઉધોગ, હીરા ઉધોગ તથા અન્ય ઉધોગ સાથે સંકળાયેલા તમામ પ્રાઇવેટ સેકટરના માલિકો/દલાલ/મેનેજમેન્ટ/સ્ટાફનું નામ તથા સરનામું અને ટેલીફોન નંબર. |
| ૨ | કામે રાખેલ નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઇવરો/રસોઇયા ઓનું પુરૂ નામ ઓળખ ચિન્હો, હાલનું પુરૂ સરનામુ, સ્થાનિક પો.સ્ટે.નું નામ, ટેલી ફોન નંબર |
| ૩ | કામે રાખેલ નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઇવરો/રસોઇયા ઓનું મુળ વતનનું પુરૂ સરનામુ, સ્થાનિક પો.સ્ટે.નું નામ, ટેલી ફોન નંબર. |
| ૪ | નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઇવરો/રસોઇયા ઓને રાખ્યાની તારીખ |
| ૫ | કોના ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે તેનું નામ/સરનામુ/ટેલી ફોન નંબર |
| ૬ | નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઇવરો/રસોઇયા નાઓના બે થી ત્રણ સગા સબંધિના નામ સરનામા, (સ્થાનિક તેમજ વતનના) |
| ૭ | નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઇવરો/રસોઇયાઓનો ફોટો |
| ૮ | નાગરિકતાના પુરાવા (આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણીકાર્ડ તથા અન્ય વિગેરે) |
| ૯ | નોકરો/મજુરો/કારીગરો જો વિદેશી નાગરિક હોય તો ફોરેનર્સ બ્રાંચ (એલ.આઇ.બી.) માં જાણ કરવી. |

વાસ્તે હું યોગરાજસિંહ બી. ઝાલા, GAS., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, જિલ્લો-નવસારી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રુએ આથી હુકમ કરૂં છું કે,

નવસારી જીલ્લામાં મકાનો/બંગલાઓ, કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષ ટાઇલ્સ ઉધોગ, હિરા ઉધોગ, ઓફિસો, દુકાનો, હોટલો, નગર નિગમો માટે મજુરી કામ કરતા પર પ્રાંતિય કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજુરો, ખાનગી એકમો, ઇંટના ભઠ્ઠા તથા અન્ય ઉધોગો સાથે સંકળાયેલ તમામ પ્રાઇવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં ધરઘાટી નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો, મજુરો જે હાલમાં કામ ઉપર છે તેવા તેમજ કામ તમામ નોંધણી સીટીઝન પોર્ટલ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો/નોકરોની માહિતી/હકીકત અંગેની વેબસાઇટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફસ્ટ એન્ડ્રોઇડ એપ્લીકેશન મારફતે ફરજીયાત નોંધણી કરાવવા તથા પોતાની પાસે રાખવા તથા કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો/નોકરની નાગરિકતા ફરજિયાત ચેક કરવા તથા સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા અંગેનું તથા ઉકત

મુદ્દાની સાથે સામે નીચે દર્શાવેલ કોલમ મુજબની માહિતી પણ પોતાની સાથે રાખવા ફરમાવું છું.

**અમલવારીનો વિસ્તાર અને સમયગાળો**

આ હુકમ નવસારી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૧-૦૧-૨૦૨૬ થી તા.૨૮-૦૨-૨૦૨૬ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે નવસારી જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

---------------------------

**વંચાણે લીધુ :-**

1. નામ.સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન નં.૭૨/૧૯૯૮, તા.૧૮/૦૭/૨૦૦૫,
2. પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ જાહેર કરાયેલ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦.
3. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં તા.૦૩/૧૨/૨૦૧૯ ના નોટિફિકેશન નં.GPCB/LGL:NGT: GENERAL: 115(2)/528796.
4. ગૃહ વિભાગનો તા.૨૧/૦૩/૨૦૨૪નો પરિપત્ર ક્રમાંક : HD/COU/e-file/8/2023/0331/M/P.F
5. ગૃહ વિભાગનો તા.૦૪/૦૫/૨૦૨૪નો પરિપત્ર ક્રમાંક : HD/COU/e-file/8/2023/0331/M/P.F
6. ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગરના પરિપત્ર નં. HD/COU/e-file/8/2023/0331/M/P.F તા.૧૬/૦૬/૨૦૨૫

**જાહેરનામું**

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું:-**

File No:NAV/mag/e-file/453/7413/2025.-વંચાણ (૧) થી (૨) ની વિગતે ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લાવવા સારું અને જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તાની જાળવણી માટે નામદાર સુપ્રિમ કોર્ટે જે નિર્દેશો આપ્યા છે તેમજ પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ ના વિભિન્ન પ્રાવધાનોની જાળવણી અને અમલવારી જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તા માટે જરૂરી બની રહે છે. વિભિન્ન પાર્ટી પ્લોટ, જાહેર સંસ્થાઓ, ખાનગી માલિકોના ફાર્મ તથા અન્ય જગ્યાઓએ મોટા અવાજ કરતા યંત્રો વગાડીને જાહેર જનતાને નુકશાન થાય તેવી રીતે વર્તતા હોય છે. સરઘસો, રેલીઓ અને વરઘોડામાં માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સિસ્ટમ વગાડનારાઓ લાંબા સમય સુધી જાહેર માર્ગો પર ઉભા રહી ટ્રાફિકને અડચણ કરી ટ્રાફિક જામ કરે છે અને વધુ ધ્વનિ તીવ્રતાથી મોટા કર્ણભેદી અવાજો, ઘોંઘાટમય સંગીત, ગીતો રેલાવી વિદ્યાર્થીઓના અભ્યાસમાં, દર્દીઓના આરામમાં, સિનિયર સીટીઝન અને લોકોના સ્વાસ્થ્યને નુકશાન કરી /કરાવી તબીબોના કામમાં ખલેલ પહોંચાડે છે. માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીરક જોકી) સિસ્ટમના અનિયંત્રિત પ્રયોગથી કોમી દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં સાંપ્રદાયિક અથડામણોના બનાવો પણ બની શકે છે. તેના પરિણામે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર થવાની સંભાવનાઓ વધી જાય છે.

જિલ્લામાં કોઈ પણ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતી તથા કાયદા પ્રત્યે માન જળવાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સિસ્ટમ દ્વારા થતા અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાના નિર્દેશો તથા ઘી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ, ૨૦૦૦ ની જોગવાઈઓ ધ્યાને લેતા માઈક, લાઉડ સ્પીક તથા ડી.જે. (ડીરક જોકી) સિસ્ટમ તેમજ તે પ્રકારના અવાજો ઉત્પન્ન કરતા યંત્રોના ઉપયોગ પર નિયંત્રણ કરવું ઘણું જ જરૂરી છે.

અવાજના પ્રદુષણને અટકાવવા અંગે વંચાણ (૩)થી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા તાત્કાલિક અસરથી સમગ્ર રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણના અસરકારક નિયંત્રણ માટે તમામ સાઉન્ડ સિસ્ટમ/ પબ્લિક એડ્રેસ સિસ્ટમમાં ''સાઉન્ડ લિમિટર્સ" નો ફરજિયાત ઉપયોગ કરવા સૂચના આપવામાં આવેલ છે. જેના અનુસંધાને ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ધ્વારા વંચાણ (૪) ના પરિપત્રથી "(૧) કોઈપણ ઉત્પાદક/વેપારી/ દુકાનદાર/કોઈપણ એજન્સી કે વ્યક્તિ સાઉન્ડ લિમિટર વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડર પીકર /સાઉન્ડ સિસ્ટમ વેચી/ખરીદી/સપ્લાય કે ઈન્સ્ટોલ કરી શકે નહીં. હાલની સાઉન્ડ સિસ્ટમ માટે પણ સાઉન્ડ લિમિટરનું ઈન્સ્ટોલેશન/રેટ્રોફિટિંગ ફરજિયાત કરવા તથા પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો તથા ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને કોઈપણ સરકારી અથવા બિન-સરકારી કાર્યમાં સાઉન્ડ લિમિટર લગાવ્યા વિના કોઈપણ ઑડિયો સિસ્ટમ અથવા પબ્લિક એડ્રેસ સિસ્ટમ ઈન્સ્ટોલ/ઉપયોગ કરવામાં ન આવે તે બાબતની ખાતરી કરવા સૂચના આપવામાં આવેલ છે. (૨) સરકારશ્રીના ધ્યાને આવેલ છે કે, ઘણા વાહનોમાં સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવે છે, કે જેમાં સાઉન્ડ લિમિટરનો ઉપયોગ કરવા આવતો નથી. આવા વાહનો અને સાઉન્ડ સિસ્ટમોની જપ્તી કરવાની કાર્યવાહીને વેગવંતી બનાવવી... આથી,

ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના વંચાણે લીધેલ તા. ૦૩/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશનનું ચુસ્તપણ પાલન કરવા, તેમજ ઉપરની કોઈપણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ વ્યક્તિ, જેવી ઉત્પાદક / વેપારી/ દુકાનદાર /વાહન-ચાલક/ કોઈપણ એજન્સી કે વ્યક્તિ સાઉન્ડ લિમિટર વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/ લાઉડસ્પીકર/સાઉન્ડ સિસ્ટમ વેચી/ખરીદી/સપ્લાય કરે તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવા પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો, ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને જણાવવામાં આવે છે. " તેવી સુચના પરિપત્રિત કરેલ છે.

આ ઉપરાંત ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા વંચાણ (૫) ના પરિપત્રથી '(૧) ધ્વનિ પ્રદૂષણ અંગેની ફરિયાદ કે જાણકારી મળતાં પીસીઆર કે પોલીસ ટીમ દ્વારા અત્યંત વિલંબથી પ્રતિભાવ આપવામાં આવે અથવા માત્ર ધ્વનિ પ્રદૂષણ બંધ કરાવવામાં આવે અને કોઈ કાયદેસરની કાર્યવાહી ન કરવામાં આવે અથવા અપૂરતી અને અયોગ્ય રીતે કાર્યવાહી કરવામાં આવે અથવા સ્થળ-તપાસ જ કરવામાં ન આવે એવા કિસ્સામાં જે તે પીસીઆરના ઈન્ચાર્જ/પોલીસ ટીમના ઈન્ચાર્જ/તપાસ કરનાર અધિકારીની સીધી જવાબદારી ગણવામાં આવશે. (૨) ધ્વનિ પ્રદૂષણ અંગેની ફરિયાદ અંગે માત્ર આયોજક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવે પણ ડીજે/ લાઉડસ્પીકરના માલિક/સંચાલક/ઓપરેટર વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં ન આવે અને ડીજે/લાઉડસ્પીકરની જપ્તી અંગે કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં ન આવે એવા કિસ્સામાં જે તે પીચીઆરના ઈન્ચાર્જ/પોલીસ ટીમના ઈન્ચાર્જ/તપાસ કરનાર અધિકારીની સીધી જવાબદારી ગણવામાં આવશે.(૩) પીસીઆર કે પોલીસ ટીમ દ્વારા ધ્વનિ પ્રદૂષણ અંગેની ફરિયાદ કે જાણકારી મળતાં ધ્વનિ પ્રદુષણના ચકાસણી કરવા સારૂ ફાળવેલ Digital Sound Level Meter Devices નો ઉપયોગ કરવાનો રહેશે. (૪) આવી કોઈ ફરિયાદ આવે કે બનાવ બને તો તેને ન અટકાવી શકવા માટે કે તે બાબતે કોઈ કાર્યવાહી ન કરવા માટે ઓપી/ચોકી ઈન્ચાર્જ અને થાણા ઈન્ચાર્જ ઉપરાંત જો આ ધ્વનિ પ્રદૂષણના નોટીફિકેશનનું ઉલ્લંઘન નાઈટ રાઉન્ડ દરમિયાન થયેલ હોય તો નાઈટ ડ્યુટી દરમિયાનના સ્થાનિક પોલીસના નાઈટ રાઉન્ડ ઈન્ચાર્જની સીધી જવાબદારી નક્કી કરવામાં આવશે. (૫) આ પ્રકારની ઘટનાઓ નિવારવામાં નિષ્ફળતા બદલ સુપરવાઈઝરી અધિકારીઓની લાગુ પડે ત્યાં નિષ્કાળજી, બેદરકારી, શિથિલતા, નિષ્ક્રિયતા ગણી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.” તેમ જણાવી ડીજે/લાઉડસ્પીકર વગાડવા માટેની પરવાનગી આપતી વખતે આ સાથે બિડેલ સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP) અનુરારવાની રહેશે તેમ જણાવી, નીચે મુજબની સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP) નક્કી કરેલ છે.

(૧) કોઈપણ કાર્યક્રમ કે સભા કે સરાસ અંગેની પરવાનગી જે-તે આયોજકે લેવાની રહેતી હોય છે. આ ઉપરાંત સદરહુ કાર્યકમ કે રસભા કે સરઘરા અંગે આયોજક સિવાય જે-તે ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator દ્વારા પણ અલગથી અને સ્વતંત્ર રીતે આવી સિસ્ટમ વગાડવા માટે The Noise Pollution (Regulation & Control) Rules, 2000 મુજબ સક્ષમ સત્તાધિકારી પાસેથી અલગથી ફરજીયાત પરવાનગી મેળવવાની રહેશે.

(૨) આયોજકની પૂરતી ચકાસણી સક્ષમ સત્તાધિકારીએ પરવાનગી આપતા પહેલા કરવી તથા આયોજક વતી પરવાનગી માંગનારને પરવાનગી ન આપીને ફક્ત આયોજકની ખરાઈ કરીને જ પરવાનગી આપવાની રહેશે. આ જ નિયમ ડીજે/લાઉડસ્પીકર અંગેની પરવાનગી માંગનારને પણ લાગુ પડશે.

(૩) આયોજકને પરવાનગી આપતી વખતે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશના નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ નિર્ધારિત કરવામાં આવેલ માપદંડો પ્રમાણે મર્યાદામાં ડીજે/લાઉડસ્પીકર વગાડશે તે અંગેની બાહેધરી લેવાની રહેશે. ડીજે/લાઉડસ્પીકર માલિક/ સંચાલક/operator એ પણ અલગથી પરવાનગી લેવાની રહેશે તેમજ તેમના દ્વારા પણ ઉપરોક્ત બાંહેધરી અલગથી અને સ્વતંત્ર રીતે આપવાની રહેશે.

(૪) સાઉન્ડ સિસ્ટમ સાથે સાઉન્ડ લિમિટર ઈન્સ્ટોલ કરેલ ન હોય તેવા માલિક/સંચાલક/operator ને મંજૂરી આપવાની રહેશે નહીં.

(૫) સાયલન્સ ઝોનની યાદી દર વર્ષે જિલ્લા કલેક્ટરશ્રી/પોલીસ કમિશ્નારશ્રી દ્વારા જાહેર કરવામાં આવશે તથા તેની યાદી તેમના public domain પર પણ મુકવામાં આવશે તથા તેની યાદી સ્થાનિક પોલીસને પણ આપવામાં આવશે. સ્થાનિક પોલીસ દ્વારા ડીજે/લાઉડર પીકરની વપરાશ કરવાની પરવાનગી આપતા પહેલા આ બાબત ધ્યાને લેવાની રહેશે તથા તે અનુસાર રૂટ/સ્થાનની પરવાનગી આપવાની રહેશે.

(૬) રાત્રીના ૧૦:૦૦ થી સવારના ૦૯:૦૦ વાગ્યા સુધી ડીજે/લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે નહી.

(૭) જે-તે આયોજક તથા જે-તે ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator એ પરવાનગી મેળવતી વખતે પરવાનગી આપનાર સત્તાધિકારીને અલગ-અલગ રીતે બાંહેધરી આપવી પડશે કે “અવાજનુ સ્તર પ્રવર્તમાન ધ્વનિ પ્રદૂષણ નિયમો, ૨૦૦૦ માં નિર્ધારિત ધોરણો મુજબ જાળવવામાં આવશે અને જો અવાજનું સ્તર નિર્ધારિત ધોરણો કરતાં વધી જશે તો તેઓ સક્ષમ સત્તાધિકારી દ્વારા થનાર નિયમાનુસારની તમામ કાયદેસરની કાર્યવાહી માટે જવાબદાર રહેશે.”

ઉપરોક્ત સૂચનાઓનું કડકપણે પાલન કરવા તમામ લાયરાન્સિંગ સત્તાવાળાઓ તથા પોલીસ સત્તાવાળાઓને આથી જણાવવામાં આવે છે.

વધુમાં, હાલ ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ધ્વારા વંચાણ (૬) થી પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ જાહેર કરાયેલ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦ નું અસરકારક અમલીકરણ થાય તેમજ નિ પ્રદૂષણનું અસરકારક નિયંત્રણ થાય તે હેતુથી પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો, ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવેલ છે.

a. સમગ્ર રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણના અસરકારક નિયંત્રણ માટે વંચાણે લીધા ક્રમાંક (૪) અને (૫) થી દર્શાવેલ ગૃહ વિભાગના તા.૨૧/૦૩/૨૦૨૪ અને તા:૦૪/૦૫/૨૦૨૪ ના પરિપત્રોનું ચુસ્તપણે અમલીકરણ કરવાનું રહેશે.

b. લાઉડ સ્પીકર/કોઈપણ પ્રકારની સાઉન્ડ સિસ્ટમ લગાવેલા ડી.જે. ટ્રક ધ્વનિ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કરે તો તેમના વિરુદ્ધ તાત્કાલિક નિયમાનુસાર પગલાં લેવાના રહેશે.

c. લાઉડ સ્પીકર/કોઈપણ પ્રકારની સાઉન્ડ સિસ્ટમ લગાવેલા કોઈપણ નવા ડી.જે. ટ્રકને અન્ય સૂચનાઓ પ્રસિદ્ધ ન થાય ત્યાં સુધી પરવાનગી આપવાની રહેશે નહિ.

d. હાલમાં ઉપયોગમાં લેવાઈ રહેલા ડી.જે. ટ્રક માટે સંબંધિત સત્તાવાળાની પરવાનગી લેવામાં આવેલ છે કે કેમ તે અંગેની સંબંધિત સત્તાવાળાએ પૂરતી ચકાસણી કરવાની રહેશે તેમ પરવાનગી વિના ડી.જે. ટ્રક ઉપયોગમાં લેવાતા હોવાની બાબત ધ્યાનમાં આવે તે કિસ્સામે તાત્કાલિક આવા ડી.જે. ટ્રક જપ્ત કરવાના રહેશે.

e. ગૃહ વિભાગના તા:૨૧/૩/૨૦૨૪ અને તા:૦૪/૦૫/૨૦૨૪ ના પરિપત્રો તેમજ આ પરિપત્રનું ચુસ્તપણે અમલીકરણ કરવામાં જો સંબંધિત સત્તાવાળા નિષ્ફળ રહેશે તો નિષ્કાળજી, શિથિલતા, નિષ્ક્રિયતા ગણી તેની સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

સબબ ઉપરોક્ત સૂચનાઓનું કડકપણે પાલન કરવા પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો, ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને જણાવવા નવસારી જિલ્લમાં ધ્વનિ પ્રદૂષણ અંગે જાહેરનામું બહાર પાડવુ ઉચિત જણાય છે.

**-:: હુકમ ::-**

વાસ્તે હું યોગરાજસિંહ બી. ઝાલા, GAS., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, જિલ્લો-નવસારી જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઇએ સમગ્ર નવસારી જિલ્લાના હદ વિસ્તારમાં તા.૦૧-૦૧-૨૦૨૬ થી તા.૨૮-૦૨-૨૦૨૬ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**:: પ્રતિબંધિત કૃત્ય ::**

(૧) ડી.જે. / સાઉન્ડ સિસ્ટમ/ પબ્લિક એડ્રેસ સિસ્ટમ / માઈક સિસ્ટમનો રાત્રિના ૧૦:૦૦ કલાક થી સવારના ૦૬:00 કલાક સુધીના સમય દરમ્યાન ઉપયોગ કરવા ઉપર. (સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન જ આવી પરવાનગી રાતના ૧૦:૦૦ કલાક ની જગ્યાએ ૧૨:00 કલાક સુધી મળી શકશે.)

(૨) ડી.જે./ માઈક સિસ્ટમ ભાડે આપનાર, માલિક, ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર દ્વારા સમગ્ર નવસારી જિલ્લાના હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે ડી.જે./માઈક સિસ્ટમ ભાડે આપવા ઉપર.

(૩) હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને "શાંત વિસ્તાર" તરીકે ગણવામાં આવે છે જેથી "શાંત વિસ્તાર" ની આજુબાજુમાં ડી.જે./ માઈક સિસ્ટમ કે તે પ્રકારના અવાજો ઉત્પન્ન કરતા યંત્રોનો ઉપયોગ કરવા ઉપર.

(૫) એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો, ગીતોનો ડી.જે./માઈક સિસ્ટમ માં ઉપયોગ કરવા ઉપર.

(૫) ટ્રાફિકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો / કાયદાઓનો અમલ થાય તે માટે જાહેર માર્ગમાં રોકાઈને નાચગાન, ગરબા વિગેરે કરવા ઉપર.

(૬) તમામ સાઉન્ડ સિસ્ટમ/ પબ્લિક એડ્રેસ સિસ્ટમમાં "સાઉન્ડ લિમિટર્સ" વગરના વાજિંત્રો/યંત્રો/ સાધનોના ઉપયોગ કરવા ઉપર.

(૭) "સાઉન્ડ લિમિટર્સ" વગરના વાજિંત્રો/ યંત્રો/ સાધનોના વેચાણ/ખરીદી/સપ્લાય કે ઈન્સ્ટોલ કરવા ઉપર.

(૮) "સાઉન્ડ લિમિટર્સ" ઈન્સ્ટોલ કર્યા વગર સાઉન્ડ સિસ્ટમનો વાહનોમાં ઉપયોગ કરવા ઉપર.

(૯) ડી.જે./ માઈક સિસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે. / માઈક સિસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તે રીતે જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

**:: ડી.જે./માઈક સિસ્ટમ વગાડવા માટેનાં પ્રતિબંધ માંથી છૂટછાટ માટેની શરતો ::**

1. ડી.જે./ માઈક સિસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ ભાગીદારે / અરજદારે પરવાનગી મેળવવાની અરજી સબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીને ૭-દિવસ પહેલા કરી પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

2. વરઘોડા/ રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી અરજદારશ્રીની રહેશે.

3. નવસારી જિલ્લાના સમગ્ર હદ વિસ્તારના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં ડી.જે. / માઈક સિસ્ટમનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહીં.

4. પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

5. પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીશ્રીને અરજી કરવાની રહેશે. પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

6. માઈક સિસ્ટમ વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના 09:00 કલાક થી રાત્રિના ૧૦:૦૦ સલાક સુધી જ થશે.

7. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ, ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે ડી.જે. / માઈક સિસ્ટમ રાત્રિના ૧૦:૦૦ કલાક થી સવારના ૦૬:00 કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ, આ સમય માટે ડી.જે./ માઈક સિસ્ટમના ઉપયોગ માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

**નોંધ:**

ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ૧૦:૦૦ કલાક ના જગ્યાએ ૧૨:૦૦ કલાક વાગ્યા સુધી મળી શકશે.

8. કોઈપણ વિસ્તારમાં હવામાનમાં ઘોંઘાટ, અવાજનું પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યાી મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦ થી ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

**નોંધ:-** કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સિસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

9. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સિસ્ટમ / વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે તે સંકુલની હદ બહાર જાય નહીં.

10. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સિસ્ટમ/ વાજીંત્ર સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવું નહીં તથા ચલાવવું નહીં.

11. ડી.જે./ માઈક સિસ્ટમની પરવાનગી ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન કરે તો તેને અટકાવવા માટે અધિકૃત કોઈ પણ અધિકારીશ્રી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનગી ધરાવનારને ડી.જે. / માઈક સિસ્ટમ વાપરવા માટે મનાઇ કરવાનો હુકમ કરી શકશે.

12. ફરજ પરનાં અધિકારીશ્રી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગેની શરતોનો કોઈ ભંગ કરે તો વાહન તથા ડી.જે. / માઈક સિસ્ટમ અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

13. સાઉન્ડ લિમિટર લગાવ્યા વિનાના કોઈપણ ડી.જે./ માઈક સિસ્ટમ/ લાઉડ સ્પિકર /પબ્લિક એડ્રેસ સિસ્ટમ/ સાઉન્ડ સિસ્ટમ વિગેરેનો જાહેરમાં ઉપયોગ કરી શકાશે નહી.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે નવસારી જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

---

**વંચાણે લીધું:-**

(૧) પોલીસ મહાનિર્દર્શક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્ર ક્રમાંક:જી.૧/કા.વ્ય/ટે.૨/જાહેરનામું/૮૩૯/૨૦૧૨

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર ક્રમાંક.એલ.આઇ.બી./જાહેરનામા/૪૦૯૯/૨૦૨૫ તા.૨૪/૧૨/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.**

File No:NAV/mag/e-file/453/7411/2025.-આમુખ-૧થી પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની દરખાસ્તને ધ્યાને લેતાં, રાષ્ટ્રીય સુરક્ષા અને રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિઓ ઉપર સતત વોચ રાખવા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો તથા ગુજરાતમાં ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો ધ્વારા અલગ અલગ જગ્યાઓએ શ્રેણી બધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલ્કત હાની કરવામાં આવેલ આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરતી ગેંગ રાજય બહારથી આવે છે. ગેરકાયદેસર પ્રવૃત્તિને કારણે નાગરીકોના જીવ જોખમાય છે. મિલ્કતને હાની પહોંચે છે. નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે ધીમે ધીમે નાગરીકો વિશ્વાસ ગુમાવે છે. મંદિરોમાંથી આભુષણોની ચોરી, વાહન ચોરીઓ, એન્ટીક મુર્તિઓની ચોરી, ધાડ, લુંટના ગુનાનાં કારણે નાગરીકો અસલામતી અનુભવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુનેગારોને પકડવામાં મુશ્કેલ બને છે. જેથી પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: જી.૧/કા.વ્ય/2.૨/જાહેરનામુ/૮૩૯/૨૦૧૨ ના પત્રના પત્રથી મળેલ સુચના અન્વયે.

વાસ્તે હું યોગરાજસિંહ બી. ઝાલા, GAS., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, જિલ્લો-નવસારી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) નવસારી જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુના અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુનાઓ શોધવા માટે જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલપંપ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફીકેશન થઈ શકે ગુનો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને એટલુ જ નહી ગુનેગારોની વિરુધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય જેથી જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલપંપ ઉપરના ફીલીંગ સ્ટેશનો ઉપર તથા પેટ્રોલપંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યકિતનું રેકોડીંગ થઈ શકે તે રીતે ગોઠવવા પેટ્રોલપંપ ઉપર આવતી જતી વ્યકિતોઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૨) નવસારી જિલ્લામાં આવેલ તમામ હોટલના ભોજનકક્ષ તથા હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજનકક્ષમાં બેઠેલી વ્યકિતઓનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) નવસારી જિલ્લામાં આવેલ તમામ ટોલ પ્લાઝા ઉપર આવતાં જતા દરેક વાહનોનાં નંબર આઈડેન્ટીફીકેશન થાય તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૪) નવસારી જિલ્લામાં આવેલ તમામ એ.ટી.એમ. સેન્ટરો ઉપર સી.સી.ટી.વી. કેમેરા અને ખાનગી સિકયુરીટી ગાર્ડ (૨૪ કલાક માટે) રાખવાં જેથી વ્યકિત ઓનું આઈડેન્ટીફીકેશન થઈ શકે સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવા કવોલીટીનાં રાખવા ૩૦ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે વ્યવસ્થા રાખવી.

(૫) નવસારી જિલ્લામાં આવેલ તમામ મોલ, પાર્ટી પ્લોટ, સિનેમા ગૃહો, બેન્કો, કલબો, અન્ય વ્યવસાયિક પ્રતિષ્ઠ ઈમારતો વિગેરે જગ્યાઓમાં અંદર બહારના વિસ્તારો પણ આવરી લે તે રીતે નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તથા સી.સી.ટી.વી. કેમેરાનું રેકોર્ડીંગ ૩૦-દિવસ સુધી સંગ્રહ કરવાનું અને તે જોવાની જવાબદારી સંચાલક/માલિકની રહેશે.

(૬) સી.સી.ટી.વી. કેમેરા નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશનનાં રાખવા કેમેરા પુરતી સંખ્યામાં રાખવાં જેથી વ્યકિત કે વાહન આઈડેન્ટીફીકેશન થઈ શકે સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોડીંગ કરી શકે તેવા કવોલીટીનાં રાખવા ૩૦ દિવસ સુધી રેકોડીંગ રહે તે વ્યવસ્થા રાખવી.

(૭) ચીલઝડપ, ચોરી, ધાડ, લુંટ, બોમ્બ બ્લાસ્ટ કરવાના પ્રયત્નો તથા સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડ-ભાડવાળા તેમજ લોકોની અવર-જવરવાળા વિસ્તારથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃતિને અંજામ આપતા હોય છે. જેથી માનવ જીંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલકતને નુકશાન ન થાય તે માટે જરૂરી તકેદારી રાખવા સારુ નવસારી જિલ્લામાં આવેલ મોટા ધાર્મિક સ્થળો કે જયાં કાયદો અને વ્યવસ્થા જોખમાવાની શક્યતા હોય, બેંકો, નાણાંકીય સંસ્થાઓ, સોના ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર જવેલર્સની દુકાનો, આંગડીયા પેઢીઓ, સુપર માર્કેટ/શોપીંગમોલ, શોપીંગ સેન્ટરો, કોર્મશીયલ સેન્ટરો, હોટલો, ગેસ્ટ હાઉસો, થિયેટરો, લોજીંગ બોર્ડીંગો, ધર્મશાળાઓ, અતિથીગૃહો,વિશ્રામગૃહોમાં બહુમાળી બિલ્ડીંગોમાં તથા મોટા ધાર્મિક સ્થળોમાં અંદરના ભાગે સી.સી.ટી.વી. કેમેરા મુકવા.

**અમલવારીનો વિસ્તાર અને સમયગાળો**

આ હુકમ નવસારી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૧-૦૧-૨૦૨૬ થી તા.૨૮-૦૨-૨૦૨૬ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે નવસારી જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

---------------------------

**વંચાણે લીધા:-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર ક્રમાંક.એલ.આઈ.બી./જાહેરનામા/૪૦૯૯/૨૦૨૫, તા-૨૪/૧૨/૨૦૨૫

**-: જાહેરનામું :-**

**-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૧) અન્વયે. :-**

File No:NAV/mag/e-file/453/7412/2025.-પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની આમુખ(૧)થી રજુ થયેલ દરખાસ્તને ધ્યાને લેતાં, "નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારના લોકોમાં સુલેહ રાખવા અને લોકોની સલામતિ અને જાહેર શાંતિ જળવાય તેમજ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ બનવા નહી પામે, તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અન્વયે કોઈ અધટિત ઘટના નહી બને અને કાયદો વ્યવસ્થાની પરિસ્થતિ જળવાય તે હેતુથી હથિયાર બંધી અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે."

વાસ્તે, નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવા "ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયેનું જાહેરનામું" બહાર પાડવું જરૂરી જણાતું હોય, મને મળેલ સતા રૂએ, હું યોગરાજસિંહ બી.ઝાલા, G.A.S., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, જીલ્લો-નવસારી કોઈપણ વ્યકિતઓને નીચે મુજબના જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

**કૃત્યો**

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી, અથવા શારીરિક હિંસા પહોંચાડવામા ઉપયોગમા લઈ શકાય કે તેવી અન્ય કોઈ ચીજો લઈ જવાની મનાઈ.

૨. પથ્થરો કે બીજા શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાની કે, તે એકઠા કરવાની તેમજ તૈયાર કરવાની

૩. કોઈ પણ સ્ફોટક પદાર્થ લઈ જવાની મનાઈ.

૪. કોઈપણ સરઘસમા જલતી કે પેટાવેલી મસાલ લઈ જવાની મનાઈ.

૫. વ્યકિતઓ અથવા તેના સબ અથવા આકૃતિઓ કે પૂતળા દેખાડવાની મનાઈ

૬. લોકોને બુમ પાડવાની ગીતો ગાવાની તથા વાઘ વગાડવાની,અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવાની, અશ્લીલ ગીતો ગાવાની અથવા ટોળીમા ફરવાની મનાઈ.

૭. જેનાથી સુરુચિ કે નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડો કે બીજા કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બનાવવા, તેનો ફેલાવો કરવાની આ હુકમ ના ખંડ ૧ થી ૭ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

**:: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો ::**

આ હુકમ નવસારી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૧-૦૧-૨૦૨૬ થી તા.૨૮-૦૨-૨૦૨૬ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ સજાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

---------------------------

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગરના પત્ર ક્રમાંક:સીસીઈ-૧૪૮૭-૨૦૨૫-(૨)-ઈએક્સ-૨ તા.૧૮/૧૨/૨૦૨૫

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નવસારીની કચેરીના પત્ર જા.નં.પ્રા.૨/૨૦૨૫/૧૪૮૩૨-૩૪ તા.૨૯/૧૨/૨૦૨૫

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ની કલમ ૧૩૬ અન્વયેનું.**

File No:NAV/mag/e-file/453/2026.-આમુખ(૧)થી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી તા.૦૪/૦૧/૨૦૨૬ના રોજ લેવાનારા રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ (જા.ક.૨૭/૨૦૨૫-૨૬)ની પરીક્ષા લેવાનાર હોઈ, સદર પરીક્ષા લેવાનાર હોઈ, સદર પરીક્ષા ઉમેદવારો સાનુકૂળ વાતાવરણમાં અને શાંતિથી આપી શકે તે માટે પરીક્ષા સ્થળોની આસપાસ જરૂરીયાત મુજબ પ્રતિબંધાત્મક હુકમો કરવા અને અમલ કરાવવા તેમજ પરીક્ષા સ્થળોની આસપાસ ઝેરોક્ષ/નકલો/ફેકસ સબંધિત દુકાનો બંધ કરાવવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ જે અન્વયે આમુખ(૨) થી નાયબ કો-ઓર્ડીનેટર (પરીક્ષા) અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નવસારી દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયેનું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

આથી નવસારી જિલ્લામાં નિયત કરેલ તમામ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાનું સંચાલન સરળ અને સુચારૂ થાય જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ શાંત અને સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પરીક્ષાના સમય દરમ્યાન અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા તથા હથિયાર કે પર કે પરીક્ષા સમય દરમ્યાન તેના ઉપયોગ પર કે લાઉડ સ્પીકર વગાડવા મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ લઈ જવા પર તથા પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષા/નકલો/ ફેકસ સબંધિત દુકાનો ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને યોગ્ય જણાય છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, G.A.S., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, જીલ્લો-નવસારી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે નિર્દિષ્ટ કરેલ નવસારી જિલ્લાનાં નિયત કરેલ પરીક્ષા કેન્દ્રોની અને બીલ્ડીંગની હદથી ૨૦૦ મીટરનાં ઘેરાવાનાં વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા, કોઈ પણ વ્યકિતએ (પરીક્ષાર્થી સહીત) હથિયાર, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ લઈ જવા ઉપર તેમજ લાઉડ સ્પીકર વગાડવા કે અવાજ મોટો કરવાનું કોઈ યંત્ર વગાડવા ઉપર તથા સદરહુ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ / નકલો / ફેકસ સબંધિત સેન્ટરો ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ તથા નીચે જણાવેલા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**કૃત્યો**

(૧) અન્ય કોઈ બિનઅધિકૃત વ્યકિતઆએ પ્રતિબંધિત પરીક્ષા કેન્દ્ર/બીલ્ડીંગના વિસ્તારમાં દાખલ થવું નહિ.

(૨) કોઈપણ ઈસમે, કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઆને પરીક્ષા વિષયક ચોરી કરવા /કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવા પર

(૩) પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ, વિક્ષેપ, ધ્યાનભંગ થાય તેવું કોઈપણ કૃત્ય કરવા / કરાવવા

(૪) પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી પ્રતિબંધિત કોઈપણ વસ્તુ,ઈલેકટ્રોનિક આઈટમ, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ, નકલો વિગેરેનું વહન કરવા કે કરાવવા માં મદદગારી કરવા પર

(૫) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવા / સભા બોલાવવા, સરઘસ કાઢવા કે ભેગા થવા પર

**આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાની સંચાલન કાર્યવાહીમાં રોકાયેલ સરકારી કર્મચારીઓ/ અધિકારીઓ.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા પોલીસ અધિક્ષાકશ્રી અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આ અર્થે અધિકૃત કરે તેવી બીજી વ્યકિતઓ.

(૩) આ હુકમ લગ્નનાં વરઘોડાને કે સ્મશાનયાત્રાને તથા રેલ્વે / એસ.ટી.માં મુસાફરી કરવા માંગતા બોનાફાઈડ વ્યક્તિઓને તથા ઉકત પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ/વિદ્યાર્થીઓને તેમજ પરીક્ષાની કામગીરી માટે રોકાયેલા અધિકૃત વ્યકિતઓને લાગુ પડશે નહીં.

**:: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો ::**

આ હુકમ નવસારી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૪-૦૧-૨૦૨૬ (રવિવાર)ના રોજ સવારે ૦૯:૦૦ થી બપોરે ૦૩:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

**:: સજા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે નવસારી જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૩/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

**યોગરાજસિંહ બી. ઝાલા**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
નવસારી.

---

**જાહેરનામું**

**:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું ::**

નં.એમએજી/ચાયનીઝ તુક્કલ-માંઝા/વશી.૯૬૧૩ થી ૯૬૪૭/૨૦૨૫.-આગામી તા.૧૪,૧૫/૦૧/૨૦૨૬ ના રોજ મકરસંક્રાતિ(ઉતરાયણ) નો તહેવાર આવનાર હોય, સંયુકત સચિવશ્રી (કા.વ્ય.) ગૃહ વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર નં.HD/

MIS/e-file/8/2025/0778/SB2 Dt.17/09/2025 થી જણાવેલ છે કે, ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરી (જેને હવે પછી "પ્રતિબંધિત સાધનસામગ્રી" તરીકે દર્શાવેલ છે) નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવા બાબતે વિગતવાર સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીનો ઉપયોગ વધારે પ્રમાણમાં કરવામાં આવે છે. 'સ્કાય લેન્ટર્ન(ચાઈનીઝ તુક્કલ) માં હલકી ક્વોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકસાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાના કારણે જાનમાલ અને સંપત્તિને ઘણું જ નુકસાન થાય છે. તથા ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના કારણે રાહદારી વ્યકિતના, વાહન ચાલકનાં ગળા કે શરીર સાથે ઘર્ષણ થવાનાં કારણે કપાય જવાનો કે શારીરિક ગંભીર ઈજા થવાનો ભય રહે છે, તેમજ આકાશમાંનાં પક્ષીઓ પંતગની દોરીમાં ભેરવાય જવાનાં કારણે ઘાયલ થતાં હોય છે, તેમજ પ્લાસ્ટીક સખત મટીરીયલ્સ ધરાવતી વસ્તુ હોય, તેના વેસ્ટ/કચરાને કારણે ડ્રેનેજ લાઇન બ્લોક થવી, પાણીનાં પ્રવાહને અવરોધ થવા તથા ગાય જેવાં પ્રાણીઓનાં ખોરાકમાં આવા દોરાઓ જવાથી તેઓને ગંભીર તકલીફો ઉદ્ભવે છે, તેમજ આવા દોરા ઈલેકટ્રીક થાંભલા પરનાં વિદ્યુત તાર કે કેબલ ઉપર પડવાથી કરંટ લાગવાનો તેમજ શોર્ટસર્કિટ થવાનાં કારણે આગ લાગવા જેવા ગંભીર પ્રકારનાં અકસ્માતો બનવાની પુરેપુરી શક્યતા રહે છે. જાહેર માર્ગો/રસ્તાઓ કે મકાનના ધાબા ઉપર ચડીને ભયજનક રીતે લોકો પતંગ ઉડાડતા હોય છે. જેને લઈને વ્યકિતઓની જાનને જોખમ ઉભું થવાની સંભાવના રહેલી છે. આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબજ મોટા અવાજમાં લાઉડસ્પીકર વગાડતા હોય છે. આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડતા હોય છે. જાહેર જનતાની સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી હેતુસર સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઇડલાઈનનું ઉત્તરાયણના તહેવાર દરમ્યાન સંપૂર્ણ પાલન થાય, તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટના સમક્ષ રીટ પીટીશન (પી.આઇ.એલ.) નં.૨૦/૨૦૧૫ માં નામદાર હાઇકોર્ટના તા:૨૨/૧૨/૨૦૧૫ ના હુકમ તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના સમક્ષની અન્ય રીટ પીટીશન (પી.આઇ.એલ.) નં. ૨૫૩/૨૦૧૬ માં નામ. ગુજરાત હાઈકોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ ના હુકમ તથા NGT તા.૧૧/૦૭/૨૦૧૭ ના હુકમ આધારે જાહેર સલામતી ખાતર નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો માટે પ્રતિબંધ ફરમાવું છું

**-:: પ્રતિબંધીત કૃત્યો ::-**

(૧) કોઇ પણ વ્યકિતએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા / ફૂટ પાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા ઉપર.

(૨) ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરી (જેને હવે પછી "પ્રતિબંધિત સાધનસામગ્રી" તરીકે દર્શાવેલ છે) નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ

(૩) કોઇ પણ પ્રકારના સિન્થેટીક પ્રકારના દોરા, સુતરાઉ દોરા કે બીજા કોઇ પણ પ્રકારના દોરા, લોખંડનો પાઉડર અથવા કાચનો ભુકો/પાઉડર કે અન્ય કોઇ પણ નુકશાનકારક પદાર્થ ચઢાવવામાં આવી તૈયાર કરવામાં આવેલ હોય અને નોન-બાયોડિગ્રેડિબલ હોય તેવા દોરા મેળવવા, સિન્થેટીક મટીરીયલ કોટીંગ થ્રેડ ખરીદવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા, તેનો ઉપયોગ કરવા, ઉત્પાદન કરવા, કે તેનાથી પતંગ ચગાવવા/ ઉડાવવા માટે તેનો ઉપયોગ કરવા પર તથા સ્થાનિક ખરીદી કરવા, વેચાણ કરવા ઉપર.

(૪) ઓનલાઈન પ્લેટફોર્મ મારફત ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરીની ઈ-કોમર્સ વિગેરેના માધ્યમથી ખરીદી કરવા તથા વેચાણ કરવા ઉપર પ્રતિબંધ.

(૫) દરેક સામાવાળોએ સિન્થેટીક માંઝા/નાયલોન દોરી અથવા તેના જેવા સિન્થેટીક કોટેડ દોરાની આયાત પર.

(૬) સવારના કલાક ૦૬/૦૦ થી ૦૮/૦૦ ના ગાળા દરમ્યાન પક્ષીઓ તેમના માળામાંથી બહાર તથા પરત માળામાં આવવાનો સમય હોવાથી તે દરમ્યાન પતંગના દોરાથી પક્ષીઓ વધુ ઘાયલ તથા ઈજાગ્રસ્ત થાય છે. તેથી તે સમય ગાળા દરમ્યાન પતંગ ઉડાવવા પર.

(૭) રેલ્વેટ્રેક નજીક તથા ઉપરથી ઉચ્ચ વોલ્ટેજ ટ્રેક્શન ધરાવતા સાધનો હોવાથી રેલ્વેટ્રેકની આજુબાજુ કે ઉપરથી પતંગ ઉડાવવા પર.

(૮) પતંગ ચંગાવવા (ઉડાડવા) માટે વપરાતી નાયલોન દોરી કે જે નાયલોન, સિન્થેટીક મટીરીયલ કે સિન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન- બાયોડિગ્રેડિબલ હોય તે ચાઈનીઝ દોરી મેળવવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા અને તેનાથી પતંગ ચગાવવાના ઉપયોગ કરવા પર તેમજ પતંગ ઉડાડવાથી કપાયેલ પતંગ/દોરી પકડવા ઉપર.

(૯) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા ઉપર.

(૧૦) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર.

**::અપવાદ::**

પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચોખાના લોટ, મેંદો, છોડ આધારિત ગુંદર અને અન્ય સમાન કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેસિવની મદદથી કાચના પાવડરનું કોટિંગ કરેલ ઓછી તિક્ષ્ણ-શક્તિ ધરાવતો કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તૂટી શકે તેવો હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલ હોય તથા તેમાં તમામ ઘટકો બાયોડિગ્રેડેબલ પદાર્થો હોવા જોઈએ તથા કોટનના દોરા પર કોટિંગ માટેનો કાચનો પાવડર ૧૦% થી વધુ ન હોવો જોઈએ, જ્યારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ 30%, મેંદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪% કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાચનો પાવડર, જે કોટિંગ પદાર્થનો ૧૦% હોઈ શકે છે, પરંતુ, તે કોટનના માંજાના કુલ વજનના ૦.૫% થી વધુ ન હોવું જોઈએ તેવો કોટનનો માંજો/દોરી વાપરવા પર

**:: પ્રતિબંધિત વિસ્તાર ::**

સુરત ગ્રામ્ય વિસ્તાર (પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેરના અધિકારક્ષેત્ર સિવાય)ની હદ વિસ્તાર

**:: અમલવારીનો સમય ::**

આ હુકમ તા. ૩૦/૧૨/૨૦૨૫ કલાક:૦૦/૦૦ થી તા.૧૬/૦૧/૨૦૨૬ કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તારીખ:- ૨૯/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો છે.

**વિજય રબારી**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

------------------

**સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રીકરણ અધિકારી દ્વારા**

**વંચાણે લીધા:-**

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક:- સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ તા-૦૮/૦૯/૨૦૧૫

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા-૨૪/૦૧/૨૦૨૨

(૩) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા-૧૦/૦૮/૨૦૨૨

(૪) સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક:એસ.વી.પ/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઇડલાઇન/ ૨૦૨૨ તા.૨૮/૦૧/૨૦૨૨

(૫) જિલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક:-સ્વામિત્વ યોજના/૧૨૬/જાહેરનામું/બીલગામ/નસવાડી/૨૦૨૫, તા-૧૯ /૧૨/૨૦૨૫

**જાહેરનામું:-**

નં:સ્વા.યોજના/બીલગામ/નસવાડી/૧૨૬/જાહેરનામું/૨૦૨૫.- ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ - SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ તથા ૩ ના ઠરાવથી જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના વંચાણ-૪ થી સ્વામિત્વ યોજના હેઠળ ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટ્રુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજે: બીલગામ તાલુકો-નસવાડી, જિલ્લો છોટાઉદપુરમાં સિટી સરવે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડી.ઇ.લે.રે.શ્રીની કચેરી, છોટાઉદેપુર દ્વારા તૈયાર કરી વંચાણ-પથી અત્રેને રજુ કરેલ છે. સદરહુ દરખાસ્ત અન્વયે ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઇ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ હું, મુસ્કાન ડાગર, સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રીકરણ અધિકારી, છોટાઉદેપુર તે મોજે: બીલગામ તાલુકો-નસવાડી, જિલ્લો:છોટાઉદેપુર ના આ સાથેના પત્રક-ક માં (સ.નં.૧) જણાવ્યા મુજબના સરવે નંબર/સરકારી પડતર/ગામતળને સિટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર ફરું છું.

છોટાઉદેપુર તા.૨૨/૧૨/૨૦૨૫

**મુસ્કાન ડાગર**
સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ
એકત્રીકરણ અધિકારી,
છોટાઉદેપુર.

------------------

**જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા**

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૨) નામ.ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૧નું સત્તા સોપણીનું જાહેરનામું ક્રમાંક : GHKH-51-2005-NSB-12-2002-3011-CH

(૩) સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક) મિલ્ક ઓડીટ ઓફિસ, સુરત તા.૨૫/૧૧/૨૦૨૪ના પત્ર સાથે બિડાણ થઈ આવેલ શ્રી આર. ડી.વસાવા પ્રમાણિત ઓડીટર સ.મં.સુરત પેનલ નં.-sur /૧૬ના તા.૨૧/૧૦/૨૦૨૪ થી મંડળીને કલમ-૧૦૭ અન્વયેથીની કારણદર્શક નોટીશ, તથા ઓડીટ રિપોર્ટ તા.૧/૦૪/૨૦૧૯ થી તા.૩૧/૦૩/૨૦૨૪.

(૪) અત્રેની કચેરીના તા.૧૩/૧૨/૨૦૨૪ પત્ર ક્રમાંક-DRCSSRT/0045/12/2024 ની સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયેની કારણદર્શક નોટીશ. તથા અત્રેની કચેરીના વખતોવખત ના સુનાવણીના પત્ર.

(૫) અત્રેની કચેરીના તા.૦૨/૦૯/૨૦૨૫ના પત્ર ક્રમાંક-DRCSSRT/0124/08/2025 ની સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયેનો વચગાળાનો હુકમ.

(૬) અત્રેની કચેરીના તા.૨૩/૦૩/૨૦૨૬ના પત્ર ક્રમાંક : ફડચ/ઉખસ / ૦૧/ખ/૨૪/૨૦૨૬નો ફડચા અધિકારીઓની નિમણુંકનો સુધારા હુકમ.

**સહકારી કાયદાની કલમ-૧૦૭ ની જોગવાઈ મુજબનો અંતિમ આદેશ.**

**પ્રસ્તાવના**

File NO :- DRCSSRT/MTS/e-file/1334/2024/0889/.- ધી ઉમરપાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.ઠે. મુ.ઉમરપાડા, તા.ઉમરપાડા, જી.સુરત કે જે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી નં. સે(દુ)-૨૩૨૦૩ તા.૦૬/૧૦/૧૯૮૯ થી નોંધાયેલ દુધ મંડળી છે. (જેનો હવે પછી આ કામે ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.)

વંચાણે લીધા ક્રમાંક-૩ ના અહેવાલ મુજબ સ્પેશ્યલ ઓડીટર મિલ્ક ઓફીસ, સુરતના તા.૨૫/૧૧/૨૦૨૪ના પત્ર ક્રમાંકઃ SAMAO/0060/11/2024 ના પત્ર સાથે બિડાણ થઈ આવેલ પ્રમાણિત ઓડીટર સ.મં.સુરત પેનલ નં.sur/૧૬ એ તા.૨૧/૧૦/૨૦૨૪ ના અહેવાલમાં જણાવેલ છે કે, સદર મંડળીનું તા.૦૧/૦૪/૨૦૧૯ થી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીના સમયનું ઓડીટ સુપ્રત કરવામાં આવેલ છે. જે અન્વયે સદર મંડળીનું ઓડીટ હાથ ધરી તા.૨૫/૦૯/૨૦૨૪ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે, અને ઓડીટરશ્રીએ સદર મંડળીને ફડચામાં લઈ જવાની ભલામણ કરેલ છે અને દરખાસ્ત સાથે તા.૩૧/૦૩/૨૦૨૪ના ઓડીટ રિપોર્ટ, તારીજ સરવૈયાની નકલ રજુ કરેલ છે.

વંચાણે લીધા આમુખ : ૪ અત્રેની કચેરીના તા.૧૩/૧૨/૨૦૨૪ના પત્રથી સહકારી કાયદા કાનુન અને મંજુર પેટાનિયમની જોગવાઈઓની ફરજેના ભંગ બદલ મંડળીને કસુરવાર ગણી ફડચામાં કેમ ન લઈ જવી? તે સબબ સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે કારણદર્શક નોટીશ આપવામાં આવેલ હતી, અને ઉપરોકત નોટીશની વિગતોને આધીન મંડળીએ જે કાંઈ લેખિત/મૌખિક રજુઆત કરવી હોય તો તે માટે તા.૨૩/૧૨/૨૦૨૪ના રોજ આધાર પુરાવા સહ રૂબરૂ પ્રત્યુત્તર રજુ કરવા જણાવેલ હતું. ત્યારબાદ વખતોવખતના પત્રોથી મંડળીના હોદેદારોને હાજર રહેવા જણાવેલ છતાં આજદિન સુધી મંડળીના કોઈ હોદેદાર હાજર રહેલ નથી કે મંડળી તરફથી કોઈ લેખિત કે મૌખિક રજુઆત મળેલ નથી.

વંચાણે લીધા ક્રમાંક-૫ થી અત્રેની તા.૦૨/૦૯/૨૦૨૫ના પત્ર ક્રમાંક : DRCSSRT/0124/08/2025 થી ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો અને આ આદેશ સામે મંડળીના કોઈ હોદેદારોને વાંધો કે રજુઆત કરવાની હોય તો નિયત સમયમાં વાંધો લેખિત/મૌખિકમાં અત્રે રજુઆત કરવા જણાવવામાં આવેલ હતું. પરંતુ હુકમમાં આવેલ મુદત દરમ્યાન મંડળી તરફથી કે કોઈ હોદેદારો તરફથી લેખિતમાં વાંધોઓ કે મૌખિક રજુઆત અત્રેની કચેરીને મળેલ નથી.

વંચાણે લીધા ક્રમાંક-૬ થી વંચાણે લીધા ક્રમાંક-૫ મુજબ સહકારી કાયદાની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એન. ડી.બારેજીયા ઓડીટર ગ્રેડ-૧ લગત જિલ્લા રજીસ્ટ્રાર સ.મં.સુરતની નિમણુંક કરવામાં આવેલ હતી. પરંતુ શ્રી બારેજીયા તા.૩૧/૦૩/૨૦૨૬ના રોજ વયનિવૃતિ થનાર હોય ફડચા અધિકારી તરીકે તેમના બદલે શ્રી એન. જે.કારેલીયા ઓડીટર ગ્રેડ-૧ (બેકીંગ) લગત જી.રજીસ્ટ્રાર સ.મં.સુરતની નિમણુંક કરવામાં આવેલ છે.

આમ ઉપરોકત વિગતો જોતા મંડળી તેના મંજુર થયેલ પેટાનિયમમાં દર્શાવેલ ઉદેશો મુજબની કામગીરી કરેલ નથી. મંડળીના સભાસદોને સદર મંડળી ચલાવવામાં રસ ન હોય, તથા મંડળીની વ્યવસ્થાપક કમિટી દ્વારા કાયદાકીય ફરજો બજાવવામાં સતત ગંભીર બેદરકારી રાખવામાં આવેલ હોય એવું ફલિત થાય છે. એવા સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળની જોગવાઈઓ કે જે નીચે મુજબ છે.

<u>વંચાણે લીધેલ ક્રમાંક (૧) ની કલમ-૧૦૭ મંડળી આટોપી લેવા બાબત</u>

(૧) પેટા કલમ-૧-સી (ક) માં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે : કલમ ૮૬ મુજબ, તપાસ કરવામાં આવે તે પછી અથવા કલમ ૮૭ મુજબ તપાસણી કરવામાં આવે તે પછી, અથવા મંડળીના હિસાબોનું ઓડીટ કરનાર ઓડીટરના રીપોર્ટ ઉપરથી, અથવા

૧(ક) કલમ-૮૬ હેઠળ તપાસ યોજવામાં આવી હોય તે પછી, કલમ-૮૪ ની પેટા કલમ (૮), કલમ-૮૭ અથવા કલમ-૮૮ની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ હેઠળ તપાસણી યોજવામા આવી હોય તે પછી અથવા મંડળીના હિસાબોનું ઓડિટ કરનાર ઓડિટરના રિપોર્ટ ઉપરથી, અથવા

(બી) મંડળી આટોપી લેવાના હેતુ માટે બોલાવેલી ખાસ સામાન્ય સભામાં હાજર રહેલા મંડળીના ત્રણ ચતુર્થાંશ સભ્યોએ પસાર કરેલા ઠરાવ સાથે અરજી મળે એટલે, અથવા

(સી) (૧) જેણે કામકાજ શરૂ કર્યુ ન હોય, અથવા

(૨) જે મંડળી કામકાજ કરતી બંધ થઈ હોય, અથવા

(૩) જે મંડળી વધુમાં પાંચસો રૂપિયા સુધીના શેરો અથવા સભ્યોની થાપણો ધરાવતી હોય, અથવા

(૪) જે તે મંડળી આ અધિનિયમની અથવા ''નિયમો અથવા ઉપ-નિયમોની અથવા'' રજિસ્ટ્રેશન તથા વ્યવસ્થા અંગે કોઈ શરતોનું પાલન કરતી બંધ થઈ હોય, તે મંડળીની બાબતમાં રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે તેનો આટોપી લેવી જોઈએ, તો તે મંડળીને આટોપી લેવી તેવું ફરમાવતો વચગાળાનો હુકમ તે કરી શકશે.

(૫) પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડેલા કોઈ આદેશોનું અથવા કલમની પેટા કલમ (૨) હેઠળ ફેરફાર કર્યા પ્રમાણેના એવા આદેશોનું પાલન કર્યું ન હોય.

(૨) પેટા-કલમ-(૧) ના ખંડ (એ) અથવા (સી) ના પેટા ખંડ (૪) માં દર્શાવવામાં આવેલ કારણે વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે તેની એક નકલ ઠરાવેલી રીતે મંડળીનો મોકલવી જોઈશે. તેમાં એવો હુકમ કાઢયાની તારીખથી એક મહિનાની અંદર રજીસ્ટ્રાર સમક્ષ પોતાનો ખુલાસો સાદર કરવાનું મંડળીને ફરમાવવું.

(૩) મંડળીને જે કંઈ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી રજીસ્ટ્રારે વચગાળાનો હુકમ રદ કરતો અથવા બહાલી આપતો આખરી હુકમ કરવો જોઈશે.

આમ ઉપરોકત વિગતો જોતા મંડળી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની પેટા કલમ-૧ (ક) (સી) (૨) મુજબ કામગીરી કરતી બંધ થયેલ છે, અને મંડળી હાલ સ્થગિત અવસ્થામાં છે, જેથી મંડળી તેના મંજુર થયેલ પેટાનિયમોના ઉદ્દેશો મુજબની પ્રવૃત્તિઓ કરતી બંધ થયેલ છે, તથા પેટા કલમ-૧ (સી) (૫) (૨) મુજબ સદર મંડળીના હોદ્દેદારો તથા સભાસદો તરફથી નિયત સમય મર્યાદામાં કોઈ વાંધા મળેલ નથી. જેથી । ના હોદ્દેદારોને મંડળી ચલાવવામાં કોઈપણ રસ જણાતો નથી એવુ ફલિત થાય છે, તથા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓને ધ્યાને લેતાં સદર મંડળી નોંધણીના ઉદ્દેશો બર લાવી શકે તેમ જણાતું નથી, એવા સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

**અંતિમ આદેશ**

આથી હું એચ.ડી.કાછડ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરત વંચાણે લીધેલ ક્રમાંકઃ-૧ ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ સને-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓને આધિન તથા વંચાણે લીધેલ ક્રમાંક ઃ-૨ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ધી ઉમરપાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.ઠે. મુ.ઉમરપાડા, તા.ઉમરપાડા, જી.સુરત કે જે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી નં. સે.(દુ) - ૨૩૨૦૩ તા.૦૬/૧૦/૧૯૮૯ થી નોંધાયેલ દુધ મંડળી છે. જેને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરું છ

સુરત તા.૨૩/૦૪/૨૦૨૬

**એચ.ડી.કાછડ**
જીલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, સુરત

-----------------

જા.નં:-નધણ/CSVALSEMILK/202603849/૨૮/૧૧૦૭/૨૦૨૬.-આથી જાહેર કરે છે કે, મહિલા સંચાલિત શ્રી કૃષ્ણ બાંદુશા ફ.લીખવડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.લીખવડ પો.શાહુડા તા.કપરાડા. જિ.વલસાડને સને ૧૯૬૧ની ગુજરાત સહકારી કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો સને ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

વલસાડ તા.૧૭/૦૪/૨૦૨૬

-----------------

**વંચાણે લીધા ઃ-**

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૨) નામ.ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૨૧નું સત્તા સોપણીનું જાહેરનામું ક્રમાંક : GHKH-51-NSB-12-2002-3011-CH

(૩) શ્રી આઈ.બી.પટેલ પ્રમાણિત અનવેષક (ખા.,નિ. વર્ગ-૩) પેનલ નં.-૨૪૮, વલસાડ, તા.૧૧/૦૯/૨૦૨૫નો મંડળીને કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ તથા ઓડીટ રિપોર્ટ તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૩/૨૦૨૪.

(૪) અત્રેની કચેરીના Letter No : DRCSVLS/0022/09/2025 Dt :03-10-2025 થી કારણદર્શક નોટીશ-૧,

**સહકારી કાયદાની કલમ-૧૦૭ ની જોગવાઈ મુજબનો અંતિમ આદેશ.**

**પ્રસ્તાવના**

File NO :- DRCSVLS/LIQ/e-file/1323/2025/0147.- આદિવાસી કામગાર મજૂર અને કામગારોની સહકારી મંડળી લી મુ.તુતરખેડ, પો.મોહાપાડા તા.ધરમપુર જિ.વલસાડ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ઉ-૧૨૫૯૫ તા.૦૩/૦૧/૨૦૦૬ થી નોંધાયેલ મંજૂર અને કામગારોની સહકારી મંડળી છે. (જેનો હવે આ કામે ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.)

વંચાણે લીધા આમુખ-(૩) ના અહેવાલ મુજબ શ્રી આઈ. બી.પટેલ પ્રમાણિત અનવેષક (ખા.,નિ. વર્ગ-૩) પેનલ નં.-૨૪૮, વલસાડ, તા.૧૧/૦૯/૨૦૨૫ ના અહેવાલમાં જણાવેલ છે કે સદર મંડળીનુ તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીનું ઓડીટ હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ ઓડીટરશ્રીએ દરખાસ્ત સાથે તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીના તારીખ સરવૈયાની નકલ રજુ કરેલ છે.અને નીચે મુજબના કારણોસહ સદર મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે.

(૧) નોંધણી બાદ ઉદેશો મુજબ પ્રવૃતિ શરૂ કરેલ નથી.

(૨) સહકારી કાયદાની કલમ-૭૭ મુજબ વાર્ષિક સભાઓ મેળવેલ નથી.

(૩) પેટાનિયમો અનુસાર વ્ય.કમિટીની સભા મેળવેલ નથી.

(૪) મંડળીનો સતત ઓડીટ વર્ગ ડ (D) આપેલ છે.

(૫) મંડળીના સંચાલકો પ્રવૃતિ શરૂ કરી શકે તેમ સક્ષમ નથી તેમનો લેખિત સંમતિપત્ર આ સાથે સામેલ છે.

(૬) નામદાર સરકારશ્રી દ્વારા હાલમાં મંડળીને બાંધકામના કામો મળતા નથી.

આમ ઉપરોકત વિગતો જોતા મંડળી તેના મંજુર થયેલ પેટા નિયમમાં દર્શાવેલ ઉદેશો મુજબની કામગીરી કરેલ નથી. મંડળીની સભાસદોને સદર મંડળી ચલાવવામાં રસ ન હોય, તથા મંડળીની વ્યવસ્થાપક કમિટી દ્વારા કાયદાકીય ફરજો બજાવવામાં સતત ગંભીર બેદરકારી રાખવામાં આવેલ હોય એવું ફલિત થાય છે. એવા સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળની જોગવાઈઓ કે જે નીચે મુજબ છે.

<u>વંચાણે લીધેલ ક્રમાંક (૧) ની કલમ-૧૦૭ મંડળી આટોપી લેવા બાબત</u>

(૧) પેટા કલમ-૧-સી (ક) માં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે : કલમ ૮૬ મુજબ, તપાસ કરવામાં આવે તે પછી અથવા કલમ ૮૭ મુજબ તપાસણી કરવામાં આવે તે પછી, અથવા મંડળીના હિસાબોનું ઓડીટ કરનાર ઓડીટરના રીપોર્ટ ઉપરથી, અથવા

(બી) મંડળી આટોપી લેવાના હેતુ માટે બોલાવેલી ખાસ સામાન્ય સભામાં હાજર રહેલા મંડળીના ત્રણ ચતુર્થાંશ સભ્યોએ પસાર કરેલા ઠરાવ સાથે અરજી મળે એટલે, અથવા

(સી) (૧) જેણે કામકાજ શરૂ કર્યુ ન હોય, અથવા

(૨) જે મંડળી કામકાજ કરતી બંધ થઈ હોય, અથવા

(૩) જે મંડળી વધુમાં પાંચસો રૂપિયા સુધીના શેરો અથવા સભ્યોની થાપણો ધરાવતી હોય, અથવા

(૪) જે તે મંડળી આ અધિનિયમની અથવા ''નિયમો અથવા ઉપ-નિયમોની અથવા'' રજિસ્ટ્રેશન તથા વ્યવસ્થા અંગે કોઈ શરતોનું પાલન કરતી બંધ થઈ હોય, તે મંડળીની બાબતમાં રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે તેનો આટોપી લેવી જોઈએ, તો તે મંડળીને આટોપી લેવી તેવું ફરમાવતો વચગાળાનો હુકમ તે કરી શકશે.

(૫) પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડેલા કોઈ આદેશોનું અથવા કલમની પેટા કલમ (૨) હેઠળ ફેરફાર કર્યા પ્રમાણેના એવા આદેશોનું પાલન કર્યુ ન હોય.

(૨) પેટા-કલમ-(૧) ના ખંડ (એ) અથવા (સી) ના પેટા ખંડ (૪) માં દર્શાવવામાં આવેલ કારણે વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે તેની એક નકલ ઠરાવેલી રીતે મંડળીનો મોકલવી જોઈશે. તેમાં એવો હુકમ કાઢયાની તારીખથી એક મહિનાની અંદર રજીસ્ટ્રાર સમક્ષ પોતાનો ખુલાસો સાદર કરવાનું મંડળીને ફરમાવવું.

(૩) મંડળીને જે કંઈ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી રજીસ્ટ્રારે વચગાળાનો હુકમ રદ કરતો અથવા બહાલી આપતો આખરી હુકમ કરવો જોઈશે.

આમ ઉપરોકત પ્રસ્તાવનાની વિગતો જોતા મંડળી તેના નોંધણીના ઉદ્દેશોને બર લાવી શકે તેમ જણાતું નથી. વધુમાં વંચાણે લીધેલ ક્રમાંક-(૪) નાં અનુસંધાને અત્રેની કચેરીમાં તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજે ૧૨:૦૦ કલાકે અત્રેની કચેરીમાં રૂબરૂ હાજર રહી મંડળીને ચાલુ રાખવા મંડળીને ચાલુ રાખવા મંડળીને ચાલુ રાખવા મંડળી વતી કોઈપણ હોદેદાર કે પ્રતિનિધિ હાજર રહેલ નથી તથા મૌખિક કે લેખિત રજુઆત અત્રેને મળેલ નથી. આમ ઓડીટરશ્રી સદર સંસ્થાને ફડચામાં લઈ જવાની ભલામણને ગ્રાહ્ય રાખી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓને આધીન નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

**અંતિમ આદેશ**

આથી હુ શ્રી બી.કે.છત્રોલા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ લીધેલ ક્રમાંક-(૧) ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ની જોગવાઈઓને આધિન તથા આમુખના વંચાણે લીધેલ ક્રમાંક : (૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આદિવાસી કામગાર મજૂર અને કામગારોની સહકારી મંડળી લી મુ.તુતરખેડ, પો.મોહાપાડા તા.ધરમપુર જિ.વલસાડ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી નં. સે.ઉ- ૨૫૯૫ તા.૦૩/૦૧/૨૦૦૬ થી નોંધાયેલ મજુર સહકારી મંડળી છે છે જેને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરું છું. અને સહકારી કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડની નિમણૂંક કરૂ છું. તથા આ અંગે સદર વચગાળાનો આદેશ સામે મંડળીને કંઈ વાંધો હોય તો આ આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવવામાં આવે છે.

વલસાડ તા.૧૯/૦૪/૨૦૨૬

-----------------

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૨) નામ.ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૨૧નું સત્તા સોપણીનું જાહેરનામું ક્રમાંક : GHKH-51-2005-NSB-12-2002-3011-CH

(૩) શ્રી જે.આર.પટેલ પ્રમાણિત અન્વેષક નં. VAL/12, વલસાડ, તા.૨૯/૧૧/૨૦૨૪નો મંડળીને કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ તથા ઓડીટ રિપોર્ટ તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૨૪.

(૪) અત્રેની કચેરીના Letter No : DRCSVLS/0023/09/2025 થી કારણદર્શક નોટીશ-૧,

**સહકારી કાયદાની કલમ-૧૦૭ ની જોગવાઈ મુજબનો અંતિમ આદેશ.**

**પ્રસ્તાવના**

File NO:-DRCSVLS/LIQ/e-file/1323/2025/0148.-ખોડીયારમાં વૃક્ષ ઉછેર વ્યસ્થા સહકારી મંડળી લી.મુ. પો. કેળવણી તા.ધરમપુર જિ.વલસાડ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ઉ-૧૪૧૮૫

તા.૧૪/૧૦/૨૦૦૮ થી નોંધાયેલ વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી છે. (જેનો હવે આ કામે ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.)

શ્રી જે.આર.પટેલ પ્રમાણિત અન્વેષક નં. VAL/12, વલસાડ, તા.૨૯/૧૧/૨૦૨૪ ના અહેવાલમાં જણાવેલ છે કે સદર મંડળીનુ તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીનું ઓડીટ હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ ઓડીટરશ્રીએ દરખાસ્ત સાથે તા.૩૧/૦૩/૨૦૨૪ ના તારીજ સરવૈયાની નકલ રજુ કરેલ છે. અને નીચે મુજબના કારણોસહ સદર મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે.

(૧) મંડળીએ ઓડીટ દુરસ્તી નથી.

(૨) મંડળીએ વાર્ષિક સા.સભા કે ખાસ સભા મેળવેલ નથી.

(૩) તપાસણી સમયમાં મંડળીએ એકપણ કમિટિ બેઠક મેળવેલ નથી.

(૪) મંડળીએ ઉદ્દેશ મુજબની ઘણા વર્ષોથી પ્રવૃતિ કરેલ નથી.

આમ ઉપરોકત વિગતો જોતા મંડળી તેના મંજુર થયેલ પેટા નિયમમાં દર્શાવેલ ઉદ્દેશો મુજબની કામગીરી કરેલ નથી. મંડળીની સભાસદોને સદર મંડળી ચલાવવામાં રસ ન હોય, તથા મંડળીની વ્યવસ્થાપક કમિટી દ્વારા કાયદાકીય ફરજો બજાવવામાં સતત ગંભીર બેદરકારી રાખવામાં આવેલ હોય એવું ફલિત થાય છે. એવા સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળની જોગવાઈઓ કે જે નીચે મુજબ છે.

<u>વંચાણે લીધેલ ક્રમાંક (૧) ની કલમ-૧૦૭ મંડળી આટોપી લેવા બાબત</u>

(૧) પેટા કલમ-૧-સી (ક) માં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે : કલમ ૮૬ મુજબ, તપાસ કરવામાં આવે તે પછી અથવા કલમ ૮૭ મુજબ તપાસણી કરવામાં આવે તે પછી, અથવા મંડળીના હિસાબોનું ઓડીટ કરનાર ઓડીટરના રીપોર્ટ ઉપરથી, અથવા

(બી) મંડળી આટોપી લેવાના હેતુ માટે બોલાવેલી ખાસ સામાન્ય સભામાં હાજર રહેલા મંડળીના ત્રણ ચતુર્થાંશ સભ્યોએ પસાર કરેલા ઠરાવ સાથે અરજી મળે એટલે, અથવા

(સી) (૧) જેણે કામકાજ શરૂ કર્યુ ન હોય, અથવા

(૨) જે મંડળી કામકાજ કરતી બંધ થઈ હોય, અથવા

(૩) જે મંડળી વધુમાં પાંચસો રૂપિયા સુધીના શેરો અથવા સભ્યોની થાપણો ધરાવતી હોય, અથવા

(૪) જે તે મંડળી આ અધિનિયમની અથવા ''નિયમો અથવા ઉપ-નિયમોની અથવા'' રજિસ્ટ્રેશન તથા વ્યવસ્થા અંગે કોઈ શરતોનું પાલન કરતી બંધ થઈ હોય, તે મંડળીની બાબતમાં રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે તેનો આટોપી લેવી જોઈએ, તો તે મંડળીને આટોપી લેવી તેવું ફરમાવતો વચગાળાનો હુકમ તે કરી શકશે.

(૫) પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડેલા કોઈ આદેશોનું અથવા કલમની પેટા કલમ (૨) હેઠળ ફેરફાર કર્યા પ્રમાણેના એવા આદેશોનું પાલન કર્યુ ન હોય.

(૨) પેટા-કલમ-(૧) ના ખંડ (એ) અથવા (સી) ના પેટા ખંડ (૪) માં દર્શાવવામાં આવેલ કારણે વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે તેની એક નકલ ઠરાવેલી રીતે મંડળીનો મોકલવી જોઈશે. તેમાં એવો હુકમ કાઢયાની તારીખથી એક મહિનાની અંદર રજીસ્ટ્રાર સમક્ષ પોતાનો ખુલાસો સાદર કરવાનું મંડળીને ફરમાવવું.

(૩) મંડળીને જે કંઈ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી રજીસ્ટ્રારે વચગાળાનો હુકમ રદ કરતો અથવા બહાલી આપતો આખરી હુકમ કરવો જોઈશે.

આમ ઉપરોકત પ્રસ્તાવનાની વિગતો જોતા મંડળી તેના નોંધણીના ઉદ્દેશોને બર લાવી શકે તેમ જણાતું નથી. વધુમાં વંચાણે લીધેલ ક્રમાંક-(૪) નાં અનુસંધાને અત્રેની કચેરીમાં તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજે ૧૨:૩૦ કલાકે અત્રેની કચેરીમાં રૂબરૂ હાજર રહી મંડળીને ચાલુ રાખવા મંડળીને ચાલુ રાખવા મંડળીને ચાલુ રાખવા મંડળી વતી કોઈપણ હોદેદાર કે પ્રતિનિધિ હાજર રહેલ નથી તથા મૌખિક કે લેખિત રજુઆત અત્રેને મળેલ નથી. આમ ઓડીટરશ્રી સદર સંસ્થાને ફડચામાં લઈ જવાની ભલામણને ગ્રાહ્ય રાખી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓને આધીન નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

**અંતિમ આદેશ**

આથી હુ શ્રી બી.કે.છત્રોલા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ લીધેલ ક્રમાંક-(૧) ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ની જોગવાઈઓને આધિન તથા આમુખના વંચાણે લીધેલ ક્રમાંક : (૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ખોડીયારમાં વૃક્ષ ઉછેર વ્યસ્થા સહકારી મંડળી લી. મુ.પો. કેળવણી તા. ધરમપુર જિ.વલસાડ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી નં.ઉ-૧૪૧૮૫ તા.૧૪/૧૦/૨૦૦૮ થી નોંધાયેલ વૃક્ષ ઉછર સહકારી મંડળી છે છે જેને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરું છું. અને સહકારી કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડની નિમણૂંક કરૂ છું. તથા આ અંગે સદર વચગાળાનો આદેશ સામે મંડળીને કંઈ વાંધો હોય તો આ આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવવામાં આવે છે.

વલસાડ તા.૧૯/૦૪/૨૦૨૬

-----------------

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૨) નામ.ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૨૧નું સત્તા સોપણીનું જાહેરનામું ક્રમાંક : GHKH-51-2005-NSB-12-2002-3011-CH

(૩) શ્રી પી.બી.પટેલ પ્રમાણિત અન્વેષક (ખા.નિ.ગ્રેડ-૧) પેનલ નં.-VAL-૧૪, વલસાડ, તા.૨૦/૦૧/૨૦૨૫ નો મંડળીને કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ તથા ઓડીટ રિપોર્ટ તા.૦૧/૦૪/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૨૪.

(૪) અત્રેની કચેરીના Letter No : DRCSVLS/0025/09/2025 Dt:03-10-2025 થી કારણદર્શક નોટીસ-૧.

**સહકારી કાયદાની કલમ-૧૦૭ ની જોગવાઈ મુજબનો અંતિમ આદેશ.**

**પ્રસ્તાવના**

File NO:-DRCSVLS/LIQ/e-file/1323/2025/ 0150.- જય યોગેશ્વર મત્સ્યદ્યોગ સહકારી મંડળી લી. મુ.પો.ધોધડકુવા તા.નાનાપોઢાં જિ.વલસાડ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી સે.૩૪૪૪૨ તા.૨૪/૦૫/૨૦૧૭ થી નોંધાયેલ મત્સ્યદ્યોગ સહકારી મંડળી છે.(જેનો હવે આ કામે ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.)

વંચાણે લીધા આમુખ-૩ના અહેવાલ મુજબ શ્રી પી.બી.પટેલ પ્રમાણિત અન્વેષક (ખા.નિ.ગ્રેડ-૧) પેનલ નં.-VAL-૧૪, વલસાડ, તા.૨૦/૦૧/૨૦૨૫ ના અહેવાલમાં જણાવેલ છે કે સદર મંડળીનું તા.૦૧/૦૪/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીનું ઓડીટ હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ ઓડીટરશ્રીઓ દરખાસ્ત સાથે તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીના તારીજ સરવૈયાની નકલ રજુ કરેલ છે. અને નીચે મુજબના કારણોસહ સદર મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે.

(૧) સંસ્થા છેલ્લા ઓડીટ નોંધની દુરસ્તી કરેલ નથી. કલમ-૮૫ નો ભંગ કરેલ છે.

(૨) મંડળીની વાર્ષિક સાધારણ સભાઓ સને ૨૦૧૮ થી મળેલ નથી. સહકારી કાયદાની કલમ-૭૭ વડે ભંગ થયેલ છે.

(૩) મંડળીની પેટાનિયમ મુજબ એકપણ વ્ય.કમિટિની બેઠક મળેલ નથી.

(૪) મંડળીએ નોંધણી બાદ સભાસદોના હિતમાં ઉદેશ મુજબની કોઈ કામગીરી કરેલ નથી.

(૫) મંડળીની વ્ય.કમિટિ અને સભાસદોને મંડળી ચાલુ રાખવામાં કોઈ રસ જણાતો નથી.

આમ ઉપરોકત વિગતો જોતા મંડળી તેના મંજુર થયેલ પેટા નિયમમાં દર્શાવેલ ઉદેશો મુજબની કામગીરી કરેલ નથી. મંડળીની સભાસદોને સદર મંડળી ચલાવવામાં રસ ન હોય, તથા મંડળીની વ્યવસ્થાપક કમિટી દ્વારા કાયદાકીય ફરજો બજાવવામાં સતત ગંભીર બેદરકારી રાખવામાં આવેલ હોય એવું ફલિત થાય છે. એવા સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળની જોગવાઈઓ કે જે નીચે મુજબ છે.

<u>વંચાણે લીધેલ ક્રમાંક (૧) ની કલમ-૧૦૭ મંડળી આટોપી લેવા બાબત</u>

(૧) પેટા કલમ-૧-સી (ક) માં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે : કલમ ૮૬ મુજબ, તપાસ કરવામાં આવે તે પછી અથવા કલમ ૮૭ મુજબ તપાસણી કરવામાં આવે તે પછી, અથવા મંડળીના હિસાબોનું ઓડીટ કરનાર ઓડીટરના રીપોર્ટ ઉપરથી, અથવા

(બી) મંડળી આટોપી લેવાના હેતુ માટે બોલાવેલી ખાસ સામાન્ય સભામાં હાજર રહેલા મંડળીના ત્રણ ચતુર્થાંશ સભ્યોએ પસાર કરેલા ઠરાવ સાથે અરજી મળે એટલે, અથવા

(સી) (૧) જેણે કામકાજ શરૂ કર્યુ ન હોય, અથવા

(૨) જે મંડળી કામકાજ કરતી બંધ થઈ હોય, અથવા

(૩) જે મંડળી વધુમાં પાંચસો રૂપિયા સુધીના શેરો અથવા સભ્યોની થાપણો ધરાવતી હોય, અથવા

(૪) જે તે મંડળી આ અધિનિયમની અથવા ''નિયમો અથવા ઉપ-નિયમોની અથવા'' રજિસ્ટ્રેશન તથા વ્યવસ્થા અંગે કોઈ શરતોનું પાલન કરતી બંધ થઈ હોય, તે મંડળીની બાબતમાં રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે તેનો આટોપી લેવી જોઈએ, તો તે મંડળીને આટોપી લેવી તેવું ફરમાવતો વચગાળાનો હુકમ તે કરી શકશે.

(૫) પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડેલા કોઈ આદેશોનું અથવા કલમની પેટા કલમ (૨) હેઠળ ફેરફાર કર્યા પ્રમાણેના એવા આદેશોનું પાલન કર્યુ ન હોય.

(૨) પેટા-કલમ-(૧) ના ખંડ (એ) અથવા (સી) ના પેટા ખંડ (૪) માં દર્શાવવામાં આવેલ કારણે વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે તેની એક નકલ ઠરાવેલી રીતે મંડળીનો મોકલવી જોઈશે. તેમાં એવો હુકમ કાઢયાની તારીખથી એક મહિનાની અંદર રજીસ્ટ્રાર સમક્ષ પોતાનો ખુલાસો સાદર કરવાનું મંડળીને ફરમાવવું.

(૩) મંડળીને જે કંઈ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી રજીસ્ટ્રારે વચગાળાનો હુકમ રદ કરતો અથવા બહાલી આપતો આખરી હુકમ કરવો જોઈશે.

આમ ઉપરોકત પ્રસ્તાવનાની વિગતો જોતા મંડળી તેના નોંધણીના ઉદ્દેશોને બર લાવી શકે તેમ જણાતું નથી. વધુમાં વંચાણે લીધેલ ક્રમાંક-(૪) નાં અનુસંધાને અત્રેની કચેરીમાં તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજે ૧૨:૩૦ કલાકે અત્રેની કચેરીમાં રૂબરૂ હાજર રહી મંડળીને ચાલુ રાખવા મંડળીને ચાલુ રાખવા મંડળીને ચાલુ રાખવા મંડળી વતી કોઈપણ હોદેદાર કે પ્રતિનિધિ હાજર રહેલ નથી તથા મૌખિક કે લેખિત રજુઆત અત્રેને મળેલ નથી. આમ ઓડીટરશ્રી સદર સંસ્થાને ફડચામાં લઈ જવાની ભલામણને ગ્રાહ્ય રાખી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓને આધીન નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

**અંતિમ આદેશ**

આથી હુ શ્રી બી.કે.છત્રોલા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ લીધેલ ક્રમાંક-(૧) ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ની જોગવાઈઓને આધિન તથા આમુખના વંચાણે લીધેલ ક્રમાંક : (૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ જય યોગેશ્વર મત્સ્યદ્યોગ સહકારી મંડળી લી. મુ.પો. યોગેશ્વર મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી. મુ.પો.ધોધડકુવા તા.નાનાપોઢાં જિ.વલસાડ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી નં.સે-૩૪૪૪૨ તા.૨૪/૦૫/૨૦૧૭ થી નોંધાયેલ મત્સ્યદ્યોગ સહકારી મંડળી છે. છે જેને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરું છું. અને સહકારી કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડની નિમણૂંક કરૂ છું. તથા આ અંગે સદર વચગાળાનો આદેશ સામે મંડળીને કંઈ વાંધો હોય તો આ આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવવામાં આવે છે.

વલસાડ તા.૧૯/૦૪/૨૦૨૬

-----------------

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૨) નામ.ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૨૧નું સત્તા સોપણીનું જાહેરનામું ક્રમાંક : GHKH-51-2005-NSB-12-2002-3011-CH

(૩) શ્રી ડી.એલ.ભંડારી પ્રમાણિત અન્વેષક (ખા.નિ.ગ્રેડ-૧) પેનલ નં.-VAL-253, વલસાડ, તા.01/02/૨૦૨૫ નો મંડળીને કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ તથા ઓડીટ રિપોર્ટ તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૩૧/૦૩/૨૦૨૪.

(૪) અત્રેની કચેરીના Letter No : DRCSVLS/0018/09/2025 Dt:03-10-2025 થી કારણદર્શક નોટીસ-૧.

**સહકારી કાયદાની કલમ-૧૦૭ ની જોગવાઈ મુજબનો અંતિમ આદેશ.**

**પ્રસ્તાવના**

File NO:-DRCSVLS/LIQ/e-file/1323/2025/0144.- શ્રી નારગોલ બંદર મત્સ્યદ્યોગ સહકારી મંડળી લી. મુ.પો.નારગોલ બંદર તા.ઉંમરગામ જિ.વલસાડ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી સે.૩૪૪૪૨ તા.૦૩/૧૧/૨૦૧૧ થી નોંધાયેલ મત્સ્ય ઉદ્યોગ મહિલા સેવા સહકારી મંડળી છે.(જેનો હવે આ કામે ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.)

(૧) મંડળીએ નોંધણી થાયા બાદ ઓડીટ કરાવેલ છે. પરંતુ, દુરસ્તી કરાવામાં આવેલ નથી. કલમ-૮૫ નો ભંગ કરેલ છે.

(૨) મંડળીએ છેલ્લા ૧૦ વર્ષોથી એક પણ વ્યવસ્થાપક કમિટિની મીટિંગ મેળવેલ નથી. મંડળીના સંચાલકોને મંડળીને ચાલુ રાખવામાં જરા પણ રસ નથી તથા મંડળીના કોઈ પણ ઠરાવ કરવામાં આવેલ છે.

(૩) મંડળીએ છેલ્લા ૧૦ વર્ષોથી એક પણ વાર્ષિક સાધારણ સભા મેળવેલ નથી તથા મંડળી ચાલુ રાખવા માટે કાર્યવાહી કરેલ નથી.

(૪) મંડળીએ નોંધણી બાદ સભાસદોના હિતમાં ઉદેશ મુજબની કોઈ કામગીરી કરેલ નથી. તથા મંડળીના સંચાલકોએ મંડળીને લઈ જવા ભલામણ કરેલ છે. જે ધ્યાને લેવા સદર મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ છે.

(૫) મંડળીએ છેલ્લા ૧૦ વર્ષોથી રોજમેળ પણ લખેલ નથી તથા મંડળીના કોઈપણ આર્થિક નાણાકીય બાબતેના કોઈપણ વ્યવહાર થયેલ નથી.

આમ ઉપરોકત વિગતો જોતા મંડળી તેના મંજુર થયેલ પેટા નિયમમાં દર્શાવેલ ઉદેશો મુજબની કામગીરી કરેલ નથી. મંડળીની સભાસદોને સદર મંડળી ચલાવવામાં રસ ન હોય, તથા મંડળીની વ્યવસ્થાપક કમિટી દ્વારા કાયદાકીય ફરજો બજાવવામાં સતત ગંભીર બેદરકારી રાખવામાં આવેલ હોય એવું ફલિત થાય છે. એવા સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળની જોગવાઈઓ કે જે નીચે મુજબ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ની કલમ-૧૦૭ મંડળી આટોપી લેવા બાબત

(૧) પેટા કલમ-૧-સી (ક) માં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે : કલમ ૮૬ મુજબ, તપાસ કરવામાં આવે તે પછી અથવા કલમ ૮૭ મુજબ તપાસણી કરવામાં આવે તે પછી, અથવા મંડળીના હિસાબોનું ઓડીટ કરનાર ઓડીટરના રીપોર્ટ ઉપરથી, અથવા

(બી) મંડળી આટોપી લેવાના હેતુ માટે બોલાવેલી ખાસ સામાન્ય સભામાં હાજર રહેલા મંડળીના ત્રણ ચતુર્થાંશ સભ્યોએ પસાર કરેલા ઠરાવ સાથે અરજી મળે એટલે, અથવા

(સી) (૧) જેણે કામકાજ શરૂ કર્યુ ન હોય, અથવા

(૨) જે મંડળી કામકાજ કરતી બંધ થઈ હોય, અથવા

(૩) જે મંડળી વધુમાં પાંચસો રૂપિયા સુધીના શેરો અથવા સભ્યોની થાપણો ધરાવતી હોય, અથવા

(૪) જે તે મંડળી આ અધિનિયમની અથવા ''નિયમો અથવા ઉપ-નિયમોની અથવા'' રજિસ્ટ્રેશન તથા વ્યવસ્થા અંગે કોઈ શરતોનું પાલન કરતી બંધ થઈ હોય, તે મંડળીની બાબતમાં રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે તેનો આટોપી લેવી જોઈએ, તો તે મંડળીને આટોપી લેવી તેવું ફરમાવતો વચગાળાનો હુકમ તે કરી શકશે.

આમ ઉપરોકત પ્રસ્તાવનાની વિગતો જોતા મંડળી તેના નોંધણીના ઉદ્દેશોને બર લાવી શકે તેમ જણાતું નથી. વધુમાં વંચાણે લીધેલ ક્રમાંક-(૪) નાં અનુસંધાને અત્રેની કચેરીમાં તા.૧૧/૧૧/૨૦૨૫ ના રોજે ૨:૦૦ કલાકે અત્રેની કચેરીમાં રૂબરૂ હાજર રહી મંડળીને ચાલુ રાખવા મંડળીને ચાલુ રાખવા મંડળીને ચાલુ રાખવા મંડળી વતી કોઈપણ હોદેદાર કે પ્રતિનિધિ હાજર રહેલ નથી તથા મૌખિક કે લેખિત રજુઆત અત્રેને મળેલ નથી. આમ ઓડીટરશ્રી સદર સંસ્થાને ફડચામાં લઈ જવાની ભલામણને ગ્રાહ્ય રાખી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓને આધીન નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

**અંતિમ આદેશ**

આથી હુ શ્રી બી.કે.છત્રોલા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ લીધેલ ક્રમાંક-(૧) ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ની જોગવાઈઓને આધિન તથા આમુખના વંચાણે લીધેલ ક્રમાંક : (૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નારગોલ બંદર મત્સ્યદ્યોગ સહકારી મંડળી લી. મુ.પો.નારગોલ બંદર તા.ઉંમરગામ જિ.વલસાડ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી નં.સે-૩૪૪૨૨ તા.૦૩/૧૧/૨૦૧૧ થી નોંધાયેલ મત્સ્યદ્યોગ સહકારી મંડળી છે. છે જેને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરું છું. અને સહકારી કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડની નિમણૂંક કરૂ છું. તથા આ અંગે સદર વચગાળાનો આદેશ સામે મંડળીને કંઈ વાંધો હોય તો આ આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવવામાં આવે છે.

વલસાડ તા.૧૯/૦૪/૨૦૨૬

----------------

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૨) નામ.ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૨૧નું સત્તા સોપણીનું જાહેરનામું ક્રમાંક : GHKH-51-2005-NSB-12-2002-3011-CH

(૩) શ્રીમતિ જે.એન.પટેલ પ્રમાણિત ઓડીટર (ગ્રેડ-૧) સ.મ. વલસાડ, તા.૧૩/૧૦/૨૦૨૫નો મંડળીને કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ તથા ઓડીટ રિપોર્ટ તા.૦૧/૦૪/૨૦૨૪ થી તા.૩૧/૦૩/૨૦૨૫.

(૪) અત્રેની કચેરીના Letter No : DRCSVLS/0013/11/2025 Dt:24-11-2025 થી કારણદર્શક નોટીસ-૧.

**સહકારી કાયદાની કલમ-૧૦૭ ની જોગવાઈ મુજબનો અંતિમ આદેશ.**

**પ્રસ્તાવના**

File NO:-DRCSVLS/LIQ/e-file/1323/2025/0174.- પ્રમુખ ખેતી પિયત સહકારી મંડળી લી. મુ.પો.સોઢલવાડા તા.પારડી જિ. વલસાડ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી નં ખે.૪૮૮૯ તા.૨૮/૦૧/૨૦૧૦ થી નોંધાયેલ પિયત સહકારી મંડળી છે. (જેનો હવે આ કામે ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.)

વંચાણે લીધેલ ક્રમાંક-૩ ના અહેવાલ મુજબ શ્રીમતિ જે.એન. પટેલ પ્રમાણિત ઓડીટર (ગ્રેડ-૧) સ.મ. વલસાડ, તા.૧૩/૧૦/૨૦૨૫ ના અહેવાલમાં જણાવેલ છે કે સદર મંડળીનું તા.૦૧/૦૪/૨૦૨૪ થી તા.૩૧/૦૩/૨૦૨૫ સુધીનું ઓડીટ હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ ઓડીટરશ્રીએ દરખાસ્ત સાથે તા.૩૧/૦૩/૨૦૨૫ના તારીજ સરવૈયાની નકલ રજુ કરેલ છે. અને નીચે મુજબના કારણોસહ સદર મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે.

(૧) મંડળીની નોંધણી બાદ તેના ઉદેશો મુજબ પ્રવૃતિ શરૂ કરેલ નથી.

(૨) મંડળીએ સહકારી કાયદાની કલમ ૭૭, ૮૫ નો ભંગ થયેલ છે.

(૩) મંડળીએ પેટાનિયમ મુજબ વ્ય.કમિટિની સભા મેળવેલ નથી. કે વાર્ષિક સભા મેળવેલ નથી.

(૪) મંડળીએ હોદેદારોને પ્રવૃતિ શરૂ કરવામાં રસ નથી જેથી સ્વૈચ્છિક બંધ કરવા ભલામણ કરેલ છે.

(૫) મંડળીના ઉદેશો, પેટાનિયમ, કાયદા-કાનૂનનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ છે.

<u>વંચાણે લીધેલ ક્રમાંક (૧) ની કલમ-૧૦૭ મંડળી આટોપી લેવા બાબત</u>

(૧) પેટા કલમ-૧-સી (ક) માં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે : કલમ ૮૬ મુજબ, તપાસ કરવામાં આવે તે પછી અથવા કલમ ૮૭ મુજબ તપાસણી કરવામાં આવે તે પછી, અથવા મંડળીના હિસાબોનું ઓડીટ કરનાર ઓડીટરના રીપોર્ટ ઉપરથી, અથવા

(બી) મંડળી આટોપી લેવાના હેતુ માટે બોલાવેલી ખાસ સામાન્ય સભામાં હાજર રહેલા મંડળીના ત્રણ ચતુર્થાંશ સભ્યોએ પસાર કરેલા ઠરાવ સાથે અરજી મળે એટલે, અથવા

(સી) (૧) જેણે કામકાજ શરૂ કર્યુ ન હોય, અથવા

(૨) જે મંડળી કામકાજ કરતી બંધ થઈ હોય, અથવા

(૩) જે મંડળી વધુમાં પાંચસો રૂપિયા સુધીના શેરો અથવા સભ્યોની થાપણો ધરાવતી હોય, અથવા

(૪) જે તે મંડળી આ અધિનિયમની અથવા ''નિયમો અથવા ઉપ-નિયમોની અથવા'' રજિસ્ટ્રેશન તથા વ્યવસ્થા અંગે કોઈ શરતોનું પાલન કરતી બંધ થઈ હોય, તે મંડળીની બાબતમાં રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે તેનો આટોપી લેવી જોઈએ, તો તે મંડળીને આટોપી લેવી તેવું ફરમાવતો વચગાળાનો હુકમ તે કરી શકશે.

(૫) પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડેલા કોઈ આદેશોનું અથવા કલમની પેટા કલમ (૨) હેઠળ ફેરફાર કર્યા પ્રમાણેના એવા આદેશોનું પાલન કર્યુ ન હોય.

(૨) પેટા-કલમ-(૧) ના ખંડ (એ) અથવા (સી) ના પેટા ખંડ (૪) માં દર્શાવવામાં આવેલ કારણે વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે તેની એક નકલ ઠરાવેલી રીતે મંડળીનો મોકલવી જોઈશે. તેમાં એવો હુકમ કાઢયાની તારીખથી એક મહિનાની અંદર રજીસ્ટ્રાર સમક્ષ પોતાનો ખુલાસો સાદર કરવાનું મંડળીને ફરમાવવું.

(૩) મંડળીને જે કંઈ કહેવું હોય તે કહેવાની તક આપ્યા પછી રજીસ્ટ્રારે વચગાળાનો હુકમ રદ કરતો અથવા બહાલી આપતો આખરી હુકમ કરવો જોઈશે.

આમ ઉપરોકત પ્રસ્તાવનાની વિગતો જોતા મંડળી તેના નોંધણીના ઉદ્દેશોને બર લાવી શકે તેમ જણાતું નથી. વધુમાં વંચાણે લીધેલ ક્રમાંક-(૪) નાં અનુસંધાને અત્રેની કચેરીમાં તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજે ૦૧:૦૦ કલાકે અત્રેની કચેરીમાં રૂબરૂ હાજર રહી મંડળીને ચાલુ રાખવા મંડળીને ચાલુ રાખવા મંડળીને ચાલુ રાખવા મંડળી વતી કોઈપણ હોદેદાર કે પ્રતિનિધિ હાજર રહેલ નથી તથા મૌખિક કે લેખિત રજુઆત અત્રેને મળેલ નથી. આમ ઓડીટરશ્રી સદર સંસ્થાને ફડચામાં લઈ જવાની ભલામણને ગ્રાહ્ય રાખી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓને આધીન નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

**અંતિમ આદેશ**

આથી હુ શ્રી બી.કે.છત્રોલા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ લીધેલ ક્રમાંક-(૧) ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ની જોગવાઈઓને આધિન તથા આમુખના વંચાણે લીધેલ ક્રમાંક : (૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ પ્રમુખ ખેતી પિયત સહકારી મંડળી લી. મુ.પો.સોઢલવાડા તા.પારડી જિ.વલસાડ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી નં.ખે-૪૮૮૯ તા.૨૮/૦૧/૨૦૧૦ થી નોંધાયેલ વૃક્ષ ઉછર સહકારી મંડળી છે છે જેને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરું છું. અને સહકારી કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ

વલસાડની નિમણૂંક કરૂ છું. તથા આ અંગે સદર વચગાળાનો આદેશ સામે મંડળીને કંઈ વાંધો હોય તો આ આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવવામાં આવે છે.

વલસાડ તા.૧૯/૦૪/૨૦૨૬

-----------------

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૨) નામ.ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૧નું સત્તા સોપણીનું જાહેરનામું ક્રમાંક : GHKH-51-2005-NSB-12-2002-3011-CH

(૩) **શ્રી એચ.બી.ટંડેલ પ્રમાણિત અનવેષક પેનલ નં.૨૫૧-** VAL-૬ વલસાડ, તા.૧૧/૦૧/૨૦૨૫નો મંડળીને કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવાનો ખાસ અહેવાલ તથા ઓડીટ રિપોર્ટ તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૩૧/૦૩/૨૦૨૪.

(૪) અત્રેની કચેરીના Letter No : DRCSVLS/0019/10/2025 Dt:03-10-2025 થી કારણદર્શક નોટીસ-૧,

**સહકારી કાયદાની કલમ-૧૦૭ ની જોગવાઈ મુજબનો અંતિમ આદેશ.**

**પ્રસ્તાવના**

File NO:-DRCSVLS/LIQ/e-file/1323/2025/0145.- મોટાપોંઢા વિભાગ વૃક્ષ ઉત્પાદક **સહકારી** મંડળી લી. બાલચોંઢી મુ. પો.બાલચોંઢી તા.કપરાડા, જિ.વલસાડ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી નં સે-૨૧૬૬૧ તા.૦૫/૧૦/૧૯૮૭ થી નોંધાયેલ વૃક્ષ ઉત્પાદક **સહકારી** મંડળી છે. (જેનો હવે આ કામે ''મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.)

વંચાણે લીધેલ ક્રમાંક-૩ ના અહેવાલ મુજબ **એચ.બી.ટંડેલ પ્રમાણિત અનવેષક પેનલ નં.૨૫૧-** VAL-૬ વલસાડ, તા.૧૧/૦૧/૨૦૨૫ ના અહેવાલમાં જણાવેલ છે કે સદર મંડળીનું તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીનું ઓડીટ હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ ઓડીટરશ્રીએ દરખાસ્ત સાથે તા.૩૧/૦૩/૨૦૨૪ના તારીજ સરવૈયાની નકલ રજુ કરેલ છે. અને નીચે મુજબના કારણોસહ સદર મંડળીને ફડચામાં લઈ જવા ભલામણ કરેલ છે.

(૧) મંડળીની ઘણા વર્ષોથી સ્થગિત નથી.

(૨) મંડળીએ પ્રવૃતિ ચલાવવામાં સભાસદોને રસ નથી.

(૩) મંડળીની વ્ય.સમિતીને પણ મંડળીની પ્રવૃતિમાં રસ નથી.

(૪) મંડળીને ફડચામાં લઈ જવા માટે મંડળીની પ્રમુખ તથા વ્ય. સમિતિના સભ્યની સંમતિ સામેલ છે.

આમ ઉપરોકત વિગતો જોતા મંડળી તેના **મંજુર** થયેલ પેટા નિયમમાં દર્શાવેલ ઉદેશો મુજબની કામગીરી કરેલ નથી. મંડળીની સભાસદોને સદર મંડળી ચલાવવામાં રસ ન હોય, તથા મંડળીની વ્યવસ્થાપક કમિટી દ્વારા કાયદાકીય ફરજો બજાવવામાં સતત ગંભીર બેદરકારી રાખવામાં આવેલ હોય એવું ફલિત થાય છે. એવા સંજોગોમાં સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળની જોગવાઈઓ કે જે નીચે મુજબ છે.

<u>વંચાણે લીધેલ ક્રમાંક (૧) ની કલમ-૧૦૭ મંડળી આટોપી લેવા બાબત</u>

(૧) પેટા કલમ-૧-સી (ક) માં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે : કલમ ૮૬ મુજબ, તપાસ કરવામાં આવે તે પછી અથવા કલમ ૮૭ મુજબ તપાસણી કરવામાં આવે તે પછી, અથવા મંડળીના હિસાબોનું ઓડીટ કરનાર ઓડીટરના રીપોર્ટ ઉપરથી, અથવા

(બી) મંડળી આટોપી લેવાના હેતુ માટે બોલાવેલી ખાસ સામાન્ય સભામાં હાજર રહેલા મંડળીના ત્રણ ચતુર્થાંશ સભ્યોએ પસાર કરેલા ઠરાવ સાથે અરજી મળે એટલે, અથવા

(સી) (૧) જેણે કામકાજ શરૂ કર્યુ ન હોય, અથવા

(૨) જે મંડળી કામકાજ કરતી બંધ થઈ હોય, અથવા

(૩) જે મંડળી વધુમાં પાંચસો રૂપિયા સુધીના શેરો અથવા સભ્યોની થાપણો ધરાવતી હોય, અથવા

(૪) જે તે મંડળી આ અધિનિયમની અથવા ''નિયમો અથવા ઉપ-નિયમોની અથવા'' રજિસ્ટ્રેશન તથા વ્યવસ્થા અંગે કોઈ શરતોનું પાલન કરતી બંધ થઈ હોય, તે મંડળીની બાબતમાં રજીસ્ટ્રારનો અભિપ્રાય થાય કે તેનો આટોપી લેવી જોઈએ, તો તે મંડળીને આટોપી લેવી તેવું ફરમાવતો વચગાળાનો હુકમ તે કરી શકશે.

(૫) પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડેલા કોઈ આદેશોનું અથવા કલમની પેટા કલમ (૨) હેઠળ ફેરફાર કર્યા પ્રમાણેના એવા આદેશોનું પાલન કર્યુ ન હોય.

(૨) પેટા-કલમ-(૧) ના ખંડ (એ) અથવા (સી) ના પેટા ખંડ (૪) માં દર્શાવવામાં આવેલ કારણે વચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે તેની એક નકલ ઠરાવેલી રીતે મંડળીનો મોકલવી જોઈએ.

આમ ઉપરોકત પ્રસ્તાવનાની વિગતો જોતા મંડળી તેના નોંધણીના ઉદ્દેશોને બર લાવી શકે તેમ જણાતું નથી. વધુમાં વંચાણે લીધેલ ક્રમાંક-(૪) નાં અનુસંધાને અત્રેની કચેરીમાં તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજે ૦૧:૦૦ કલાકે અત્રેની કચેરીમાં રૂબરૂ હાજર રહી મંડળીને ચાલુ રાખવા મંડળીને ચાલુ રાખવા મંડળીને ચાલુ રાખવા મંડળી વતી કોઈપણ હોદેદાર કે પ્રતિનિધિ હાજર રહેલ નથી તથા મૌખિક કે લેખિત રજુઆત અત્રેને મળેલ નથી. આમ ઓડીટરશ્રી સદર સંસ્થાને ફડચામાં લઈ જવાની ભલામણને ગ્રાહ્ય રાખી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની જોગવાઈઓને આધીન નીચે મુજબનો હુકમ કરવો મુનાસીબ જણાય છે.

**અંતિમ આદેશ**

આથી હુ શ્રી બી.કે.છત્રોલા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વલસાડ લીધેલ ક્રમાંક-(૧) ની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ની જોગવાઈઓને આધિન તથા આમુખના વંચાણે લીધેલ ક્રમાંક : (૨) અન્વયે મને મળેલ સત્તાની રૂએ મોટાપોંઢા વિભાગ વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી લી. બાલચોંઢી મુ. પો.બાલચોંડી તા.કપરાડા, જિ.વલસાડ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી નં.સે-૨૧૬૬૧ તા.૦૫/૧૦/૧૯૮૭ થી નોંધાયેલ વૃક્ષ ઉત્પાદક સહકારી મંડળી છે. છે જેને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરું છું. અને સહકારી કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ વલસાડની નિમણૂંક કરૂ છું. તથા આ અંગે સદર વચગાળાનો આદેશ સામે મંડળીને કંઈ વાંધો હોય તો આ આદેશની તારીખથી એક માસમાં અત્રેની કચેરીએ લેખિત/મૌખિક રજુઆત કરવા જણાવવામાં આવે છે.

વલસાડ તા.૧૯/૦૪/૨૦૨૬

**બી.કે.છત્રોલા**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, વલસાડ

-----------------



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.07.30 17:39:59 IST